
# અધ્યાત્મને પંથે



પરમાત્મપદ પ્રાપ્તિ
સામ્યભાવ
નિયમિત આત્મચિંતન
વિશાળદૃષ્ટિ
સદ્‌વિચાર
સરળતા
સંતોષ-
નિઃસ્વાર્થભાવ
સ્વચ્છંદ નિરોધ
ગુણગ્રાહકતા
વિનય-
ભકિતભાવ
શ્રધ્ધા
સત્સંગ-આરાધના
સદ્‌વાંચન

ૐ

# અધ્યાત્મને પંથે

આદ્ય લેખક

**શ્રીમદ્ રાજચન્દ્ર**

વિશેષાર્થ લેખક

ડૉ. મુકુન્દ સોનેજી

પ્રકાશક

શ્રી સત્શ્રુત-સેવા-સાધના-કેન્દ્ર

પ્રમુખ : ચંદુલાલ છોટાલાલ મહેતા

પુષ્પવીલા, મીઠાખળી, અમદાવાદ. ૩૮૦૦૦૬

| શ્રી વીર સંવત | વિક્રમ સંવત | સને | પ્રથમ આવૃત્તિ |
|---|---|---|---|
| ૨૫૦૬ | ૨૦૩૬ વૈશાખ સુદ ૧૦ | ૧૯૮૦ | પ્રત ૫૦૦૦ |

મૂલ્ય : રૂા. ૭-૦૦ પ્લાસ્ટીક કવર

## પ્રાપ્તિ સ્થાન

### મુંબઈ

**શ્રીમદ્ રાજચંદ્ર સનાતન જૈન સ્વાધ્યાય મંદિર**
તેજછાયા ટેરેસ, ૬ મામલતદાર વાડી,
મલાડ (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૬૪
ટે. નં. ૬૯૩૫૧૩ (મૂળચંદભાઈ)

**એચ. એમ. ટ્રેડીંગ કાું. ટે. નં. ૩૩૮૫૦૮**
૨૧૦ સુજાતા ચેમ્બર્સ, ૧/૩ અભેચંદ ગાંધી-
માર્ગ, નરસી નાથા સ્ટ્રીટ સામે,
મુંબઈ- ૪૦૦૦૦૯

**છોટાલાલ એન. ભીમાણી ટે. નં. ૩૮૯૦૧૩**
૯, શંકર પ્રકાશ, ૭, રાજાવાડી રોડ
ઘાટકોપર (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૭૭

### કલકત્તા

**શ્રી ડોલરભાઈ હેમાણી ટે. નં. O-૨૬૬૨૮૦**
**R૪૭-૨૬૯૭**
C/o જમનાદાસ એન્ડ બ્રધર્સ પ્રા. લી.
૧, ઓનફીલ્ડ લેઇન, કલકત્તા-૭૦૦૦૦૧

**શ્રી નાનુભાઈ આર. વોરા ટે.નં. ૪૪૦૦૩૭**
૧૨-B, વુડબર્ન કોર્ટ,
૧૦A, એલ્જીન રોડ, કલકત્તા ૭૦૦૦૨૦

### જમશેદપુર

**શ્રી મનહરલાલ દયાળજી મેઘાણી**
C/o મેસર્સ ડી. એમ. મેઘાણી
૨૧, મેઇન રોડ, પો. ઓ. ૧૦૫
જમશેદપુર ટે. નં. O ૪૫૫૩, R ૫૬૩૦

### મદ્રાસ

**શ્રી નવનીતલાલ પી. શાહ, ટે. નં. ૮૧૧૧૮૫**
C/o એ. કે. ઇન્ડસ્ટ્રીઝ,
૨૦/૨૧, કાસા મેજર રોડ,
મદ્રાસ-૬૦૦૦૦૮

### રાજકોટ

**શ્રી જયંતીલાલ એન. ભીમાણી**
C/o પ્રકાશ જ્વેલર્સ
નવાનાકા રોડ, રાજકોટ : ટે. નં. ૨૪૧૭૫

### મોરબી

**શ્રી ફુલચંદભાઈ ગાંધી**
ફેવરીટ સાયકલ સ્ટોર્સ, સરદાર રોડ,
મોરબી : ટે. નં. ૨૧૧૦

### સુરેન્દ્રનગર

**શ્રી ચંદુલાલ શાહ**
જયંત મેડીકલ સ્ટોર્સ, ટાંકી ચોક,
સુરેન્દ્રનગર : ટે. નં. ૪૫૩


### અમદાવાદ

**શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર**
પંચભાઈની પોળ, ઘીકાંટા રોડ
અમદાવાદ ૩૮૦૦૦૧

**શ્રી હરિલાલ મોહનલાલ શાહ**
C/o ગુજરાત ટ્યૂબ એન્ડ સૅનિટરી સ્ટોર્સ,
ખાડિયા ચાર રસ્તા,
**અમદાવાદ-૩૮૦૦૦૧**
**ટે. નં. ૩૮૯૫૯૬, ૩૮૩૪૪૫**

---

મુદ્રક : ભગવતી મુદ્રણાલય ૧૯, અજય ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, દુધેશ્વર રોડ, અમદાવાદ.



શ્રીમદ્ રાજચંદ્ર પરમકૃપાળુ દેવ

જન્મ
વિ. સં. ૧૯૨૪ કાર્તિક પૂર્ણિમા
વવાણીયા.

॥ સહજાત્મસ્વરૂપ પરમગુરુ ॥

નિર્વાણ
વિ. સં. ૧૯૫૭ ચૈત્ર વદી ૫
રાજકોટ.

## સ.....મ.....ર્પ.....ણ.....



....'મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ બેની ઘટે છે; એક આત્મજ્ઞાનીની અને એક આત્મજ્ઞાનીના આશ્રયવાનની, એમ શ્રી જિને કહ્યું છે.'

આ ઉપરોક્ત શાસ્ત્રવચન અનુસાર સરળ, સહજ અને સુખદ છતાં દીર્ઘ, વિકટ અને પુરુષાર્થસાધ્ય એવા મોક્ષમાર્ગમાં પ્રવૃત્તમાન મહાજ્ઞાની પુરુષોને અને તેમના બતાવેલા માર્ગે ચાલી રહેલાં તેમના આશ્રયવાન સર્વ મુમુક્ષુઓને આ ગ્રંથ સાદર સમર્પણ કરુ છું. ૐ

— વિશેષાર્થ લેખક

# પ્રકાશકીય

**સંસ્થાનો ટૂંકો પરિચય :**

વિ. સંવત ૨૦૩૧માં સ્થપાયેલી આ સંસ્થા આ વર્ષે પાંચ વર્ષ પૂરા કરે છે. સંસ્થાની સ્થાપના પાછળના અનેક આશયોમાંનો એક મુખ્ય આશય સત્શ્રુત પ્રકાશનનો છે. તે આશય ઘણે અંશે પાર પડી રહ્યો છે. વળી શ્રુતના પ્રસારણ અર્થે 'દિવ્યધ્વનિ' માસિક દર મહિને નિયમિત બહાર પાડવામાં આવી રહ્યું છે. આ જ આશયને અનુલક્ષીને સંસ્થા એક સુંદર ગ્રંથાલય પણ ચલાવી રહી છે. અત્યારસુધીમાં સંસ્થાએ સાત સુંદર આધ્યાત્મિક પ્રકાશનો પ્રગટ કર્યા છે.

આ વર્ષે ડૉ. સોનેજી લિખિત–શ્રીમદ્દ રાજચંદ્ર ગ્રંથના ચાર પત્રોનું વિવેચન– "અધ્યાત્મને પંથે" નામનું પુસ્તક બહાર પાડવામાં આવી રહ્યું છે. આ રીતે દર વર્ષે ઓછામાં ઓછુ એક પુસ્તક આપવાનો ક્રમ સંસ્થાએ જાળવી રાખ્યો છે, અને તેના અનુસંધાનમાં આ આઠમું આધ્યાત્મિક પ્રકાશન મુમુક્ષુઓની સેવામાં રજુ કરતાં સાત્વિક આનંદનો અનુભવ કરીએ છીએ.

**આ પુસ્તક અંગે :**

સજ્જન પુરુષોની એવી રીતિ રહી છે કે જે પુરુષોનો પોતાના ઉપર ઉપકાર હોય તેને જીવનપર્યંત વારંવાર યાદ કરવો અને શકય હોય તો તેને જગત સમક્ષ પણ રજુ કરવો. પોતાના જીવનને જે વચનામૃતના પાનથી વિશિષ્ટ પ્રેરણા મળી, જે વડે જીવનમાં સાચી આધ્યાત્મિકતા ઉતારવા માટે અનેક અનુભવસિદ્ધ પ્રયોગોનો બોધ પ્રાપ્ત થયો તેવા મહાજ્ઞાની પુરુષના વચનામૃતની સમજણ ઘણાં જીવોને થાય અને વીતરાગ ભગવાનની વાણીનો સત્ય આશય જીવોને સમજાય તેવી વિચારણા આ પુસ્તકના પ્રકાશન પાછળ રહેલી છે.

જે વચનામૃતોનું વિવેચન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે તેના મૂળ કર્ત્તા પુરુષ શ્રીમદ્દ રાજચંદ્રજીનું જીવન એક વિશિષ્ટ અધ્યાત્મદષ્ટિમય હતું. તેમનું મોટાભાગનું જીવન આત્માની જ કથા-વાર્તા-ચિંતન-મનન-અનુશીલનમાં પસાર થયેલું જોવામાં આવે છે. ભારતના મહામના પુરુષ મહાત્મા ગાંધીજીના "આધ્યાત્મિક માર્ગદર્શક" તરીકેનું બીરુદ તેમને સાંપડયું હતું. તેવા પુરુષના વચનામૃતોનું પાન કરવાથી જીવોને "અધ્યાત્મનો પંથ" લાધે તેમાં નવાઈ શી ?

વચનામૃતોમાં રહેલી ગૂઢ વાતોને લેખકે એવી સહેલાઈથી આ પુસ્તકમાં રજૂ કરી છે કે વાંચ્યા પછી જ તેનું યથાયોગ્ય મૂલ્યાંકન થઈ શકે, એટલે કોઇ પણ ભવ્ય જીવને આ પુસ્તકનું મધ્યસ્થ દૃષ્ટિથી વાંચન કરી તેનું મૂલ્યાંકન કરવા અમારું ભાવભર્યું આમંત્રણ છે. તેની અંદર અભ્યાસીને જોઇતી સર્વ સામગ્રી જેવી કે મનુષ્યભવની સાર્થકતા, મુમુક્ષુતા, પાત્રતા, સ્વચ્છંદ-નિરોધ, પ્રયોજનભૂત તત્ત્વોનું પરિજ્ઞાન, ભેદજ્ઞાનનો અભ્યાસ, કર્ત્તા–કર્મ અને નિમિત્ત–નૈમિત્તિક સબંધો, સત્પુરુષાર્થનું સ્વરૂપ, પરમવિનય ગુણની આરાધના, મુનિનું સ્વરૂપ, પ્રમાદનું સ્વરૂપ, અસંગપદની આરાધના વગેરે અનેક ઉપયોગી મુદ્દાઓના ખુલાસા જાણવા મળશે. આદ્યલેખકશ્રીના સૈદ્ધાંતિક વક્તવ્યોને પુષ્ટ કરનારા અનેક શાસ્ત્રપ્રમાણો અત્રે અવતરિત કર્યા છે જેથી વિવિધતાની સાથે સાથે પદાર્થનો નિર્ણય કરવામાં સરળતા પડશે, વાંચન રસમય બનશે અને દૃષ્ટિની બહોળતા થશે.

વિશેષાર્થના લેખક અંગે :

લેખકનું જીવન જ એવું છે કે છેલ્લા પચીસેક વર્ષથી તેઓશ્રી અધ્યાત્મનું ભાથુ બાંધી રહ્યા છે. સાધનાની બાબતમાં જીવનના એક પછી એક સોપાનને અનુસરીને સ્વ-પર-કલ્યાણમાં રત છે. જેમની વાણી અનુભવસંયુક્ત છે એટલે આ પુસ્તકનો આસ્વાદ લેનારને બેવડો લાભ થવાનો સંભવ છે. એક અધ્યાત્મયુગપ્રવર્તક મહાજ્ઞાનીના વચનોની સમજણ એક અનુભવી સંત આપે ત્યારે સોનામાં સુગંધ ભળે તેવો ઘાટ બને છે. અમને ખાત્રી છે કે આ પુસ્તક પણ તેવો જ ઘાટ ઉપસાવશે.

આભાર :

આ પુસ્તકનું વિમોચન શ્રી વવાણિયા મહાતીર્થની શિબિર પ્રસંગે કરી શકાય અને તેની રાહ જોઈ રહેલા અનેક મુમુક્ષુઓના હાથમાં તે સમયસર પહોંચી શકે તે માટે, પોતાની અસ્વસ્થ શરીરપ્રકૃતિ હોવા છતાં જેમણે અથાગ પ્રેમપરિશ્રમ લીધો છે તેવા અમારા સહકાર્યકર્તા શ્રુતવત્સલ ભાઈશ્રી જયંતીભાઈ પોપટલાલ શાહનો અમે જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

શ્રીમદ્ રાજચન્દ્ર નિજાભ્યાસ મંડપ તથા વિહાર ભુવન ટ્રસ્ટના પ્રમુખ, આદરણીય મુરબ્બી શ્રી. પોપટલાલભાઇના જીવનમાંથી તેઓશ્રીએ અનેક ગુણો સંપાદન કર્યાં છે અને એક વિશિષ્ટ સુપુત્ર તરીકે પિતાનો સાચો વારસો મેળવ્યો છે જે બદલ બન્ને (પિતા–પુત્ર) અભિનંદનને પાત્ર છે. સત્શ્રુત-પ્રકાશન અને અભ્યાસ એ તેમના જીવનનું એક સૌથી મહત્ત્વનું અંગ છે અને 'દિવ્યધ્વનિ'ના માનદ્ સંપાદનનું કામ કરવા ઉપરાંત તેઓએ 'જિનેશ્વરમહિમા'નું સંકલન પણ કર્યું છે. 'પત્રસુધા', 'સદ્ગુરુમહિમા', 'તત્ત્વધારા', વગેરે ગ્રંથોમાં પણ તેઓશ્રીએ પ્રેમપૂર્ણ પરિશ્રમ કર્યો છે.

આ પુસ્તકના સંપાદનાદિનું તો લગભગ બધું જ શ્રેય તેઓને ફાળે જાય છે, એ વાતનો સ્વીકાર કરતાં અમે સૌ ટ્રસ્ટીઓ સાત્ત્વિક ગુણપ્રમોદ અને ઋણસ્વીકારની ભાવનાનો અનુભવ કરીએ છીએ.

રાત-દિવસ પોતાના પ્રેસનું કામ ચાલુ રાખીને સુંદર, સુઘડ અને વ્યવસ્થિત મુદ્રણ કરી આપવા બદલ ભગવતી મુદ્રણાલયના માલિક શ્રી ભીખુભાઈનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ કાર્યને સફળ બનાવવા માટે જે જે મહાનુભાવ દાતાઓએ, પુસ્તક પ્રકાશન પામે તે પહેલા જ આર્થિક સહયોગ આપ્યો છે તે સૌ અવશ્ય ધન્યવાદને પાત્ર છે અને તેઓની શુભ નામાવલિ આ પુસ્તકમાં અન્યત્ર સાભાર પ્રગટ કરવામાં આવી છે.

છેલ્લે, આ પુસ્તકના આસ્વાદથી કોઈ પણ વ્યક્તિનું "અધ્યાત્મને પંથે" વિચરણ થશે તો આ પુસ્તકના પ્રકાશનને અમે સાર્થક માનીશું.

લી.
સત્શ્રુત સેવા સાધના કેન્દ્ર વતી
મંત્રીઓ
**હરિલાલ મોહનલાલ શાહ**
**રતિલાલ લાલભાઈ શાહ**
**ભોગીલાલ શીવલાલ શાહ**

## આભાર–દર્શન

આ ગ્રંથ પ્રગટ થાય છે તેમાં અનેક મિત્રોનો અનેક રીતે સહકાર સાંપડ્યો છે. તેમાં પણ નીચે જણાવેલા સજ્જનોનો વિશેષ સહકાર પ્રાપ્ત થયો છે; જેમના તથારૂપ યોગદાન અને પ્રેમપરિશ્રમ વિના આ ગ્રંથ વાચકવર્ગ સુધી પહોંચી શકત નહીં. આ કારણથી આ સૌ મહાનુભાવોનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

(૧) આત્માર્થી શ્રુતાભ્યાસી શ્રીયુત્ જયંતીભાઈ પોપટલાલ શાહ.

(૨) શ્રીયુત્ રમણિકલાલ ઉમેદચંદ શેઠ.

(૩) આત્માર્થી ભાઈ શ્રીયુત્ રતિલાલ લાલભાઈ શાહ.

(૪) શિષ્ટસાહિત્યપ્રેમી પ્રોફેસર શ્રીયુત્ અનિલ સોનેજી.

(૫) શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર, અમદાવાદના મુમુક્ષુ ભાઈ–બહેનો.

(૬) મારા કુટુંબના સભ્યો.

— વિશેષાર્થ લેખક

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|
| સમર્પણ ... ... ... ... | ૩ |
| પ્રકાશકીય ... ... ... ... | ૪ |
| આભાર-દર્શન ... ... ... ... | ૭ |
| જ્ઞાનીની વાણીનું માહાત્મ્ય ... ... ... | ૧૦ |
| પ્રાક્-કથન ... ... ... ... | ૧૩ |
| દાતાઓની યાદી ... ... ... ... | ૧૬ |
| સંસ્થાના પ્રકાશનો તથા શુદ્ધિપત્રક ... ... ... | ૧૮ |

**પત્રાંક ૨૫૪**

| | | |
|---|---|---|
| ૧ | જીવના દોષોનું વર્ણન | ૪ |
| ૨ | કુળાચાર તે પરમાર્થ ધર્મ નથી | ૬ |
| ૪ | મુમુક્ષુતાનું સ્વરૂપ | ૭ |
| ૪ | સ્વચ્છંદનિરોધ અને બોધબીજની ભૂમિકા | ૯ |
| ૫ | આ લોકની સુખેચ્છાથી આત્મજ્ઞાનપ્રાપ્તિમાં અવરોધ | ૧૦ |
| ૬ | પરમવિનયની ઓછાઈથી આત્મજ્ઞાનપ્રાપ્તિમાં અવરોધ | ૧૧-૧૩ |
| ૭ | શંકાદિ દોષોને લીધે આત્મજ્ઞાનપ્રાપ્તિમાં અવરોધ | ૧૪-૧૫ |
| ૮ | પ્રેમાર્પણપૂર્વક મહાત્માની ઓળખાણથી આત્માની ઓળખાણ અને આત્મ-જ્ઞાનપ્રાપ્તિનું ફળ | ૧૭ થી ૧૯ |
| ૯ | મુમુક્ષુઓને પરસ્પર ધર્મવાર્તા શ્રેયસ્કર છે | ૨૦ |
| ૧૦ | સતત વસ્તુવિચારની આવશ્યકતા | ૨૧ |

**પત્રાંક ૪૯૩ (છ પદનો પત્ર)**

| | | |
|---|---|---|
| ૧ | છ પદના પત્રનો ટૂંકસાર | ૨૨ |
| ૨ | આત્મા છે, નિત્ય છે, કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે, એવા છ પદનું વિવરણ | ૨૩ થી ૩૩ |
| ૩ | આત્મદર્શન થવાથી અહંભાવનો નાશ અને અપરોક્ષ અનુભવની પ્રાપ્તિ | ૩૪-૩૫ |
| ૪ | સત્પુરુષોની ભક્તિ | ૩૬-૩૭ |
| ૫ | સદ્‌ગુરુની સાચી ભક્તિ અને તેનું ફળ આત્મબોધ | ૩૮-૩૯ |
| ૬ | ઉપસંહાર | ૪૦-૪૧ |

## પત્રાંક પરપ


૧ આત્મભાવ અને અન્યભાવનું સ્વરૂપ, ત્રણ પ્રકારના ઉપયોગનું શાસ્ત્રના આધારે વિવરણ ૪૪-૪૫
૨ જ્ઞાનીનો અકર્તૃત્વભાવ અને તેને અંતર્મુખ દૃષ્ટિની પ્રાપ્તિ ૪૬
૩ જ્ઞાનીને જ્ઞાન-વૈરાગ્યની શક્તિ ૪૭-૪૮
૪ જ્ઞાનીને પણ પરભાવના પ્રસંગોથી પાછા હઠવાની શ્રીજિનની આજ્ઞા ૪૯
૫ 'જ્ઞાની અને પ્રમાદ'નું વિવરણ ૫૦-૫૧
૫ જ્ઞાનીને પણ ત્યાગની પ્રેરણા ૫૩-૫૪
૭ શારીરિક પ્રતિકૂળતાઓ અને વેદનાઓને સમભાવથી સહન કરો ૫૫
૮ જ્ઞાની-મુનિને પણ અસંગપદની સિદ્ધિ માટે સત્સંગ કરવાની પ્રેરણા અને તે માટે વિવિધ શાસ્ત્રોની આજ્ઞાઓ ૫૬-૫૭


## પત્રાંક ૫૬૯


૧ સત્પુરુષોને નમસ્કાર ૫૯
૨ સર્વ દુઃખના નાશનો ઉપાય એકમાત્ર આત્મજ્ઞાન ૬૦
અસત્સંગ-અસત્પ્રસંગનું સ્વરૂપ ૬૧
૩ અસત્સંગપ્રસંગોનો તથા આરંભ-પરિગ્રહનો સંક્ષેપ અને તેના ફળરૂપે કયા ક્રમથી આત્મજ્ઞાનપ્રાપ્તિ થાય તેનું યુક્તિયુક્ત, સચોટ, અદ્ભૂતપણે ઉપકારી એવું હૃદયંગમ વર્ણન ૬૨ થી ૬૪
૪ મુનિનું સ્વરૂપ ૬૫-૬૬
૫ —આત્મજ્ઞાન-આત્મસમાધિનો સીધો સંબંધ ૬૮
૬ —આત્મજ્ઞાનપ્રાપ્તિના યોગો અને સાધકનું જાગૃત થવું ૬૯-૭૦
૭ —આત્મજોગ બને તો જ મનુષ્યભવની સફળતા અને તે સિદ્ધ કરવા અત્યંત દૃઢ પુરુષાર્થ કરવાની આજ્ઞા ૭૨
૮ આત્મજ્ઞાન માટે વિચારોની નિર્મળતાની આવશ્યકતા તથા તેની સિદ્ધિ માટે તત્ત્વજ્ઞાનના અભ્યાસનો અને સત્સંગની આરાધનાનો ક્રમ સેવવો તેવી આજ્ઞા ૭૩
૯ —વિચારબળની (ધ્યાન કરવાની) શક્તિ શું કરવાથી વધે? તે માટે કેવું જીવન જીવવું આવશ્યક છે? ૭૩-૭૪
૧૦ —અનાસક્ત બુદ્ધિ — સંસારના પદાર્થોની અસારતા જેટલી ભાસે, તેટલા પ્રમાણમાં આત્મવિચારનું બળ વધે તેવો સિદ્ધાંત અને તે માટેના શાસ્ત્રપ્રમાણો ૭૪, ૭૫, ૭૬
૧૧ —પોતાની અસંગપદની ભાવના ૭૬
૧૨ —જનકાદિ જ્ઞાની ગૃહસ્થ પોતાને માટે આદર્શરૂપ નહીં ૭૭
૧૩ —ઉપાધિયોગમાં રહેવાથી જીવનું અશ્રેય તથા ૭૭
સર્વથા જીવન્મુક્તપણું રાગદ્વેષ હોતા કેમ સંભવે? ૭૮
૧૪ —ત્યાગનું સ્વરૂપ — વિધેયાત્મક, નિષેધાત્મક તથા બાહ્યત્યાગનું કથંચિત્ ઉપકારીપણું ૭૯-૮૦
૧૫ —આ વચનોનું ઉપકારીપણું તથા જીવ, પ્રદેશ, સંખ્યાત, અસંખ્યાત આદિ શબ્દોની સંક્ષેપમાં સમજણ ૮૧
૧૬ —સત્સંગની ભાવના અને સમાપ્તિ ૮૨

ૐ

## અધ્યાત્મનો પંથ દર્શાવનાર
# જ્ઞાનીની વાણીનું માહાત્મ્ય

(હરિગીત)

૧. જિનવચન ઔષધ આ, વિષયસુખનું વિરેચન અમીગણું
મૃત્યુજરાવ્યાધિહરણ, ક્ષયકરણ દુઃખ સમસ્તનું.

(હરિગીત)

૨. વિવેક ને સદ્‌બોધ જે, કલ્યાણજન્ય પ્રશાંતને,
સુતત્ત્વ ઉપદેશંતી જે સંતો તણી વાણી ઠરે.

૩. "શી એની શૈલી ! જ્યાં આત્માને વિકારમય થવાનો અનંતાંશ પણ રહ્યો નથી; શુદ્ધ, સ્ફટિક, ફીણ અને ચન્દ્રથી પણ ઉજ્જ્વળ શુકલધ્યાનની શ્રેણીથી પ્રવાહરૂપે નીકળેલા તે નિર્ગ્રંથના પવિત્ર વચનોની મને તમને ત્રિકાળ શ્રદ્ધા રહો ! એ જ પરમાત્માના યોગબળ આગળ પ્રયાચના."

૪. જ્ઞાનીની વાણી પૂર્વાપર અવિરોધ, આત્માર્થ ઉપદેશક, અપૂર્વ અર્થનું નિરૂપણ કરનારી હોય છે; અને અનુભવસહિતપણું હોવાથી આત્માને સતત જાગૃત કરનાર હોય છે.

(દોહા)

૫. વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ,
ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.

૬. મંત્ર તંત્ર ઔષધ નહીં જેથી પાપ પળાય,
વીતરાગ વાણી વિના અવર ન કોઈ ઉપાય.

૭. આત્માદિ અસ્તિત્વના જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગ નહીં ત્યાં આધાર સુપાત્ર.

---

૧. દર્શનપાહુડ/૧૭ (રા. છ. દેસાઈ કૃત પદ્યાનુવાદ)
૨. જ્ઞાનાર્ણવ/૧/૮. એજન.
૩. શ્રીમદ્‌ રાજચંદ્ર/પત્રાંક ૫૨.
૪. એજન/પત્રાંક ૬૭૯.
૫. અને ૬. એજન/પૃષ્ટ ૩૧.
૭. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર/૧૩.

(સવૈયા એકત્રીસા)

૮. જો પૈ તોહિ તરિવૈકી ઇચ્છા કછૂ ભઈ ભૈયા
તૌ તૌ વીતરાગજૂકે વચ ઉર ધારિએ,
ભૌ સમુદ્રજલમેં અનાદિ હી તૈં બૂડત હો
જિનનામ નૌકા મિલી ચિત્તતૈં ન ટારિએ.
ખેવટ + વિચારી શુદ્ધ થિરતાસો ધ્યાન કાજ,
સુખ કૈં સમૂહકો સુદષ્ટિસૌ નિહારિએ.
ચલિએ જો ઈહ પંથ મિલિએ શ્યૌ મારગમેં,
જન્મ જરા મરનકે ભયકો નિવારિએ.

(સવૈયા એકત્રીસા)

૯. સુન જિનવાની જિહ પ્રાની તજ્યો રાગદ્વેષ,
તેઈ ધન્ય ધન્ય જિનઆગમમેં ગાએ હૈ.
અમૃત સમાની યહ જિહં નાહિં ઉર આની,
તેઈ મૂઢ પ્રાની ભાવભંવરિ × ભ્રમાએ હૈં.
યાહી જિનવાનીકો સવાદ સુખ ચાખ્યો જિન,
તેઈ મહારાજ ભયે કરમ નસાએ હૈં.
તાતેં દગ * ખોલ ભૈયા લેહુ જિનવાની લખિ,
સુખકે સમૂહ સબ યાહીમેં બતાએ હૈં.

૧૦. અનુભવ સુખ ઉત્પત્તિ કરત ભવભ્રમ ધરૈ ઉઠાઈ,
ઐસી બાની સંતકી જો ઉર ભેદૈ આઈ.

૧૧. અનેક સંશયો છેદે, પરોક્ષ જે બતાવતી,
નેત્રહીન કહેવાય, જેને નો'ય દષ્ટિ શાસ્ત્રની.

૧૨. એક શબ્દ ગુરુદેવકા, તાકા અનંત વિચાર,
થાકે મુનિજન પંડિતા વેદ ન પાવૈ પાર.

૧૩. સત્પુરુષના એકેક વાકયમાં, એકેક શબ્દમાં, અનંત આગમ રહ્યાં છે, એ વાત કેમ હશે?

---

૮. ભૈયા ભગવતીદાસકૃત બ્રહ્મવિલાસ/૮.
૯. એજન/૪.
+ નાવિક
× સંકલ્પ – વિકલ્પની જાળ.
* આંખો, ચક્ષુ.
૧૦. સંતમહિમાવર્ણન, રામચરિતમાનસ.
૧૧. હિતોપદેશ
૧૨. મહાત્મા કબીરદાસજી.
૧૩. શ્રીમદ્ રાજચંદ્ર/પત્રાંક ૧૬૬.

૧૪ જેમ છે તેમ નિજ સ્વરૂપ સંપૂર્ણ પ્રકાશે ત્યાં સુધી નિજસ્વરૂપના નિદિધ્યાસનમાં સ્થિર રહેવાને જ્ઞાની પુરુષનાં વચનો આધારભૂત છે, એમ પરમ પુરુષ શ્રી તીર્થંકરે કહ્યું છે, તે સત્ય છે.

(હરિગીત)

૧૫. જગ-સુહિતકર સબ અહિતહર શ્રુતિ સુખદ સબ સંશય હરૈં,
ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્ર તૈં અમૃત ઝરૈં.

(શિખરિણી)

૧૬. અહો! વાણી તારી પ્રશમરસ ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

---

૧૪ શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૫૭૫

૧૫ છહ-ઢાલા, ૬/૨.

૧૬. વિદ્વદ્વર્ય શ્રી હિં જે. શાહ કૃત સમયસાર-સ્તુતિ, ૩.

ૐ

# પ્રાક્-કથન

**ભૂમિકા :**

ભારત અધ્યાત્મપ્રધાન સંસ્કૃતિવાળો દેશ છે. આ દેશમાં વિશિષ્ટ સંતપુરુષોની પરંપરા હંમેશા વિદ્યમાન રહેલી છે અને મુખ્યપણે આ સંતપુરુષોના પ્રેરક જીવનમાંથી અને તેમની દિવ્ય આત્મોદ્ધારક વાણીમાંથી આ દેશની જનતાએ વર્તમાન અને ભાવિ જીવનને સમૃદ્ધ, શાંત અને સફળ બનાવ્યું છે.

ગઈ સદીમાં આવા એક સંતપુરુષ થઈ ગયા, જેમનું જીવન સાધકો માટે જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના પ્રતિક સમું બની ગયું. આ સંત તે શ્રીમદ્ રાજચંદ્રજી, જેઓને મહાત્મા ગાંધીજીએ પોતાંના માર્ગદર્શક અને પ્રેરક તરીકે સ્વીકાર્યા હતા. તેમના જીવન-માંથી મહાત્મા ગાંધીજીને સત્ય અને અહિંસાના સિદ્ધાંતો જીવનમાં ઉતારવાની પરમ પ્રેરણા મળી હતી.

પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી એક ઉત્તમ કોટિના સંત અને કવિ તો હતા જ પરંતુ પોતાના ભાવોને અને અનુભવોને વાણી દ્વારા સૈદ્ધાંતિક રીતે વ્યક્ત કરવાનું વિશિષ્ટ વચનબળ પણ તેમનામાં હતું. તેમના વચનોથી પ્રભાવિત થઈ અનેક મુમુક્ષુ-સાધકોને પોતાના જીવનને અધ્યાત્મમાર્ગે વાળવાની પ્રેરણા મળી છે. તેઓશ્રીનો ઉપદેશ "શ્રીમદ્ રાજચંદ્ર" નામના ગ્રંથમાં સંગ્રહિત થયેલો છે.[૧]

**ગ્રંથનું આયોજન :**

ચાર પત્રો (જેમની ક્રમસંખ્યા અનુક્રમે ૨૫૪, ૪૯૩, ૫૨૫ અને ૫૬૯ છે) ચૂંટીને તેમના પરની વિશેષ વિચારણાનું આલેખન થવાથી વર્તમાન ગ્રંથ બન્યો છે. શ્રીમદ્ રાજચંદ્રજીના વિશાળ ઉપદેશમાંથી આ ચાર પત્રો એવી રીતે ચૂંટવામાં આવ્યા છે કે જેથી આધ્યાત્મિકતામાં રસ લેનાર સૌ કોઈને પોતપોતાની યોગ્યતા અને જરૂ-રિયાત પ્રમાણે ઉપયોગી પાથેય મળી રહે. આમ પ્રાથમિક ભૂમિકાના સાધકથી માંડીને ઉચ્ચ કોટિના સાધક મુનિને પણ પોતાના જીવનને ઉન્નત, જ્ઞાનસભર, વિકાસશીલ અને સ્વ-પર-ઉપકારી બનાવવામાં આ તત્ત્વજ્ઞાન સહાયક, પ્રેરક અને માર્ગદર્શક બની રહે છે.

દરેક પત્રાંકના પ્રારંભમાં તેનો ટૂંકો સાર ભૂમિકારૂપે આપ્યો છે જે વાંચ્યા પછી તેનું વિવરણ વાંચવાથી વિષયને તેના પૂર્વાપર સંબંધ સહિત સમજવાનું સહેલાઈથી બની

---

૧. 'શ્રીમદ્ રાજચંદ્ર' — સંપાદક : સદ્દગત બ્રહ્મચારી પૂજ્ય શ્રી ગોવર્ધનદાસજી.
મૂળ પ્રકાશન વર્ષ : ૧૯૫૧.
પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ – અગાસ.

શકશે. દરેક પૃષ્ટના ઉપરના ભાગમાં મોટા અક્ષરોમાં મૂળ ઉપદેશની પાંડુલિપિનું અવતરણ કરેલ છે અને તેનો વિશેષાર્થ નીચે નાના અક્ષરોમાં છાપેલો છે. વિશેષાર્થોના આલેખનમાં જે જે શાસ્ત્રોનો આધાર લીધેલો છે તેની વિગત જે તે પાનાની નીચેના ભાગમાં પાદનોંધ સ્વરૂપે આપેલી છે. ગુજરાતી અને હિંદી અવતરણો વિશેષાર્થની સાથે જ છાપ્યા છે જ્યારે કોઈક અપવાદ સિવાય સંસ્કૃત – પ્રાકૃત અવતરણોનું ગુજરાતી ભાષાંતર જ અવતરિત કર્યું છે, પણ મૂળ સ્રોતની વિગત નીચે પાદનોંધમાં આપી છે, જેથી વિશેષ અભ્યાસી મૂળનું અવલોકન કરી શકે. વિશેષાર્થનું કદ મધ્યમ રાખેલું છે. દૃષ્ટિ અધ્યાત્મપ્રધાન રાખેલ છે અને પારિભાષિક શબ્દોનો ઉપયોગ ઓછો કર્યો છે.

**ગ્રંથનું આલેખન અને પ્રયોજન :**

શ્રીમદ્ રાજચંદ્રજીની અનુભવવાણી ખૂબ ગંભીર, અર્થસભર, તત્ત્વપ્રકાશક અને સાધકોને વિશિષ્ટપણે પ્રેરણાદાયી છે. વળી તેમના વિસ્તૃત, ઉત્તમ અને ઉપકારી ઉપદેશમાંથી માત્ર સંક્ષિપ્ત અને આવશ્યક તત્ત્વજ્ઞાનનો જ ઉપદેશ આ પત્રોમાં અવતરિત કરેલો છે. આ તત્ત્વજ્ઞાનનો દૈનિક જીવનમાં કેવી રીતે પ્રયોગ કરવો કે જેથી આપણા જીવનમાં સાચી આધ્યાત્મિકતાનો ઉદય થાય અને આપણું જીવન કૃતકૃત્ય બને એ દૃષ્ટિને મુખ્ય રાખીને વિશેષાર્થોનું વિવરણ કરેલું હોવાથી આ ગ્રંથને "અધ્યાત્મને પંથે" એવું નામ આપેલું છે. આ ગ્રંથમાં માત્ર કોરું તત્ત્વજ્ઞાન નથી પરંતુ ઉત્તમ એવું જે અધ્યાત્મજ્ઞાન તેના સંક્ષિપ્ત વર્ણન સહિત દૈનિક જીવનમાં તેના પ્રયોગનું અને પ્રયોગની વિધિનું પણ તેમાં દિગ્દર્શન થયેલું છે. આમ આ ગ્રંથને "Synopsis of Principles and Practice of Spiritualism" એ દૃષ્ટિની મુખ્યતાથી અવલોકન કરવાની વાચકવર્ગને વિનંતી છે.

આ ગ્રંથના આલેખનનો એક ઉદ્દેશ તો મૂળ ગ્રંથકર્તાના મહાન વચનોની ઊંડી વિચારણાના અવલંબનથી પોતાનું જીવન પવિત્ર બનાવવાનો અવસર વિશેષાર્થના લેખકને પ્રાપ્ત થાય તે છે. શ્રીમદ્જીના વચનોનો સાદો સરળ અર્થ યથાપદવી સામાન્ય મુમુક્ષુઓને પણ સમજવામાં આવે તે બીજો ઉદ્દેશ છે. ગુણાનુરાગી, સિદ્ધાંતપ્રેમી વિદ્વદ્વર્ગને અને પૂજ્ય ત્યાગીગણને પણ શાસ્ત્રોક્ત દૃષ્ટિથી તેમના વચનોનો આધ્યાત્મિક અને સાહિત્યિક રસાસ્વાદ અનુભવવાનો અવસર પ્રાપ્ત થાય તે ત્રીજું પ્રયોજન છે. છેલ્લે, શ્રીજિન પરમાત્મા તથા પૂજ્ય પૂર્વાચાર્યોના વચનોનો સાર દેશકાળ આદિને ખ્યાલમાં રાખીને કેવી રીતે સરળ, અદ્ભૂત પ્રયોગાત્મક અને લોકભોગ્ય શૈલીમાં શ્રીમદ્જીએ ગુજરાતી ભાષામાં રજૂ કર્યો છે તે વાતનો ખ્યાલ પણ સહજપણે આ વિશેષાર્થના અવલોકન દ્વારા પંડિતવર્ગને અને શાસ્ત્રાભ્યાસીઓને આવી જશે તેવી ભાવના અસ્થાને નહીં ગણાય.

ઉપસંહાર :

આ પ્રમાણે જ્ઞાની પુરુષના વચનોનો સ્વશક્તિપ્રમાણ વિચાર – વિસ્તાર કરવામાં અલ્પજ્ઞતાથી વા પ્રમાદથી કંઈ પણ ન્યૂનાધિક લખાઈ ગયું હોય તો સુજ્ઞપુરુષો તે તરફ અંગુલીનિર્દેશ કરશો અને વિશેષાર્થ લેખકની ક્ષતિને ક્ષમ્ય ગણી ઉદારભાવે મૂળમાથી યથાર્થભાવ સમજશો એવી વિનંતી છે.

આ ઉત્તમ વચનોનો આશય સત્સમાગમના યોગે વારંવાર અભ્યાસ દ્વારા હૃદયગત કરી, તત્ત્વનો યથાર્થ નિર્ણય કરી, ઉપશમ–વૈરાગ્યને પ્રાપ્ત થઈ, તત્ત્વવિચારની શ્રેણીએ ચઢી, ભવ્યજીવો આત્મજ્ઞાનાદિ ઉત્તમ લક્ષ્મીને પામી મનુષ્યભવની સફળતાને પામો એવી ભાવના ભાવી વિરમું છું.

"સર્વજ્ઞ સદ્ગુરુ પ્રતિ ફરી ફરી અરજ એ નેક
લક્ષ રહો પ્રભુ સ્વરૂપમાં હો રત્નત્રય એક."[1]

ૐ શાંતિઃ

સંવત ૨૦૩૬, ચૈત્ર સુદ ૯,

ડૉ. મુકુંદભાઈ સોનેજી
શાહઆલમ ટોલનાકા પાસે,
અમદાવાદ–૩૮૦૦૨૮

૧. સદ્ગુરુસ્તુતિ/૭, નિત્યક્રમ – અગાસ, પૃષ્ટ ૩૨.

## 'અધ્યાત્મને પંથે' ગ્રંથમાં અગાઉથી 'જ્ઞાનદાન' આપનાર દાતાઓની શુભનામાવલિ

| | | |
|---|---|---|
| ૫૦૦૧ | સ્વ. પ્રવિણચંદ્ર અમૃતલાલના સ્મરણાર્થે | અમદાવાદ |
| ૫૦૦૧ | શ્રી ઉમરશીભાઈ કાનજીભાઈ પરિવાર | મુંબઈ |
| ૫૦૦૧ | શ્રીમતી જયાબહેન શશીકાંતભાઈ ધ્રુવ | ,, |
| ૫૦૦૧ | શ્રી અમૃતલાલ ધરમશી ચંદેરીયા પરિવાર | લંડન |
| ૧૫૦૧ | શ્રી છબીલદાસ ફુલચંદ દોશી | અમદાવાદ |
| ૧૫૦૧ | શ્રી પાનાચંદભાઈ ભાઈચંદ મહેતા | અમદાવાદ |
| ૧૦૦૧ | શ્રી શકરાભાઈ ગીરધરલાલ શાહ | ,, |
| ૧૦૦૧ | સ્વ. શાંતીલાલ મોહનલાલ શાહ, સ્મરણાર્થે | ,, |
| ૧૦૦૧ | સ્વ. વનીતાબેન મથુરભાઈ કરસનજી કોઠારી, સ્મરણાર્થે | અમદાવાદ |
| ૧૦૦૧ | સ્વ. સૌભાગ્યચંદ મોદી, સ્મરણાર્થે | રાજકોટ |
| ૧૦૦૧ | શ્રી કલ્યાણભાઈ ભોગીલાલ હ. જયોતીબેન | અમદાવાદ |
| ૫૦૧ | સ્વ. મંજુલાબેન ચંદુલાલ ચત્રભૂજ શાહ, સ્મરણાર્થે | સુરેન્દ્રનગર |
| ૫૦૧ | ડૉ. શ્રી સોનેજી મુકુંદભાઈ વી. | અમદાવાદ |
| ૫૦૧ | ડૉ. શ્રીમતી સોનેજી શર્મિષ્ઠાબહેન મુકુંદભાઈ | ,, |
| ૫૦૧ | શ્રી ચંદુલાલ છોટાલાલ મહેતા | ,, |
| ૫૦૧ | શ્રી હરિલાલ મોહનલાલ શાહ | ,, |
| ૫૦૧ | ,, હેમેન્દ્રકુમાર બુલાખીદાસ | ,, |
| ૫૦૧ | શ્રી ચંદુલાલ ગીરધરલાલ શાહ | અમદાવાદ |
| ૫૦૧ | ,, લીલાધર પોપટલાલ શાહ | ,, |
| ૫૦૧ | ,, રસીકલાલ ગોકલદાસ શાહ | ,, |
| ૫૦૧ | મે. શાહ એસોસીએટસ હ. ઉપેન્દ્રભાઈ | ,, |
| ૫૦૧ | શ્રી સુબોધચંદ્ર શીવલાલ શાહ | ,, |
| ૫૦૧ | ,, સુર્યકાંત પ્રાણલાલ શાહ | રાજકોટ |
| ૫૦૧ | ,, જયંતીભાઈ પોપટલાલ તથા ચંદ્રકાન્તભાઈ અમરતલાલ | અમદાવાદ |
| ૫૦૧ | ,, મુમુક્ષુભાઈ તરફથી | ,, |
| ૫૦૧ | એક મુમુક્ષુ તરફથી | ,, |
| ૨૫૧ | ,, જયંતીલાલ મનસુખલાલ શાહ લોખંડવાલા | અમદાવાદ |
| ૨૫૧ | ,, શ્રીકાંત એસ. શાહ | ,, |

| | | |
|---|---|---|
| ૨૫૧ | શ્રી ધીરુભાઈ એમ. ઝવેરી | મુંબઈ |
| ૧૫૧ | ,, અરવિંદલાલ માણેકભાઈ | અમદાવાદ |
| ૧૫૧ | ,, રમણીકલાલ ઉમેદચંદ શેઠ | ,, |
| ૧૫૧ | શ્રી લાલભાઈ સોમચંદ શાહ | ,, |
| ૧૫૦ | શ્રીમતી ચંદનબેન ચીનુભાઈ | ,, |
| ૧૦૫ | શ્રીમતિ રૂક્ષ્મણીબેન જયસુખલાલ ખારા | ,, |
| ૧૦૧ | શ્રીમતિ મૃદુલાબેન મહેતા | ,, |
| ૧૦૧ | ,, અરુણભાઈ ભાવસાર | ,, |
| ૧૦૧ | ,, ખુશાલચંદ હઠીસીંગ સખીદાસ | ,, |
| ૧૦૧ | ,, ઉત્તમલાલ હેમચંદ મહેતા | ,, |
| ૧૦૧ | શ્રી એચ. જે. વ્યાસ | |
| ૧૦૧ | ,, હર્ષદભાઈ ચુનીલાલ શાહ | ,, |
| ૧૦૧ | શ્રીમતી જશવંતીબહેન શાંતીલાલ શાહ | ,, |
| ૧૦૧ | શ્રી હિંમતલાલ પૂંજાભાઈ | ,, |
| ૧૦૧ | ,, જશવંતલાલ ચીમનલાલ શાહ | ,, |
| ૧૦૧ | શ્રીમતી કાંતાબહેન શાંતીલાલ શાહ | ,, |
| ૧૦૧ | ,, ચંદુલાલ અબજીભાઈ શાહ | ,, |
| ૧૦૧ | શ્રીમતી કેવલીબહેન ચંદુલાલ શાહ | ,, |
| ૧૦૧ | શ્રીમતી ચારુબહેન સુરેન્દ્રભાઈ મહેતા | ,, |
| ૧૦૧ | શ્રીમતી નલીનીબહેન પ્રવીણચંદ્ર શાહ | ,, |
| ૧૦૧ | શ્રી સોમચંદ ડોસાભાઈ | ,, |
| ૧૦૧ | ,, વીમલભાઈ છોટાલાલ | ,, |
| ૧૦૧ | શ્રીમતી સાકરબહેન માવજી શાહ | બોરીવલી |
| ૧૦૧ | શ્રીમતી ઝવેરબેન પ્રેમજી શાહ | ,, |
| ૧૦૧ | શ્રીમતી સવીતાબેન મનુભાઈ ખોખાણી | ઘાટકોપર |
| ૧૦૧ | શ્રી હિંમતલાલ ચીનુભાઈ શાહ | અમદાવાદ |
| ૧૦૧ | શ્રી વિનોદભાઈ શાંતીલાલ | ,, |
| ૫૧ | શ્રી ચીનુભાઈ બાલાભાઈ | ,, |
| ૫૧ | શ્રી લલિતચંદ્ર શાંતિલાલ શાહ | પૂના |

## સંસ્થાના પ્રકાશનો

1. ૧. ભક્તામર સ્તોત્ર (ગુજ. પદ્યાનુવાદ)
2. ૨. સાધના સોપાન
3. ૩. તેનો તું બોધ પામ
4. ૪. ચારિત્ર્ય-સુવાસ
5. ૫. સાધક-સાથી ભાગ-૧
6. ૬. અધ્યાત્મજ્ઞાન પ્રવેશિકા
7. ૭. સાધક-સાથી ભાગ-૨
8. ૮. અધ્યાત્મને પંથે
9. ૯. તત્ત્વસાર (છપાય છે)

---

## શુદ્ધિપત્રક

| અશુદ્ધ | શુદ્ધ | પૃષ્ઠ-સંખ્યા | લીટી |
|---|---|---|---|
| થવાથી | થવાની | ૭ | ૧૧ |
| આવે | આવે ? | ૭ | ૨૨ |
| ધ્યાત્મન્નો | ધ્યાત્મનો | ૨૭ | છેલ્લી |
| પ્રાપ્ત મૂર્તિમાન | પ્રગટ મૂર્તિમાન | ૪૨ | ૬ |
| અનાદિકાળીન | અનાદિકાલીન | ૪૮ | ૨૧ |
| શુભાપયોગી | શુભોપયોગી | ૬૬ | ૫ |

અધ્યાત્મને પંથે

"યથાર્થ સમજાયે પરભાવથી આત્યંતિક નિવૃત્તિ કરવી તે અધ્યાત્મમાર્ગ છે. જેટલી જેટલી નિવૃત્તિ થાય તેટલા તેટલા સમ્યક્ અંશ છે."

—શ્રીમદ્ રાજચન્દ્ર

# અધ્યાત્મને પંથે

'શ્રીમદ્ રાજચન્દ્ર' ગ્રંથ પત્રાંક ૨૫૪ નો ટૂંકમાં સાર

આ પત્ર શ્રીમદ્ રાજચન્દ્રજીએ ખંભાતના મુમુક્ષુઓના માર્ગદર્શન અર્થે લખેલો છે.

પ્રથમ તો જીવને મુમુક્ષુતાની ભાવના જ થતી નથી એ સૌથી મોટો દોષ છે એમ કહી મુમુક્ષુતાની વ્યાખ્યા કરી છે. ત્યાર પછી મુમુક્ષુતાની પ્રાપ્તિમાં સ્વચ્છંદને છોડવાની અને તે માટે આત્મનિરીક્ષણની આવશ્યકતા બતાવી છે.

મુમુક્ષુતા પ્રાપ્ત કર્યા પછી પણ સાક્ષાત્ 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં નીચેનાં ત્રણ કારણોનું વિશેષ વ્યાખ્યાન કર્યું છે.

(૧) આ લોકની અલ્પ પણ સુખેચ્છા

(૨) પરમ વિનયની ઓછાઈ

(૩) પદાર્થનો અનિર્ણય.

તત્કાલીન ઘણાખરા મુમુક્ષુઓમાં આ કારણોનો સદ્ભાવ તેઓશ્રીને દૃષ્ટિગોચર થયો હતો તેમ જણાવી વિનયગુણની વિશિષ્ટ આરાધના દ્વારા મહાત્માનો નિર્ણય કરીને મોહાસક્તિ મટાડવાની આજ્ઞા કરેલ છે.

મોહાસક્તિ મટવાથી નિઃશંકતા, નિઃશંકતાથી નિર્ભયતા, નિર્ભયતાથી નિઃસંગતા અને તેથી પરમાત્મપદની પ્રાપ્તિ હોય છે એમ જણાવ્યું છે.

છેલ્લે, પરસ્પર ધર્મવાર્તામાં અને તત્ત્વવિચારમાં ઉદ્યમવંત રહી સમયનો સદુપયોગ કરવા ભણી લક્ષ દોરી વાત્સલ્યભાવ દર્શાવી પત્રની સમાપ્તિ કરી છે.

## પત્રાંક ૨૫૪ નો સાર દર્શાવતો ચાર્ટ

સત્સંગ, સત્શાસ્ત્ર અને સદાચારના આશ્રયથી
આત્મપુરુષાર્થ કરતાં જાગેલી મુમુક્ષુતા

↓

પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા

↓

સ્વચ્છંદનો નાશ

↓

બોધબીજ ભૂમિકાની પ્રાપ્તિ

↓

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ વિનયની ઓછાઈ અને
પદાર્થનો અનિર્ણય એવા ત્રણ દોષને ટાળવાનો પુરુષાર્થ

↓

મહાત્માની સાચી ઓળખાણ

↓

મોહાસક્તિનો નાશ

↓

પદાર્થનો નિર્ણય

↓

નિઃશંકતા

↓

તીવ્ર મુમુક્ષુતા

↓

નિર્ભયતા

↓

નિઃસંગતા

↓

પરમપદ—મોક્ષ—ની પ્રાપ્તિ.
તેરમા પગલે તેરમા ગુણસ્થાનની પ્રાપ્તિ!

મુંબઈ, અષાડ સુદ ૮, ભોમ, ૧૯૪૭—

## પત્રાંક નં. ૨૫૪

## નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે, અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.

ॐ

श्री परमात्मने नमः
श्री सद्‌गुरुदेवाय नमः

### મંગળાચરણ

(દોહા)

જ્ઞાન-સુસંયમ પૂર્ણથી દૂર કર્યાં સવિ કર્મ;
પ્રગટાવ્યું પરમાત્મ પદ વન્દું શ્રી ભગવંત.
બોધિ-સમાધિના નિધિ, સમદૃષ્ટિ સબ માંહી;
જ્ઞાન-ધ્યાન-વિરાગમય ગુરુ પાદ નમું આંહીં.
મિથ્યાતમને ટાળવા, છે અદ્‌ભુત ઉપદેશ,
અનેકાંત વિદ્યા લહું, જેમાં લેશ ન કલેશ.
વચનાતિશય જેહને, કરુણા જ્ઞાન નિધાન;
પ્રશાંત-રસની મૂરતિ, નમું રાજ ગુરુ આણ.

**સમીપ સમયવર્તી, પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત, મોક્ષાર્થીને પરમ ઉપકારી કેટલાક અગત્યના પત્રાંકો ઉપર વિશેષ વિચારણા કરવાના હેતુથી લખવાનો પ્રારંભ કરીએ છીએ.**

### પત્રાંક ૨૫૪

"દેહ આદિ જગતના સર્વ પદાર્થોથી જુદાં લક્ષણોવાળો હું આ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા છું" એવો બોધ સદ્‌ગુરુ-ઉપદેશથી, અર્થથી અને સ્વસંવેદનથી જેને થાય છે તે સાધક સ્વસ્વરૂપના નિર્ણયમાં નિઃશંક હોય છે અને નિઃશંક હોવાથી તેના જીવનમાં નિર્ભયતા અને નિઃસંગતા ક્રમે કરીને દૃષ્ટિગોચર થાય છે. જ્ઞાનીઓએ કહ્યું છે તેમ :—

પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે.

(ચોપાઈ)

"જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ
જ્ઞાન તહાં શંકા નહીં સ્થાપ
પ્રભુભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન
પ્રભુ મેળવવા ગુરુ ભગવાન."[1]

"અટળ અનુભવ સ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જુદો ભાસવો ત્યાંથી મુક્તદશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે."[2]

"સમ્યકત્વવંત જીવો નિઃશંકિત તેથી છે નિર્ભય અને,
છે સપ્ત ભય પ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે."[3]

જેટલા પ્રમાણમાં આત્મજ્ઞાન પ્રગટ્યું હોય તેટલા પ્રમાણમાં જીવનમાં પારમાર્થિક નિર્ભયતા પ્રગટે છે; જે ક્રમે કરીને વર્ધમાન થતાં મુનિદશામાં વિકાસ પામી (આઠમા ગુણસ્થાનને અંતે) પૂર્ણ થાય છે. અજ્ઞાનરૂપી ગ્રંથી છૂટી જતાં અંતરંગ નિઃસંગતા પ્રગટે છે. અને સર્વસંગપરિત્યાગની દશા અંગીકાર કરતાં સર્વથા નિઃસંગપણું સિદ્ધ થાય છે. બાહ્યાંતરસર્વ પરિગ્રહની મમતા છોડી નિઃસંગપણું સિદ્ધ કરવાનો જ્ઞાનીઓ અભ્યાસ કરે છે.

જગતની અનેક પ્રકારની વિટંબણાઓમાં ફસાયેલા જીવને ઘણા પ્રકારનાં વળગણ છે તે પ્રત્યક્ષપણે જોઈ શકાય છે. અહીં તો શ્રીગુરુ કહે છે કે જીવ સાથે લાગેલી (જ્ઞાનાવરણીય આદિ) કર્મપ્રકૃતિનો વિસ્તાર અનંત છે અને તે તે કર્મને આધીન થઈને અજ્ઞાનપૂર્વક જીવન જીવી રહેલા મનુષ્યમાં અનેક પ્રકારની ચિત્રવિચિત્રતાઓ દેખાય છે. કોઈ ક્રોધી છે, કોઈ કામી છે, કોઈ લોભી છે, કોઈ માયાચારી છે, કોઈ નાસ્તિક-પણે વર્તે છે, કોઈ આડંબરમાં ફસાયેલો છે, કોઈ શોકમગ્ન છે, કોઈ ભયભીત છે, કોઈ ઉડાઉ છે, કોઈ શરાબી છે, કોઈ શિકારમાં આનંદ માને છે, કોઈ લડાઈઝઘડો ઉત્પન્ન કરાવે છે, કોઈ સતત નિંદામાં જ રચ્યોપચ્યો રહે છે તો બીજો વળી ખોટાં આળ લગાવીને કે ચાડી ખાઈને કલહ ઉત્પન્ન કરવામાં મશગૂલ છે.

---

૧. શ્રીમદ્ રાજચંદ્ર, ૧૦૭.

૨. એજન, ૭૦૯.

૩. શ્રી સમયસાર ગાથા ૨૨૮. (શ્રી હિંમતભાઈ જે. શાહ કૃત પદ્યાનુવાદ),

અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય,

---

અજ્ઞાની જીવોના અતિ અતિ વિસ્તારવાળા દોષોનું વર્ણન કોણ કરી શકે ? જેમ અનંત પ્રકારનાં કર્મો છે તેમ તે તે કર્મોને વશ પડેલા જગતના જીવોના દોષો પણ અનંત છે, તે સર્વ તો સર્વજ્ઞ પરમાત્માના જ્ઞાનમાં ઝબકે છે છતાં પ્રાયશ્ચિત્ત કરતો સાધક વિધવિધ પ્રકારે કબૂલે છે.

> આતમ ધ્યાનથી રે, સંતો સદા સ્વરૂપે રહેવું, —
> કર્માધીન છે સહુ સંસારી, કોઈને કાંઈ નવ કહેવું. — આતમ૦ ૧
> કોઈ જન નાચે, કોઈ જન રુએ, કોઈ જન યુદ્ધ કરંતા,
> કોઈ જન જન્મે, કોઈ જન ખેલે, દેશાટન કોઈ ફરંતા.—આતમ૦ ૨ *

> "હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
> હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ."[૧]

અથવા

> "ઇત્યાદિક પાપ અનંતા હમ કીને શ્રી ભગવંતા;
> સંતતિ ચિરકાલ ઉપાઈ વાની તૈ કહિય ન જાઈ."[૨]

આ જીવે એટલાં બધાં દુષ્કર્મો કર્યાં છે કે જેનો કોઈ અંત નથી. તો તે બધાં કથનમાં કેમ આવી શકે ? તેથી શ્રીગુરુ આ જીવ ઉપર કરુણા લાવીને તેના બધા દોષોમાંનો મુખ્ય દોષ બતાવતાં કહે છે કે જે દોષને આધીન થઈને વર્તવાથી પોતે પોતાના સાચા સ્વરૂપને જાણવાની કે પામવાની જિજ્ઞાસા જ ઉત્પન્ન કરી શકતો નથી. આમ આ અજ્ઞાની જીવ 'મારે સર્વ કર્મોથી અને સર્વ દોષોથી રહિત થવું છે અને શાશ્વત જ્ઞાન અને આનંદને પામવાં છે' એવી વૃત્તિ–સદ્ભાવ–મોક્ષાભિલાષ, આત્માર્થિતા જ ઉત્પન્ન કરતો નથી. જ્યાં સાધારણ મોક્ષેચ્છા પણ ઉત્પન્ન કરવાનો ઉદ્યમ કરતો નથી ત્યાં તીવ્ર મોક્ષાભિલાષ ઉપજાવી ઉગ્ર મુમુક્ષુપણું ક્યાંથી ઉત્પન્ન કરે ? આમ સત્ય — શાશ્વત નિજવસ્તુ પ્રત્યે બેદરકાર એવો જીવ અનાદિ કાળથી જન્મ-જરા-મરણ અને આધિ-

---

૧. શ્રીમદ્ રાજચંદ્ર, ૨૬૪.
૨. આલોચના પાઠ, ૨૭.
* શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિજી

અથવા મુમુક્ષુતા જ ઉત્પન્ન ન હોય.

ઘણું કરીને મનુષ્યાત્મા કોઈને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ મુમુક્ષુતા નથી.

---

વ્યાધિ-ઉપાધિ જેવાં અનેક અનેક દુઃખોને પામી રહ્યો છે. આવા સંસાર-પરિભ્રમણમાં અટવાયેલા આ જીવને મહત્પુણ્યના ઉદયથી કાકતાલીય ન્યાયે મનુષ્યપણું પ્રાપ્ત થયું છે. ત્યારે તેનું સાર્થકપણું કરી લેવા માટે કેવી જીવનદૃષ્ટિ કેળવવી જોઈએ તે શ્રીગુરુ કરુણા કરીને રૂડા ભવ્ય જીવોને બતાવે છે.

આ દુનિયામાં અત્યારે અનેક ધર્મમતો પ્રવર્તે છે. કોઈ પોતાને હિંદુ, કોઈ મુસલમાન, કોઈ ખ્રિસ્તી, કોઈ શીખ, કોઈ જૈન, કોઈ સ્વામીનારાયણ, કોઈ વૈષ્ણવ, કોઈ વેદાંતી, કોઈ પારસી કે કોઈ વળી અન્ય પ્રકારે માને છે. જે માતા-પિતાને ત્યાં દેહ ધારણ કર્યો તે માતાપિતાના કુળને, ધર્મને, આચારને, રીતરિવાજને, માન્યતાને, ધર્મવ્યવસ્થાને, રૂઢિગત ક્રિયાઓને, ધર્મસ્થાનકોને કે પહેરવેશાદિને મનુષ્ય પોતાનાં માને છે અને એમ કરવાથી પોતે ધર્મી છે એવી માન્યતામાં પ્રવર્તી રહ્યો છે. મંદિર, મસ્જિદ, ગિરજાઘર, ગુરુદ્વારા, દેરાસર, ઉપાશ્રય કે અગિયારીમાં જવું, રૂઢિગત રીતે પૂજા, બંદગી, પ્રાર્થના, પ્રતિક્રમણ, વગેરે બોલી જવાં કે શરીરની બેસવાની, ઊઠવાની, નમવાની, સ્થિર થવાની કે એવી બીજી ક્રિયાઓમાં પ્રવર્તવું તેને ધર્મીપણું, આરાધકપણું કે મુમુક્ષુપણું માને છે. પરંતુ આ રીત પરમાર્થ ધર્મની નથી.

"ગચ્છ મતની જે કલ્પના, તે નહીં સદ્વ્યવહાર
ભાન નહીં નિજરૂપનું, તે નિશ્ચય નહીં સાર."[૧]

"એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો તે તત્ત્વચિંતન વિના,
રત્નચિંતામણિ જન્મ ખોયો."[૨]

"અમને તો બ્રાહ્મણ, વૈષ્ણવ ગમે તે સમાન છે. જૈન આદિ કહેવાતાં હોય અને મતવાળા હોય તો તે અહિતકારી છે, મતરહિત હિતકારી છે."[૩]

ગચ્છના ભેદ બહુ નયન નિહાળતાં
તત્ત્વની વાત કરતાં ન લાજે,
ઉદર-ભરણાદિ નિજ કાજ કરતાં થકા,
મોહ નડિયા કળિકાળ રાજે......ધાર તરવાની.[૪]

---

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૩૩.
૨. ભક્તકવિ નરસિંહ મહેતા.
૩. ઉપદેશછાયા, શ્રીમદ્ રાજચન્દ્ર, ૬.
૪. યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજ.

'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈ એક 'મોક્ષને' વિષે જ યત્ન કરવો અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.

---

જેણે સાચી મુમુક્ષુતા પ્રગટાવવી છે તેણે તો સર્વ પ્રકારના મોહથી રહિત થવાનો અપ્રતિમ પુરુષાર્થ કરવાનો છે. મોહરૂપ જે આસક્તિ (રાગાંશો) તેનાથી અકળામણ–ગૂંગળામણ અનુભવીને તેથી રહિત થવાની લગની ન લાગે, ધૂન ન ચડે, નિર્ણય ન બને અને પુરુષાર્થ ન ઉલ્લસે તો કદાપિ સાચું મુમુક્ષુપણું પ્રગટી શકે નહિ. આ મોહના બે પ્રકાર છે. દર્શનમોહ (ખોટી માન્યતા) અને ચારિત્રમોહ (ખોટું આચરણ).

> "કર્મ મોહનીય ભેદ બે, દર્શન, ચારિત્ર નામ;
> હણે બોધ વીતરાગતા અચૂક ઉપાય આમ."[1]

મોહથી રહિત થવાની આરાધનાના ક્રમમાં સદ્બોધનો પરિચય કરવો આવશ્યક છે, અને તે સદ્બોધને પોતાના જીવનમાં સ્થિર કરી તે પ્રમાણે પોતાના જીવનની શુદ્ધિના પ્રયોગરૂપ આચરણ કરવાનું પણ જરૂરી છે. આ પ્રકારે માત્ર મોક્ષરૂપી પ્રયત્ન જ જ્યારે જીવનમાં અગ્રીમતાને પામે, અને તેને અનુરૂપ જ્યારે જીવનવ્યવહારનું આયોજન કરવામાં આવે ત્યારે જાણવું કે મુમુક્ષુપણું — આત્માર્થીપણું ખરેખર પ્રગટ્યું છે.

> "મંદ વિષય ને સરળતા, સહ આજ્ઞા સુવિચાર
> કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર."[2]

> "કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
> ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."[3]

ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુજીવે સહજ સ્વભાવરૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે."[4]

---

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૦૩.

૨. શ્રીમદ્ રાજચંદ્ર, ૯૫૪.

૩. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૩૮.

૪. શ્રીમદ્ રાજચંદ્ર, ૬૪૩.

'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.

---

મુમુક્ષુતાથી આગળની દશા તીવ્ર મુમુક્ષુતા છે જેનું લક્ષણ એ છે કે નિરંતર શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે અતિ ઉલ્લાસભાવે અત્યંત ભક્તિ પ્રગટે છે, જે ભક્તિની પરિપક્વતા થયે નિજવૃત્તિનો પ્રવાહ શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વળે છે અને નિર્વિકલ્પ આત્માનુભવનો પ્રસંગ વારંવાર સાંપડે છે. આ સ્થિતિ મુખ્યપણે આત્મજ્ઞાનપ્રાપ્તિ પછી સંયમદશા પ્રગટ થવાથી ઉત્પન્ન થાય છે અને તેનું મુખ્ય લક્ષણ તત્ત્વસ્વરૂપની ચિંતવના ધારાપ્રવાહથી વહેતી થકી બોધિ-સમાધિના માર્ગને અતિશયપણે સાધે તે છે. આને જ પ્રશમસુખ કહેવામાં આવે છે.

"પરપ્રેમ પ્રવાહ બઢે પ્રભુસે, સબ આગમ ભેદ સુઉર બસે
વહ કેવલ કો બીજ જ્ઞાની કહે, નિજકો અનુભવ બતલાઈ દીયે."[1]

"ઘડી ઘડી પલ પલ સદા, પ્રભુ સુમિરનકો ચાવ
નરભવ સફલો વો કરે, દાન, શીલ, તપ ભાવ."......[2]

"જીવાદિ પદાર્થો તથા (તેમાં સારભૂત) નિજ આત્મતત્ત્વના ચિંતવન રૂપ સમ્યગ્-જ્ઞાનમાં નિરંતર જાગૃતિ રાખવી તેને અભિક્ષ્ણજ્ઞાનોપયોગ કહે છે."[3]

"વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યા ભાસ
ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ".[4]

"દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે, તત્ત્વપ્રતીતિ સમ્યક્‌પણે ઉત્પન્ન થાય છે. તત્ત્વપ્રતીતિ વડે શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે. શુદ્ધ ચૈતન્યના અનુભવ અર્થે ચારિત્રમોહ વ્યતીત કરવા યોગ્ય છે."[5]

આ પ્રકારે ક્ષણે ક્ષણે જેમાં આત્મજાગૃતિ છે તેવી તીવ્ર મુમુક્ષુતાની વાત ન કરતાં સામાન્ય અને મધ્યમ કક્ષાના સાધકોને મુખ્યરૂપે આ કાળે જે પ્રયોજનભૂત છે તેવી મુમુક્ષુતાના વિષયનું પ્રતિપાદન કરતાં શ્રીગુરુ કહે છે કે જે કોઈ સાધક સાચો

---

૧. શ્રીમદ્ રાજચંદ્ર, ૨૬૫.

૨. બૃહદ આલોચના.

૩. जीवादिपदार्थ–स्वतत्त्वविषये, सम्यग्ज्ञाने नित्यं युक्तता अभिक्ष्ण ज्ञानोपयोगः ॥ ६/२४ सर्वार्थसिद्धि.

૪. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૧૨.

૫. શ્રીમદ્ રાજચંદ્ર, ૯૦૧.

સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'ને રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, પરમ દૈન્યતાની (વિનયની) ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય.

એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું, તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા,' એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયાં પહેલાં હોય છે તે હોવાનાં કારણો....

---

મુમુક્ષુ થવાની ભાવનાવાળો હોય તેણે નિષ્પક્ષપણે પોતાના દોષોને જાણવા, ઓળખવા અને કાઢવા કે જેથી અનાદિકાળનો કોઠે પડી ગયેલો એવો જીવનો સ્વચ્છંદ ઘટે. અનેક જન્મોના સંસ્કારોથી જીવને દેહબુદ્ધિ અને બહિર્દૃષ્ટિપણું વર્તે છે અને મોહરૂપી મદિરાથી ઉન્મત્ત થઈ મન ફાવે તેમ દેહ-વાણી-મનની પ્રવૃત્તિમાં નિરંકુશપણે તે વર્તી રહ્યો છે.

હવે, જેમ જેમ સદ્‌ગુરુના સાન્નિધ્યમાં કે સત્સંગના યોગમાં રહીને આરાધના કરે તેમ તેમ નિજ મતિ કલ્પના છોડી જ્ઞાનીના માર્ગનો આરાધક બને. જેમ જેમ સન્માર્ગની આરાધના કરતો જાય તેમ તેમ સ્વચ્છંદ ઘટતો જાય, માર્ગાનુસારીપણું સધાય અને મુમુક્ષુતા વર્ધમાન થાય.

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી પ્રાયે બમણો થાય."[1]

"માનાદિક શત્રુ મહા નિજછંદે ન મરાય;
જાતાં સદ્‌ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય."[2]

આ પ્રમાણે સદ્‌ગુરુ આજ્ઞાએ વર્તતાં સહજપણે અનેકવિધ કલ્યાણ થાય છે અને આત્મજ્ઞાનપ્રાપ્તિ માટેની યોગ્યતા વધી જાય છે. આવા સુપાત્ર અથવા 'ઉત્તમ' મુમુક્ષુને પણ હજુ 'સાક્ષાત્–મોક્ષમાર્ગ'ની પ્રાપ્તિને રોકનારાં જે મુખ્ય ત્રણ કારણો છે તે કારણોનો નિર્દેશ કરી શ્રીગુરુ કંઈક વિસ્તારથી તે કારણોની સમજણ આપે છે કે જેથી તે કારણોથી રહિત થવા મુમુક્ષુ પુરુષાર્થ કરે.

પ્રથમ કારણ તે આ લોકની અલ્પ પણ સુખેચ્છા છે. મોક્ષમાર્ગમાં સર્વ પ્રકારની જગતની ઇચ્છાઓ બાધક જ છે, તેથી ઉત્તમ મુમુક્ષુએ સદ્‌ગુરુના સાન્નિધ્યનો કે સત્સંગનો આશ્રય કરી યથાર્થ બોધને અંતરમાં ધારણ કરવો. આ બોધના ફળરૂપે મુમુક્ષુએ 'મારો આત્મા જ સર્વોત્કૃષ્ટ અને શાશ્વત સુખનો ખજાનો છે' એવી નિઃશંકતા ઉપજાવવી

૧ અને ૨. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૬/૧૮.

નિ:શંકપણે તે 'સત્' છે એવું દઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.

---

જોઈએ. નિજ શુદ્ધ આત્મતત્ત્વની અબાધિત સત્તાની આત્યંતિક રુચિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી મુમુક્ષુના જીવનનો ઝોક જેવી જોઈએ તેવી ગતિથી સાધના તરફ વળતો નથી. જ્યાં સુધી જગતના કોઈ પણ પદાર્થમાંથી સુખ મળશે એવી માન્યતા ઊંડે ઊંડે પણ રહે ત્યાં સુધી 'પરમાનંદ' રૂપ એવા પોતાના આત્મા પ્રત્યે વૃત્તિનું પ્રવહવું થાય નહિ અને જ્યાં સુધી આમ ન બને ત્યાં સુધી આત્મસાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે? માટે જ્યાં સુધી મોક્ષેચ્છા યથાયોગ્ય અને તીવ્ર નથી બનતી ત્યાં સુધી મુમુક્ષુએ સદ્‌ગુરુઆજ્ઞાની શ્રદ્ધાના બળે આગળ વધવું રહ્યું.

કહ્યું છે કે :

> અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
> તે સર્વ આગમધર ભલે પણ જાણતો નહીં આત્મને."[1]

'હે જીવ ભૂલ મા. તને સત્ય કહું છું. સુખ અંતરમાં છે; તે બહાર શોધવાથી નહિ મળે. અંતરનું સુખ અંતરની સ્થિતિમાં છે, સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થો સંબંધીનું આશ્ચર્ય ભૂલ.'[2]

> "વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ પ્રતીત;
> વૃત્તિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત."[3]

આમ, આત્મસ્વરૂપમાં યથાયોગ્ય નિ:શંકતાની ઊણપ તથા તે જ પરમાનંદરૂપ છે એ બાબતનો અનિશ્ચય — આ બે પેટાકારણોનો નિર્દેશ કર્યો. હવે મુમુક્ષુદશામાં પણ અમુક પ્રકારના સુખનું વેદન થાય છે તેવું ત્રીજું પેટાકારણ દર્શાવે છે. જેમ જેમ ક્રોધાદિ ઉપશમ પામતા જાય અને સામાન્યપણે ભક્તિમાર્ગ આદિની આરાધના જામતી જાય તેમ તેમ સુખ ઉપજાવનારા બે પ્રકારનાં કારણો સાધકદશામાં આવી પડે છે.

એક તો અનેકવિધ સાત્ત્વિકતાના અંશો જેવા કે સદ્‌ગુરુ—પરમાત્મા આદિના દર્શન-પૂજન-વિનય કરતાં કરતાં રોમાંચ, હર્ષાશ્રુ, કંઠનું ગદ્‌ગદ થઈ જવું, સમસ્ત

---

૧. શ્રી સમયસાર, ૨૦૧.

૨. શ્રીમદ્ રાજચંદ્ર, ૧૦૮.

૩. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૧૧.

સત્પુરુષમાં જ પરમેશ્વર-બુદ્ધિ એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે.

---

શરીરનું પુલકિત થવું, દેહભાન કથંચિત્ વિસ્મૃત થઈ ભાવાવેશમાં નૃત્ય આદિ શુભ અનુષ્ઠાનમાં પ્રવર્તવું વગેરે ઊપજે છે જે સાધકને ઉલ્લાસ ઉપજાવે છે. આવાં અનેકવિધ સાત્વિક આનંદનાં સ્પંદનોને જો તાત્વિક માની લેવામાં આવે તો સાધક આ વિશિષ્ટ શુભભાવની ભૂમિકામાં અટકી જાય છે અને સાક્ષાત્ મોક્ષમાર્ગથી (શુદ્ધભાવથી) વંચિત રહી જાય છે.

બીજા પ્રકારનો આનંદ, જે મુમુક્ષુ દશામાં સહજપણે સંયોગવશાત્ આવી બને છે તે પવિત્રતા-મિશ્રિત પુણ્યોદયનો છે. મુમુક્ષુએ સંપાદિત કરેલાં જ્ઞાન-ભક્તિ-સદાચરણ આદિથી પ્રભાવિત થયેલો સામાન્ય ભક્તસમાજ, તે મુમુક્ષુની વિધવિધ સેવાશુશ્રૂષા કરવા લાગી જાય છે. સુંદર સ્વાદિષ્ટ ભોજન, કીંમતી-વસ્ત્રો, નયનરમ્ય આવાસ, શારીરિક સેવા, નમસ્કાર-આદર-પ્રણામ-સત્કાર વગેરે બાહ્ય સુખાકારીનાં સાધનો તે મુમુક્ષુની તહેનાતમાં હાજર કરી દે છે. વળી મુમુક્ષુને પોતાથી વિશેષ ગુણવાન અને જ્ઞાનવાન કોઈ બીજું આજુબાજુમાં દેખાતું ન હોવાથી તેને પણ પોતામાં મહત્તાનો આભાસ ઉત્પન્ન થઈ જાય છે. આમ વિશિષ્ટ પુણ્યના ઉદયથી સંપ્રાપ્ત થયેલી સામગ્રીના ગ્રહણમાં રોકાઈ જવાથી તેની વૃત્તિ પુણ્ય-પાપના ફળરહિત એવા નિજસ્વરૂપની સાધનામાં કાં તો પ્રવૃત્ત જ થતી નથી અથવા એટલી મંદપણે પ્રવૃત્ત થાય છે કે જેથી થોડા વખતમાં તે નિષ્ક્રિય થઈ સ્વયં સમાપ્તિને પામે છે. આવા બન્નેમાંથી કોઈ પણ પ્રકારમાં રોકાઈ ગઈ છે જીવનચર્યા જેની, તે મુમુક્ષુ, તથારૂપ યોગ્યતાને ન પહોંચવાને લીધે, સાક્ષાત્ મોક્ષમાર્ગપ્રાપ્તિથી વંચિત રહી જાય છે. આ પ્રમાણે, 'માર્ગપ્રાપ્તિ'ને રોકનાર પ્રથમ કારણનું વ્યાખ્યાન પૂરું થયું.

મોક્ષમાર્ગપ્રાપ્તિને રોકનારું દ્વિતીય કારણ જે પરમ વિનયની ઓછાઈ, તે હવે જણાવે છે. જગતના સર્વ અજ્ઞાની જીવોમાં જોકે અંહત્વ-મમત્વનો મોટો દોષ જોવામાં આવે છે, તોપણ મનુષ્યના અવતારમાં અને વળી આ કળિયુગના મનુષ્યોમાં તો અભિમાન, સ્વાભિમાન અહંકાર [ કે સ્વમાન !–self-respect ! ] ના બહાના હેઠળ આદિ અનેક નામોથી ઓળખાતા માનના અંશો દૃષ્ટિગોચર થાય છે.

વર્તમાન પર્યાયમાં (એટલે કે દેહમાં) અને વર્તમાન સંયોગોમાં પોતાપણાની ભ્રાંતિ ઊપજી છે તેવા મનુષ્યોમાં અનેક પ્રકારનાં મિથ્યાભિમાન હોય છે. હું શેઠ છું, શાહુકાર છું, મોટો હિસાબનીસ છું, પ્રધાન છું, લાગવગવાળો છું, સંઘપતિ છું, રાજ્યસત્તાવાળો છું, ઇજનેર છું, નાગર બ્રાહ્મણ, સિસોદિયો રજપૂત કે દશા શ્રીમાળી

છું, અમીરવર્ગનો છું. 'બુદ્ધિજીવી (cream of society, intellectual) છું, આવા આવા, અનેક પ્રકારનાં અભિમાન વર્તમાન સમાજમાં દેખાય છે. વળી હું ત્યાગી છું, તપસ્વી છું, વ્રતી છું, દીર્ઘકાળથી સંયમી છું, પ્રખર પ્રજ્ઞાવાન છું, સતાવધાની કે શતાવધાની છું, શાસ્ત્રમર્મજ્ઞ છું, અનેક શિષ્યોનો ગુરુ છું, અનેક વિદ્યાઓમાં પારંગત છું, રિદ્ધિસિદ્ધિનો ધારક છું, અમુક સંપ્રદાયનો વડો છું–આવા પ્રકારનાં ઘણાં અભિમાન પણ વર્તમાન મનુષ્યોમાં જણાય છે.[1]

જે સાચો મુમુક્ષુ હોય તેણે તો પોતાના સાચા શુદ્ધ આત્મસ્વરૂપને જાણ્યું છે તેથી આવા કોઈ પ્રકારના અહંકાર ધારણ કર્યા વગર જેમના પ્રતાપથી પોતાને પોતાના સાચા સ્વરૂપનું જ્ઞાન-ભાન થયું તેવા શ્રી સદ્‌ગુરુદેવને અથવા સત્પુરુષને જ તે મહત્તા-વાળા માને છે અને પોતાને ખરેખર તેમનો સાચો સેવક માને છે. આમ કર્યું છે જેણે એવો મુમુક્ષુ સદ્‌ગુરુદેવને જ ભગવાન સમાન ગણે છે અને પોતાનાં કહેવાય છે તેવાં તન, મન, ધનાદિ સર્વ તેમને ચરણે ધરીને, તેમની આજ્ઞાની યાચના કરીને તેમની આજ્ઞાનું સમજી સમજીને ઉપયોગપૂર્વક પોતાની શક્તિ ગોપવ્યા વિના આરાધન કરે છે.

"શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન."[2]

"આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન."[1]

"પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં પરોક્ષ જિન ઉપકાર;
એવો લક્ષ થયા વિના ઊગે ન આત્મવિચાર."[2]

"આજ્ઞાનું આરાધન તે જ ધર્મ અને આજ્ઞાનું આરાધના તે જ તપ." आणाए धम्मो आणाए तवो.[3]

"દાસ કહાવન કઠિન હૈ, મૈં દાસનકો દાસ,
અબ તો ઐસા હો રહૂં, કિ પાંવ તલેકી ઘાસ."[4]

---

૧. શ્રી રત્નકરંડશ્રાવકાચાર, ગાથા ૨૫.

૨. શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૨૫.

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૨૬.

૨. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૧.

૩. ઉપદેશપદ, હરિભદ્રસૂરિ.

૪. મહાત્મા કબીરદાસજી.

જેથી સર્વ પ્રાણીને વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે.

---

રાઈ બાંટા બીસવાં, ફિર બીસનકા બીસ,
ઐસા મનવા જો કરે, તાહિ મિલે જગદીશ."[૫]

"સદ્ગુરુ પદમેં સમાત હૈ, અરિહંતાદિ પદ સર્વ,
તાતેં સદ્ગુરુ ચરણકું, ઉપાસો તજી ગર્વ."[૬]

આવાં આવાં અનેક વચનોથી સત્પુરુષનું — સદ્ગુરુનું અદ્ભુત અલૌકિક માહાત્મ્ય પૂર્વે મહાપુરુષોએ પ્રકાશ્યું છે. સાધકને જ્યારે આ વાત અંતરમાં યથાર્થ સમજાય ત્યારે તેને અતિશય ઉલ્લાસ આવે છે. સત્પુરુષની એકનિષ્ઠાએ સેવા કરવાથી અને તેમના સાચા સ્વરૂપની ઓળખાણ થવાથી તેમનામાં પ્રભુના જેવી જ દિવ્ય જ્ઞાનજ્યોતિનું દર્શન થાય છે. તેમની આજ્ઞાના આરાધનથી પોતાને પણ ક્રમે કરીને તેમના જેવી જ આત્મિક સમૃદ્ધિ અવશ્ય પ્રગટે છે.

"તનસે મનસે ધનસે સબસે, ગુરુદેવકી આન સ્વઆત્મ બસે;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમ ઘનો."[૭]

"એનું સ્વપ્ને જો દર્શન પામે રે,
તેનું મન ન ચઢે બીજે ભામે રે,
થાય સદ્ગુરુનો લેશ પ્રસંગ રે,
તેને ન ગમે સંસારીનો સંગ રે."[૮]

આ ઉપરોક્ત પ્રકારે જ્યારે પોતાનામાં વિશિષ્ટ વિનયગુણનું પ્રગટવું થાય ત્યારે તેના ફળરૂપે પ્રાણીમાત્રમાં પોતાના જેવો જ આત્મા દેખાવાથી તે સૌની 'સેવા'નો ભાવ ઊપજે છે, જેથી 'સર્વાત્મભાવ'ની સાધના સહેજે સહેજે બને છે; અને ધર્મધ્યાન પ્રત્યે વળવાની પાત્રતા ક્રમે કરીને સાધકમાં પ્રગટે છે. આ વાત કોરા તર્કથી સમજણમાં આવે તેવી નથી, પણ પોતાનામાં ઉત્તમ પાત્રતા પ્રગટ કરવાની રુચિવાળા મુમુક્ષુને આ વિનયગુણની આરાધનાનો પ્રયોગ જીવનમાં કરવાની ભાવના ઊગે છે. બીજી બાજુ શુષ્કજ્ઞાની – મતાર્થી મનુષ્ય આ બાબતનો મર્મ પામતો નથી અને મહાન આત્મલાભથી વંચિત રહી જાય છે.

---

૫. મહાત્મા કબીરદાસજી.

૬. સદ્ગુરુ સ્તુતિ–શ્રીરત્નરાજ સ્વામી.

૭. શ્રીમદ્ રાજચંદ્ર, ૨૬૫.

૮. આત્મજાગૃતિનાં પદો, નિત્યક્રમ અગાસ.

કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે અને મિથ્યા સમતા આવે છે.

---

વિનયગુણનું મોક્ષમાર્ગમાં આવું અલૌકિક માહાત્મ્ય છે, તેથી જ શ્રી ઉત્તરાધ્યયન-સૂત્રના છત્રીસ અધ્યયનમાં વિનય-અધ્યયન સર્વપ્રથમ મૂકેલ છે. જ્યાં સુધી આવા વિનય-ગુણને નહિ આરાધો ત્યાં સુધી તમારી ગમે તેવી તીક્ષ્ણ બુદ્ધિ પણ પ્રજ્ઞારૂપે પરિણમશે નહિ અને આત્મતત્ત્વને ગ્રહણ કરી શકશે નહિ; માટે વિનયનું આવું અલૌકિક માહાત્મ્ય હે આસન્નભવ્ય (જેમની મુક્તિ નિકટ છે તેવા) જીવો ! સંમત કરો, તેમાં જ તમારું કલ્યાણ છે, એમ વીતરાગમાર્ગમાં શ્રીગુરુઓનો ઉપદેશ છે.

> "એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી વીતરાગ,
> મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય."[1]
>
> "હોય મુમુક્ષુ જીવ તે સમજે એહ વિચાર,
> હોય મતાર્થી જીવ તે અવળો લે નિર્ધાર."[2]
>
> "વિનયાચાર સંપન્ન, વિષયોથી પરાઙ્-મુખ,
> જ્ઞાનની ભાવનાવાળો લહે છે હિત ઉત્તમ."[3]

આમ, માર્ગપ્રાપ્તિને રોકનારાં બે કારણોને સમજાવીને હવે શ્રીગુરુ છેલ્લું અને ત્રીજું કારણ કહે છે અને તે છે પદાર્થનો અનિર્ણય.

પરમાર્થને ખરેખર પ્રાપ્ત કરવો તે કાંઈ રમત વાત નથી. સત્સંગ, સદ્બોધ, સદાચાર અને તત્ત્વાભ્યાસના બળથી જેમ જેમ અવિદ્યાના દૃઢ સંસ્કારોની પકડ સાધક-જીવ ઉપરથી ઢીલી થતી જાય છે તેમ તેમ તેની યોગ્યતા વધતી જાય છે, તેનો વિકાસ થતો જાય છે અને ઉંચાં ઉંચાં પરિણામોને પ્રાપ્ત કરતો થકો તે ગ્રંથિભેદ (અવિદ્યાના નાશ) ભણી દૃઢતાથી ડગલાં ભર્યે જાય છે. સદ્ગુરુના બોધને મધ્યસ્થપણે ગ્રહણ કરતો, કોઈ પણ દુરાગ્રહ ન રાખતો થકો, માત્ર સત્ય તત્ત્વને જ ગ્રહણ કરવાની અંતરંગ જિજ્ઞાસાવાળો તે પુરુષ જ્યારે આવો સત્પુરુષાર્થ જાળવી રાખે છે ત્યારે સાપેક્ષવાદનું (અનેકાંતવિદ્યાનું) રહસ્ય તેને સદ્ગુરુના બોધથી ધીમે ધીમે સમજાતું જાય છે અને જેમ જેમ સમજાતું જાય છે તેમ તેમ વસ્તુતત્ત્વનો યથાર્થભાવ તેના અંતરમાં ભાસતો જાય છે. આમ, સર્વ પ્રકારે પ્રયોજનભૂત તત્ત્વોનું અવિરુદ્ધ જ્ઞાન સિદ્ધ થતાં અવશ્ય તેને ઉત્તમ આત્મલાભ થાય છે.

---

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૨૦.

૨. એજન, ૨૨.

૩. સારસમુચ્ચય : કુલભદ્રાચાર્ય.

"દીર્ઘકાળ સુધી યથાર્થ બોધનો પરિચય થવાથી બોધબીજની પ્રાપ્તિ હોય છે અને તે બોધબીજ તે પ્રાયે નિશ્ચય સમ્યક્ત્વ હોય છે."[1]

"જાકે હિરદેમેં સ્યાદવાદ સાધના કરત,
શુદ્ધ આતમકો અનુભૌ પ્રગટ ભયો હૈ,
જાકે સંકલપ વિકલપ કે વિકાર મિટી
સદા કાલ એકભાવ રસ પરિણયો હૈ,
જાતે બંધ વિધિ પરિહાર મોક્ષ અંગિકાર
ઐસો સુવિચાર પક્ષ સોઊ છાંડી દીનો હૈ,
જાકી જ્ઞાન મહિમા ઉદ્યોત દિન દિન પ્રતિ,
સોઉ ભવ સાગર ઉલંઘી પાર ગયો હૈ."[2]

શ્રામણ્ય જ્યાં ઐકાગ્ર્ય ને ઐકાગ્ર્ય વસ્તુ નિશ્ચયે
નિશ્ચય બને આગમ થકી, આગમ પ્રવર્તન મુખ્ય છે."[3]

"પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, દેખે પરમ નિધાન જિનેશ્વર;
હૃદય-નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન જિનેશ્વર,
ધર્મ જિનેશ્વર ગાઉ"[4]

આ પ્રમાણે જ્ઞાનીપુરુષના વચનના આધારે વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. આ જ સમ્યગ્જ્ઞાન છે. જ્યાં સુધી આવું સમ્યગ્જ્ઞાન અંતરમાં સુસ્થિત ન થાય ત્યાં સુધી ચિત્ત ચંચળ રહે, ભય અને આકુળતા ટળે નહિ અને અનેકવિધિ સંકલ્પ-વિકલ્પોની જાળમાં સાધક ફસાયેલો રહે. કદાચિત્ ઉપર ઉપરથી સમભાવ રાખવાનો પ્રયત્ન કરે, પણ યથાર્થબોધમાં સ્થિરતા ન થઈ હોવાથી નામમાત્ર સમતા — ઉપલક સમતા — દેખાવની સમતા આવે, સાચી સમતા આવે નહિ. આમ વસ્તુનો યથાર્થ નિર્ધાર અંતરમાં થયા વિના જગતના અનેકવિધ પદાર્થોમાં વૃત્તિ દોડ્યાં કરે છે અને જ્યાં સ્થિર થવી જોઈએ ત્યાં સ્થિર થઈ શકતી નથી. આ વિશ્વનો સર્વોત્કૃષ્ટ પદાર્થ મારો શુદ્ધ આત્મા જ છે. તેનાથી વિશેષ, મોટું, મહાન, ઉન્નત સુખદાયક, ઉંચી કક્ષાનું, ઉપાદેય, સ્વીકાર્ય, આદરણીય, શ્રેયરૂપ, ધ્યેયરૂપ, લક્ષ્યરૂપ, શ્રદ્ધવાયોગ્ય, પ્રાપ્તવ્ય, અને કૃતકૃત્યતાદાયક અન્ય કાંઈ જ નથી એવો નિર્ણય મુમુક્ષુને થવો અનિવાર્ય છે. આવો પરમ પદાર્થ જે નિજાત્મા,

૧. શ્રીમદ્ રાજચંદ્ર ૩૩૦.

૨. શ્રી સમયસાર નાટક.

૩. શ્રી પ્રવચનસાર ૨૩૨.

૪. યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજ.

જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.

આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયા છે. માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે.

---

તેમાં પ્રેમનો પ્રવાહ તો જ વળે જો તેનું સર્વોત્કૃષ્ટપણું અંતરમાં નિર્ધારિત કરીને તેનો જ અભ્યાસ કરવામાં આવે. યથા—

"એ રીત દર્શનજ્ઞાન છે, ઇન્દ્રિય-અતીત મહાર્થ છે.
માનું હું આલંબનરહિત, જીવ, શુદ્ધ, નિશ્ચય ધ્રુવ છે."[1]

આત્મ-પદાર્થનું અત્યંત માહાત્મ્ય અંતરમાં ભાસવું, એકમાત્ર આત્મતત્ત્વપ્રાપ્તિની જ રુચિ રહેવી અને સર્વ મતમતાંતર, પંથ-આગ્રહ, વ્યક્તિગત કે દૃષ્ટિગત રાગમાં રોકાઈ જવાનો તથા પંથ-વ્યામોહાદિનો અભાવ થવો – આવી દશાને પ્રાપ્ત થયેલો જીવ સદ્ગુરુના બોધને પામીને, તત્ત્વનો યથાર્થ નિર્ણય કરી શકે છે. આ રીતે પદાર્થના નિર્ણયને પામેલા જીવને સ્વ-દ્રવ્ય (શુદ્ધાત્મા) પ્રત્યે આત્યંતિક પ્રેમ પ્રગટે છે, જે પ્રગટવું તે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે, કારણ કે ત્યાર પછી તેવા ઉત્તમ પાત્રતાને પામેલા જીવને મોક્ષપ્રાપ્તિમાં કોઈ બાધક કારણ રહેતું નથી.

શ્રીગુરુ કહે છે કે મોટા ભાગના તેમને મળેલા મુમુક્ષુઓમાં તેમને આ ત્રણ કારણો દેખાયાં છે. પરંતુ કોઈ કોઈ મુમુક્ષુઓમાં વિનયગુણનું કંઈક પ્રાગટ્ય દૃષ્ટિગોચર થયું છે. આવા ભાગ્યવાન મુમુક્ષુઓ વિશેષ પુરુષાર્થ કરીને જો વિનયગુણની ઉગ્ર આરાધનામાં જોડાઈને યથાર્થ રીતે પરમવિનયપણાને પ્રાપ્ત થઈ જાય તો તેમનામાં ઉત્તમ પાત્રતા પ્રગટ થઈ જાય. આવા મુમુક્ષુને મોક્ષમાર્ગ અવશ્ય પ્રાપ્ત થાય છે. માટે સત્પુરુષને યથાર્થપણે ઓળખીને તેમના પ્રત્યે સર્વાર્પણ કરવું એમ કહેવાનો શ્રી સદ્ગુરુનો આશય જાણવો.

વિશેષ ક્યાં સુધી આ વાતનો વિસ્તાર કર્યા કરવો ? ભૂતકાળે, વર્તમાનકાળે અને ભવિષ્યકાળે આ જ માર્ગ છે કે ગુણવાનોને ઓળખી, તેમના ગુણોની ખરેખરી પિછાન કરી, તેમની પરમ ભક્તિને આધીન થઈ તેમના બતાવેલા માર્ગે ચાલવું.

"શ્રમણો જિનો તીર્થંકરો, એ રીત સેવી માર્ગને
સિદ્ધિ વર્યા નમું તેમને, નિર્વાણના તે માર્ગને."[2]

માર્ગપ્રાપ્તિને રોકનારા પહેલા અને ત્રીજા કારણનો રકાસ થવા માટે પરમ વિનયપૂર્વક વર્તવું અને વારંવાર સત્પુરુષના સમાગમનો આશ્રય કરી તેમના વ્યક્તિત્વમાં રહેલી જે દિવ્યતા, આત્મદૃષ્ટિ, આત્મલક્ષ અને સહજ ઉદાસીનતા તેને ઓળખ-

---

૧. શ્રી પ્રવચનસાર, ૧૯૨.

૨. શ્રી પ્રવચનસાર, ૧૯૯.

અને જો તેઓમાં સર્વ પ્રકારે (પરમ દૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છીએ. પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.

અધિક શું કહિયે? અનંત કાળે એ જ માર્ગ છે.

પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.

---

વાનો પ્રયત્ન કરવો. જે કોઈ મુમુક્ષુ, આત્માનો સાચો ખપી થઈને સત્પુરુષને ઓળખવાનો વારંવાર પ્રયત્ન કરે છે અને વિપરીત કારણો આવવા છતાં પોતાનો પ્રયત્ન પ્રમાણિકતાથી જાળવી રાખે છે, તેનામાં ક્રમે કરીને એક એવી દિવ્ય દૃષ્ટિ ઊગે છે કે જેના પ્રતાપે કરીને તેને સત્પુરુષના આત્માની ઓળખાણ થઈ જાય છે. આવી પારદર્શક ઓળખશક્તિ પેદા ન થાય ત્યાં સુધી સતત સત્સમાગમ કર્યા જ કરવો તથા સત્શાસ્ત્ર અને સદાચારનું દૃઢ અવલંબન લઈને પોતાની મુમુક્ષુદશા કેટલી વર્ધમાન થાય છે તેનું અઠવાડિક, માસિક કે વાર્ષિક સરવૈયું કાઢવું અને નિરંતર દોષો દૂર કરવાનો પુરુષાર્થ જારી રાખવો એ જ મોક્ષપ્રાપ્તિનું રહસ્ય છે.

જે કોઈ સાધકને સત્પુરુષના સ્વરૂપનો યથાર્થ અને દૃઢ નિશ્ચય થાય તેને શું શું ફળની પ્રાપ્તિ થાય એ વાત હવે શ્રીગુરુ સમજાવે છે.

સત્પુરુષ તે પ્રગટ શુદ્ધ આત્મા છે. જેને તત્ત્વદૃષ્ટિથી સત્પુરુષની ઓળખાણ થાય તેને જોકે સત્પુરુષ પ્રત્યે અલૌકિક ભક્તિભાવ ઊપજે છે છતાં વ્યક્તિગત રાગમાં તે વ્યામોહ પામતો નથી. તેમનામાં પ્રગટેલા શુદ્ધ આત્મતત્ત્વ પ્રત્યે તે સાધકમાં પરમ આદર પ્રગટે છે અને તેથી દિનપ્રતિદિન તેમનામાં રહેલાં અનેકવિધ ગુણો પોતાનામાં કેવી રીતે પ્રગટે તે તરફનો તેનો પુરુષાર્થ વધી જાય છે. ફળસ્વરૂપે સમતાભાવની તેમની સાધનાનું અનુસરણ અને અનુકરણ કરતો એવો તે સાધક, આત્મા-અનાત્મા અને સ્વ-પરના વિવેક ભણી વળે છે. જે મુમુક્ષુ આ રીતે સત્પુરુષના આશ્રયે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે છે, તેની મોહદૃષ્ટિ ક્રમે કરીને ઘસાઈ જાય છે અને જ્ઞાનદૃષ્ટિ વિકાસ પામે છે. આમ એક મહાત્માની ઓળખાણ યથાર્થ રીતે જ્યારે સાધકને થાય ત્યારે નીચે કહ્યા તેવા અનેક પ્રકાર તેના જીવનમાં બને છે જે બધાયને શાસ્ત્રકાર ભગવંતોએ વિવિધ અપેક્ષાઓએ સમ્યક્ત્વ કે આત્મજ્ઞાન કહી બિરદાવ્યા છે.

મહાત્મામાં જેનો દઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે, તેથી વ્યાકુળતા મટે છે.

(૧) તે સત્પુરુષ પ્રત્યે તેને આત્યંતિક અને પારમાર્થિક ભક્તિ પ્રગટ થાય છે.

(૨) અન્ય સર્વ મહાત્માઓની પણ તેને ઓળખાણ થઈ જાય છે, કારણ કે સર્વ મહાત્માઓની જાત (સમ્યક્‌પણાની અપેક્ષાએ) એક છે.

(૩) મહાત્માની ઓળખાણ થતાં આત્મા-અનાત્માની એટલે કે જીવ-અજીવાદિ પ્રયોજનભૂત તત્ત્વોની પણ સાચી શ્રદ્ધા અને નિર્ણય તેને થઈ જાય છે.

આ પ્રમાણે જે મુમુક્ષુને તત્વોનો યથાર્થ નિર્ણય થવાથી આત્મજ્ઞાન પ્રગટ્યું તેને આત્મજ્ઞાનના ફળસ્વરૂપે નિરાકુળતા ઊપજે છે. હવે શું થશે? સુખ આવશે કે દુઃખ? સફળતા મળશે કે નિષ્ફળતા? માન થશે કે અપમાન? ઊંધું થશે કે ચત્તું? રોગ આવશે તો? મારી સેવા કોણ કરશે? કદાચ મૃત્યુ થઈ જશે? ગરીબાઈ આવી પડશે? — આ અને આવા અનેક પ્રકારના વિકલ્પોની જાળનું જોર હવે તેના અંતરમાં રહેતું નથી; કારણ કે પ્રયોજનભૂત સર્વ તત્ત્વોનો નિર્ણય થયો હોવાથી, પાપ-પુણ્યનો અને મોક્ષતત્ત્વનો પણ તેને નિશ્ચય થઈ ગયો છે. આના ફળસ્વરૂપે ચિંતામગ્નતા, આકુળવ્યાકુળતા, ભય (sense of insecurity) શોકાદિનો પરાભવ થઈ એક શીતળ-શાંત-ઉદાસીન યથાયોગ્ય—સહજદશા તેના જીવનમાં પ્રગટે છે. કહ્યું છે કે—

"ગઈ વસ્તુ શોચે નહીં, આગમ વાંછા નાહિં,
વર્તમાન વર્તે સદા, સો જ્ઞાની જગમાંહિં,
રાઈમાત્ર ઘટવધ નહીં દેખ્યાં કેવળ જ્ઞાન;
યહ નિશ્ચય કર જાનકે, ત્યજીએ પરથમ * ધ્યાન."[૧]

આકુળવ્યાકુળતાનો અભાવ થવાથી જે નિઃશંકતા ઊપજે છે તે આ પ્રકારે કે જગતના પદાર્થોમાં તો જેમ બનવાનું હોય તેમ બનો, મારે તો મારા આત્મહિતમાં જ પ્રયત્ન કરવો યોગ્ય છે. રાગાંશો વિદ્યમાન હોવાથી બીજું જે કાંઈ કાર્ય થાય તેમાં તો હું નિમિત્તમાત્ર છું. અણુમાત્ર પણ જગતનો પદાર્થ મારો નથી એ મારો નિશ્ચય છે. આવો નિર્ણય થયો છે જેને તે જ્ઞાની મહાજ્ઞાની થાય છે અને બાહ્યાંતર સર્વ બંધનોથી મુક્ત થઈ શાશ્વત, સ્વાધીન અને અતીન્દ્રિય આનંદને તે પ્રાપ્ત કરે છે.

* પરથમ ધ્યાન=આર્તધ્યાન=ખોટું ધ્યાન, ખોટી ચિંતા.

૧. લાલા રણજિતસિંહ કૃત બૃહદ્ આલોચના/૨૧, ૧૯.

તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય હોય છે.અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે. માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે.

---

પૂર્વાચાર્યોએ જ્ઞાનીની નિઃશંકતા અને નિર્ભયતાનું વર્ણન અનેક પ્રકારે કર્યું છે. જ્ઞાની(સમ્યગ્દૃષ્ટિ)નાં આઠ અંગોમાં[1] પહેલું જ અંગ નિઃશંકતા મૂક્યું છે અને તે વડે જ તેને સાતેય પ્રકારના[2] ભયથી રહિત કહ્યો છે.

આવી ઉપરોક્ત પ્રકારની સાધનાના બળે પ્રગટ થઈ ગયાં છે નિઃશંકતા અને નિર્ભયતા જેને, તેવા સાધકને મોક્ષપ્રાપ્તિમાં હવે બીજા કયા અંતરાયો રોકવાને સમર્થ છે ? અનંતાનુબંધી આદિ કષાયના અભાવથી અને જ્ઞાની પુરુષોનાં વચનોની પારમાર્થિક શ્રદ્ધાથી ઉલ્લસિત થયું છે વીર્ય જેનું તેવો તે મહાન સાધક, સંયમની વિશિષ્ટ સાધનાની ભૂમિકા પર વિજય મેળવવા હવે નિઃસંગતાને અંગીકાર કરે છે :[3]

> "દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
> દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું ભાન જો.
> તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
> વર્તે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો
> ...અપૂર્વ અવસર.[4]

આમ, આખા પત્રનો ઉપસંહાર કરતાં શ્રીગુરુએ સાધકનો જે વિકાસક્રમ ઉપદેશ્યો છે તે દર્શાવતાં ચાર્ટ માટે જુઓ પાના નં. ૨.

મહાજ્ઞાની પુરુષોનો ઉપદેશ મુમુક્ષુઓને બોધિ-સમાધિની પ્રાપ્તિ થાય તે અર્થે જ હોય છે; તેથી દેશકાળને લક્ષમાં રાખીને આ પત્રમાં જે બોધ સંક્ષેપથી અવતરિત કર્યો છે તે તમે સૌ પરસ્પર આત્મકલ્યાણ અર્થે વિચારશો. આ કળિયુગની અંદર

---

૧. નિઃશંકિત્વ, નિઃકાંક્ષિત્વ, નિર્વિચિકિત્સા, અમૂઢતા, ઉપગુહનતા, સ્થિતિકરણ, વાત્સલ્ય અને પ્રભાવના. મૂલાચાર, ૨૦૧.

૨. જુઓ સમયસાર, આત્મખ્યાતિ કળશ ૧૫૫ થી ૧૬૦.

૩. નિઃશંકતા, નિર્ભયતા અને તેના ફળસ્વરૂપે નિઃસંગતા(નિર્ગ્રંથ-મુનિપદ)ને ધારણા કરનાર સાધકની દશાનું અતિ અદ્ભુત, રોમાંચક, આહ્લાદક, પરમ પ્રેરક, હુબહુ વર્ણન જિજ્ઞાસુઓએ શ્રી પ્રવચનસારની અમૃતચન્દ્રસૂરિની ૧૯૯થી ૨૦૦ ગાથાઓની ટીકામાં અવલોકવું.

૪-અપૂર્વ અવસર, શ્રીમદ્ રાજચન્દ્ર, ૭૩૮.

તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ.

અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.

તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.

હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી, પણ વખતે શ્રાવણ વદમાં કરીએ તો થાય પણ તે કયે સ્થળે તે હજુ સુધી વિચાર્યું નથી.

---

સરખી વિચારસરણી ધરાવતા ધર્મલોભી મનુષ્યો એકબીજા સાથે પ્રેમપૂર્ણ ધર્મવાર્તા * કરે અને જ્ઞાનીપુરુષનાં સૂત્રાત્મક વચનોનો અર્થ વિવિધ રીતે અનેક દૃષ્ટિકોણથી સમજીને પોતાનું જ્ઞાનબળ અને ધ્યાનબળ વધારી મોક્ષરૂપી પુરુષાર્થમાં લાગે એ જ શ્રેયનું, હર્ષનું અને સ્વ-પર પ્રેરણાનું મુખ્ય કારણ છે. ગુર્જર ભાષામાં લખાયેલાં હોવા છતાં આ વચનોમાં ઉત્તમોત્તમ શાસ્ત્રોનો સાર અમે ઠાંસી ઠાંસીને ભર્યો છે એમ તમો નિર્ધાર કરશો અને જ્યાં સમજણમાં કઠિનતા લાગે ત્યાં વિશેષ જ્ઞાનીના આશ્રયે તેમાં રહેલો અતિ અદ્ભુત અને રહસ્યમય મર્મ સમજશો એવી અમારી તમોને સૂચના છે.

જો અમારો તમારો પ્રત્યક્ષ સમાગમ જ્ઞાનીદ્રષ્ટ હશે તો તેમ બનશે અને તે સમયે જો તમ મુમુક્ષુઓમાં બોધ ઝીલવાની પાત્રતા દૃષ્ટિગોચર થશે તો અમારા શ્રીમુખેથી તેમાં કહેલી ધર્મવાર્તાનો અલૌકિક અને અમૂલ્ય અર્થ સમજવાનું સૌભાગ્ય તમોને સાંપડશે એમ જાણજો.

વર્તમાન તો આપણા પરસ્પર સમાગમનો યોગ દૃષ્ટિગોચર થતો નથી, પણ થોડા કાળમાં થવો સંભવે છે. તે કેવી રીતે અને કયા ક્ષેત્રે તે અંગે હજુ અનિશ્ચિતતા વર્તે છે.

---

* પ્રાસંગિક : સાધર્મીઓ સાથે તત્ત્વ સંબંધી વાર્તાલાપ કરી પોતાના જ્ઞાનને વધારવું અને પ્રાપ્ત થયેલા જ્ઞાનને દૃઢ કરવું એ ધર્મમાર્ગમાં મહાન ઉપકાર કરનારું છે. આચાર્યોએ પણ પૃચ્છના (પ્રશ્નોત્તરરૂપ સ્વાધ્યાય)ને તપ કહ્યું છે. સત્તરમા સૈકામાં જયપુરમાં શ્રીમાન ટોડરમલજીના સાન્નિધ્યમાં, આગ્રામાં શ્રીમાન બનારસીદાસજીના સાન્નિધ્યમાં, અને ઉત્તર ગુજરાતમાં, શ્રીમાન આનંદઘનજીના અને યશોવિજયજીના સાન્નિધ્યમાં આવી ધર્મસભાઓમાં સત્સંગ-સ્વાધ્યાયની જ્ઞાનગંગામાં અનેક જિજ્ઞાસુઓ સ્નાન કરી પોતાના આત્માને પવિત્ર કરતા હતા. 'ન ધર્મો ધાર્મિકૈઃ વિના' ઇત્યાદિ આગમ સૂત્રોથી આ વાતની પુષ્ટિ થાય છે. સમ્યક્ત્વનાં નિઃશંકિત્વ, ઉપગુહનત્વ, વાત્સલ્ય અને પ્રભાવના વગેરે અનેક અંગોનું ધર્મસભાઓથી દૃઢપણું થાય છે અને વીતરાગ ભગવાનના સમગ્ર અનુયાયીઓમાં પરસ્પર સાચો પ્રેમ અને વાત્સલ્ય જાગે છે, જે આ જમાનાની તાતી જરૂરિયાત છે. ભારત જૈન મહામંડળ દ્વારા આ દિશામાં સ્તુત્ય પ્રયાસો થયા છે. પણ હજુ ઘણું ઘણું કરવાનું બાકી રહે છે, જેમાં શ્રાવકો કરતાં પણ શ્રમણ વર્ગે વિશેષ યોગદાન આપવું આવશ્યક છે.

કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના રહેવું નહીં એમ મહાત્માઓની શિક્ષા છે.

તમને બધાને યથાયોગ્ય પહોંચે.

---

છેલ્લે અમ મહાત્માઓની તમ સર્વ મુમુક્ષુઓને ખાસ ભલામણ છે કે પોતાના આત્માને નિરંતર જાગતો રાખજો અને મોહદૃષ્ટિથી જગત તરફ ન જોતાં તત્ત્વદૃષ્ટિથી જોજો. આ કળિયુગમાં ભૌતિક સુખનાં સાધનોની ઝાકઝમાળ એટલી બધી વધી ગઈ છે અને અસત્પ્રસંગોનું સર્વત્ર એટલું બધું પ્રાબલ્ય છે કે શ્રાવકવર્ગ કે શ્રમણવર્ગ સૌને ખૂબ સાવચેતીથી ડગલું ભરવાનું છે, નહિ તો જાણશો કે માર્ગથી ચ્યુત થવામાં જરા પણ વિલંબ નહિ થાય. માટે બને તેટલો સત્સંગ અને નિવૃત્તિક્ષેત્રનો લાભ લઈ જ્ઞાની પુરુષોએ કહેલા વસ્તુસ્વરૂપનો બરાબર ખ્યાલ રાખી રહેશો; અને સમયે, સમયે તથા પ્રસંગે પ્રસંગે પોતાના વિચારોને તપાસતા રહીને જ્ઞાનીના બતાવેલા માર્ગે ચાલતા રહેજો.

તમોને સર્વેને અમારા તરફથી ધર્મવૃદ્ધિની અને સુખાકારીની ભાવના ઇચ્છી વિરમું છું. ૐ

## પત્રાંક ૪૯૩
### (છ પદનો પત્ર)

આ પત્ર શ્રીમદ્ રાજચંદ્રજીએ પોતાના મુખ્ય મુનિ શિષ્ય પૂ. શ્રી લઘુરાજ સ્વામીને ઉદ્દેશીને લખ્યો છે.

મોક્ષમાર્ગમાં મુખ્ય પ્રયોજનભૂત એવાં, આત્માના નીચે કહ્યાં તે પદનું, આ પત્રમાં સંક્ષેપમાં પ્રતિપાદન કર્યું છે: (૧) આત્મા છે (૨) આત્મા નિત્ય છે (૩) આત્મા કર્ત્તા છે (૪) આત્મા ભોક્તા છે. (૫) મોક્ષપદ છે અને (૬) મોક્ષનો ઉપાય છે.

આ પદની પ્રત્યક્ષ—પરોક્ષ આદિ પ્રમાણોથી દૃષ્ટાંતપૂર્વક સમજણ આપીને, સદ્ગુરુગમે તેનો બોધ પામવા માટે જિજ્ઞાસુને સૂચન કરેલ છે. આ છ પદની વિવેકપૂર્વક યથાર્થ સમજણ થવાથી આત્મદર્શન(સમ્યક્દર્શન)ની પ્રાપ્તિ થાય છે અને તે દર્શનને પ્રાપ્ત થયેલો પુરુષ ક્રમે કરીને સંસારનાં સર્વ દુઃખોનો નાશ કરી પૂર્ણ મોક્ષપદને પામે છે એવો સિદ્ધાંત રજૂ કર્યો છે.

આ પત્રમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગનો અતિશય સુંદર સમન્વય દૃષ્ટિગોચર થાય છે. જે સત્પુરુષોએ આ છ પદનો બોધ, કેવળ જગતના જીવોના કલ્યાણ માટે કર્યો છે તેઓ પ્રત્યેની અદ્ભુત અલૌકિક ભક્તિનું નિરૂપણ અહીં જોવામાં આવ્યું છે. ભારતીય દર્શનોમાં સર્વમાન્ય એવી શ્રીસદ્ગુરુની પારમાર્થિક ભક્તિનું સ્વરૂપ અને તેનું ફળ પણ અહીં જણાવ્યાં છે.

છેલ્લે, પોતાને પ્રગટ થયેલી આત્મદશાનું સૂચન કરી, તે દશા પ્રગટ થવામાં જેમનાં વચનામૃત પરમ ઉપકારી થયાં છે તેવા સત્પુરુષોને ફરી ફરી નમસ્કાર કરી પત્ર પૂર્ણ કરેલ છે.

વિશેષ નોંધ: આ છ પદનું સવિસ્તર શાસ્ત્રીય પદ્ધતિથી જેમાં વર્ણન કરેલ છે તે 'આત્મસિદ્ધિશાસ્ત્ર' અભ્યાસી મુમુક્ષુઓએ અવશ્ય વાચન–મનન–અનુશીલન કરવા યોગ્ય છે.

મુંબઈ, ફાગણ, ૧૯૫૦—

પત્રાંક નં. ૪૯૩

અનન્ય શરણના આપનાર એવા શ્રીસદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર.

શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરૂષોએ નીચે કહ્યાં છે તે છ પદને સમ્યગ્દર્શનના નિવાસનાં સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યાં છે:

પ્રથમ પદ: આત્મા છે.

---

મોક્ષેચ્છુને પ્રયોજનભૂત એવાં છ પદના સિદ્ધાંતને રજૂ કરતાં, પ્રારંભમાં જ તે છ પદનો બોધ આપનાર એવા શ્રીસદ્ગુરુદેવને નમસ્કાર કરીને આદિ—મંગળ કરે છે:

જેનાથી ઉત્તમ બીજું કોઈ અવલંબન નથી તેવા, ભવસાગરથી તારવા માટેની તત્ત્વજ્ઞાનરૂપી નૌકાના સુકાની, આત્મજ્ઞાન–આત્મસંયમરૂપી ઐશ્વર્યના સ્વામી, પ્રત્યક્ષ જાણે કે મોક્ષની જ મૂર્તિસમા એવા સ્વ-પર-કલ્યાણમાં નિરંતર ઉદ્યમવંત શ્રીગુરુદેવના ચરણકમળમાં મન–વચન–કાયાના યોગોની શુદ્ધિથી એકાગ્રતાપૂર્વક પ્રણામ કરું છું.

આમ, માંગલિક કરીને, હવે પોતાના વક્તવ્યની પ્રમાણિકતા રજૂ કરે છે. 'આત્મા છે,' 'આત્મા નિત્ય છે', 'આત્મા કર્ત્તા છે', 'આત્મા ભોક્તા છે', 'મોક્ષપદ છે' અને 'મોક્ષનો ઉપાય છે'—આ જે છ પદની વ્યાખ્યા અમે કરવાના છીએ તે છ પદ સમ્યક્ત્વ(આત્મદર્શન)ને રહેવા માટેનું ઉત્તમ સ્થાન છે. આ વાત જગતના સર્વ જ્ઞાનીપુરુષોએ સ્વીકારી છે. કેવા જ્ઞાનીઓ? તો કહે છે કે તે જ્ઞાનીઓ કે જેમણે પોતાના જીવનમાં સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન અને સાચા આચરણની એકતા સાધીને પ્રત્યક્ષપણે સ્વસંવેદન (આત્માનુભવ) દ્વારા શુદ્ધ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો છે—મતલબ કે પોતાના વિશિષ્ટ આત્મવૈભવને પ્રગટ કર્યો છે.

**પ્રથમ પદ**: આ વિશ્વમાં જેમ અનેક પદાર્થો છે તેમ આત્મા પણ એક વિશિષ્ટ પદાર્થ છે.

એ રીત દર્શન જ્ઞાન છે. ઇન્દ્રિય–અતીત–મહાર્થ છે,
માનું હું આલંબન રહિત, જીવ શુદ્ધ નિશ્ચળ ધ્રુવ છે.[1]
છું એક શુદ્ધ મમત્વહીન હું જ્ઞાનદર્શન પૂર્ણ છું,
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.[2]

---

૧. શ્રી પ્રવચનસાર, ૧૯૨.

૨. શ્રી સમયસાર ૨૭૩.

આ બે ગાથાઓની શ્રીઅમૃતચન્દ્રસૂરિ કૃત અદ્ભુત ટીકાઓમાં આત્માને પણ જગતના બીજા પદાર્થોની જેમ પદાર્થ વિશેષ તરીકે સિદ્ધ કર્યો છે. તેનું અભ્યાસી મુમુક્ષુએ સત્સંગના યોગે વિશેષ પરિજ્ઞાન કરી સ્વપદાર્થના પ્રમાણજ્ઞાનમાં નિઃશંક થવું યોગ્ય છે.

જેમ ઘટપટાદિ પદાર્થો છે, તેમ આત્મા પણ છે. અમુક ગુણ હોવાને લીધે જેમ ઘટપટાદિ હોવાનું પ્રમાણ છે તેમ સ્વપર પ્રકાશક એવી ચૈતન્ય સત્તાનો પ્રત્યક્ષ ગુણ જેને વિષે છે એવો આત્મા હોવાનું પ્રમાણ છે.

---

ઘડો, વસ્ત્ર આદિ રૂપી જડ પદાર્થોનું અસ્તિત્વ સ્પર્શ-રસ-ગંધાદિ ગુણોની વિદ્યમાનતાને લીધે નક્કી કરી શકાય છે. જેમ કે ઘડો માટીમાંથી બનાવવામાં આવે છે, કુંભાર ચાકડા ઉપર તેને બનાવે છે, તેમાં પાણીને ઠંડું રાખવાનો ગુણ છે, તે લાલ કે કાળા રંગનો હોય છે, તે જમીન પર પડે તો ફૂટી જાય છે વગેરે લક્ષણોથી ઘડાનો નિર્ણય થઈ શકે છે. કંઈક આવી જ પદ્ધતિથી આત્માની પણ ઓળખાણ થઈ શકે છે. સુખ અને દુઃખનો જે અનુભવ કરે છે; જેના વિયોગથી મનુષ્ય (અથવા અન્ય પ્રાણી) શબ-મુડદું બની જાય છે તેવો અરૂપી ચેતન પદાર્થ તે આત્મા છે.

જગતના પદાર્થોમાં અનેક ગુણો જોવામાં આવે છે. જેમ કે સોનું પીળું પણ છે, ચળકાટવાળું પણ છે, વજનદાર પણ છે, અને કાટ ન ચડે તેવું પણ છે તેમ આત્મામાં પણ અનેક ગુણો છે. આ ગુણોને શક્તિઓ પણ કહેવામાં આવે છે. તે શક્તિઓનું વર્ણન કરતાં **શ્રીગુરુ** કહે છે :

> "જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ,
> અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ."[1]
>
> "શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ
> બીજું કહીએ કેટલું ? કર વિચાર તો પામ."[2]
>
> "સમતા, રમતા, ઊરધતા, જ્ઞાયકતા, સુખભાસ,
> વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ."[3]

---

૧. ૨. શ્રીઆત્મસિદ્ધિશાસ્ત્ર, ૫૧, ૧૧૭.

૩. શ્રી સમયસાર નાટક, ઉત્થાનિકા, ૨૬.

બીજું પદ: 'આત્મા નિત્ય છે.' ઘટપટાદિ પદાર્થો અમુક કાળવર્તી છે, આત્મા ત્રિકાળવર્તી છે. ઘટપટાદિ સંયોગે કરી પદાર્થ છે. આત્મા સ્વભાવે કરીને પદાર્થ છે;

---

આત્માની આવી અનેક (અનંત) શક્તિઓમાંથી મુખ્ય સુડતાલીસ (૪૭) શક્તિઓનું વર્ણન તે તે નયની પ્રધાનતાથી, અધ્યાત્મશાસ્ત્રોમાં[૪] કર્યું છે જે વડે આત્માનો બોધ પ્રાપ્ત થઈ શકે છે. પોતાને અને પરને જાણવા-દેખવાની ચૈતન્યગુણાનુસારી શક્તિ જેમાં મુખ્ય છે એવા આ આત્માનું વર્ણન નવદ્વારથી સિદ્ધાંતશાસ્ત્રોમાં પણ નીચે પ્રમાણે કર્યું છે :

(હરિગીત)

"જાણે અને દેખે બધું, સુખ અભિલષે દુઃખથી ડરે,
હિત અહિત જીવ કરે અને હિત-અહિતનું ફળ ભોગવે:"[૧]

(ચૌપાઈ)

"જીવ મયી ઉપયોગ અમૂર્ત, કર્ત્તા દેહમાન હૈ પૂર્ત્ત,
ભોક્તા સંસારી અર, સિદ્ધ, ઊર્ધ્વગમન નવકથન પ્રસિદ્ધ,
તીન કાલમેં જીવન જાસ, ઇન્દ્રિય બળ આયુષઉચ્છ્વાસ,
ચ્યારિ પ્રાણ વ્યવહારે જીવ, નિશ્ચયનય ચેતના સદીવ."[૨]

આ પ્રમાણે સિદ્ધાંતશાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોનો, સદ્‌ગુરુગમે, સમન્વયાત્મક અભ્યાસ કરવાથી સાધકનું જ્ઞાન, પ્રમાણને પામતું થકું સમ્યક્‌રૂપે પરિણમી 'આત્મા છે' એવા પ્રથમ પદનો અત્યંત દૃઢ અને અબાધિત નિર્ણય કરે છે.

**બીજું પદ** : 'આત્મા નિત્ય છે' : વસ્ત્ર, ઘડો વગેરે પદાર્થો અમુક સમયે, અમુક વ્યક્તિ દ્વારા, અમુક અન્ય પદાર્થોના સંયોજન આદિથી બને છે. આત્માને કોઈ વ્યક્તિ કોઈ અન્ય પદાર્થોનાં સંયોજન દ્વારા બનાવતી હોય એમ જણાતું નથી, એટલે કે આત્મા સંયોગી પદાર્થ નથી પણ સ્વાભાવિક પદાર્થ છે. કોઈ અન્ય વસ્તુના મિશ્રણ વગેરેથી ન બનેલો એવો આ આત્મા, તેથી, કેવી રીતે નાશ પામે ? અને નાશ પામે તો કઈ વસ્તુમાં ભળી જાય ? આમ, કોઈ વસ્તુ કે વ્યક્તિથી નહિં ઉપજેલો એવો આ આત્મા નામનો પદાર્થ સ્વભાવસિદ્ધ, અનાદિ–અનંત અને સાહજિક છે એમ ઠરે છે.

---

૪. જુઓ શ્રી સમયસાર પ્રવચનસારની શ્રી અમૃતચન્દ્રસૂરિકૃત ટીકાઓના પરિશિષ્ટો

૧. શ્રી કુંદકુંદાચાર્ય વિરચિત પંચાસ્તિકાય, ૧૨૨ (શ્રી હિ. જે. શાહ કૃત ગુજરાતી પદ્યાનુવાદ).

૨. શ્રી બૃહદ્‌દ્રવ્યસંગ્રહ, ૩–૪, શ્રી પંડિતપ્રવર જયચંદજી છાવડાકૃત ભાષાવચનિકા (આત્મા છે: ઉપયોગમય છે, અમૂર્ત છે, કર્ત્તા છે, ભોક્તા છે, શરીરપ્રમાણ છે, સંસારી છે, સિદ્ધ છે, ઊર્ધ્વગમનસ્વભાવી છે. આ નવ દ્વારથી આત્માનું વર્ણન કર્યું છે..

કેમ કે તેની ઉત્પત્તિ માટે કોઈ પણ સંયોગો અનુભવ યોગ્ય થતા નથી. કોઈ પણ સંયોગી દ્રવ્યથી ચેતનસત્તા પ્રગટ થવા યોગ્ય નથી. માટે અનુત્પન્ન છે. અસંયોગી હોવાથી અવિનાશી છે, કેમ કે જેની કોઈ સંયોગથી ઉત્પત્તિ ન હોય, તેનો કોઈને વિશે લય પણ હોય નહીં.

ત્રીજું પદઃ આત્મા કર્તા છે. સર્વ પદાર્થ અર્થક્રિયાસંપન્ન છે. કંઈ ને કંઈ પરિણામક્રિયા સહિત જ સર્વ પદાર્થ જોવામાં આવે છે. આત્મા પણ ક્રિયાસંપન્ન છે. ક્રિયાસંપન્ન છે માટે કર્તા છે.

---

આ ઉપરાંત બીજી પણ કેટલીક હકીકતોનો સૂક્ષ્મ વિચાર કરવાથી આત્માના નિત્યપણાનું અનુમાન થઈ શકે છે.

(૧) એક જ કુટુંબમાં જન્મેલા, એક જ કેળવણીને પામેલા, બે બાળકોના વ્યક્તિત્વમાં ખૂબ જ જુદાપણું દેખાય છે; જે પૂર્વકર્મની સત્તા સાબિત કરે છે. પૂર્વ-જન્મ સાબિત થતાં આત્માનું નિત્યત્વ સ્વયં પુરવાર થઈ જાય છે.

(૨) ઉંદર-બિલાડી, મોર-સાપ વગેરે જન્મજાત વૈર પૂર્વસંસ્કાર સૂચવે છે.

(૩) સર્પ વગેરે પ્રાણીઓમાં ક્રોધાદિ વિશેષ પ્રમાણમાં દેખાય છે. યથા—

> "ક્રોધાદિ તરતમ્યતા સર્પાદિકની માંય
> પૂર્વજન્મ સંસ્કાર તે, જીવનિત્યતા ત્યાંય."[૧]

(૪) કેટલાક સંત-મહાત્માઓને કે અન્ય વ્યક્તિઓને પોતાના પૂર્વભવોનું સ્પષ્ટ જ્ઞાન થાય છે, જેને જાતિસ્મરણજ્ઞાન કહેવામાં આવે છે.

**ત્રીજું પદ**: હવે શ્રીગુરુ ત્રીજા પદની પ્રરૂપણા કરે છે જેમાં 'આત્મા કર્તા છે' તે સિદ્ધાંત રજૂ કરે છે. આ જગતમાં જે કાંઈ જડ કે ચેતન પદાર્થો દેખાય છે તે સર્વમાં કાંઈ ને કાંઈ ફેરફાર થતો જોવામાં આવે છે, પછી ભલે તે સ્થૂળ હોય કે સૂક્ષ્મ; અથવા એક પ્રકારનો હોય કે અનેક પ્રકારનો. પ્રત્યક્ષપણે દેખવામાં આવતા આ ફેર-ફારોનો તે તે પદાર્થ કર્તા છે. પદાર્થોમાં થતી આ ક્રિયા(પરિણમન, અવસ્થા)નું વિવેચન પૂર્ણજ્ઞાની એવા શ્રીજિન પરમાત્માએ અનેક દૃષ્ટિથી કર્યું છે.

પદાર્થમાં થતાં આ વિધવિધ પરિણામોની વ્યવસ્થાને યથાર્થ સમજવા માટે સાપેક્ષ દૃષ્ટિની આવશ્યકતા છે. જે જે દૃષ્ટિથી તે પરિણામ જોવામાં આવે તે દૃષ્ટિ (આંશિક જ્ઞાન—point of view)ને નય કહીએ અને તેવા મુખ્ય સાત નય છે. એમનાં નામ

---

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૬૭.

**તે કર્તાપણું ત્રિવિધ શ્રીજિને વિવેચ્યું છે; પરમાર્થથી સ્વભાવપરિણતિએ નિજસ્વરૂપનો કર્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધસહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્તા છે.**

---

નૈગમનય, સંગ્રહનય, વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય, અને એવંભૂતનય –એમ છે.[1] અહીં અધ્યાત્મનું પ્રયોજન હોવાથી તે સાત નયોને સંક્ષેપીને, કરુણાસાગર શ્રીગુરુએ આત્માનું પરિજ્ઞાન કરાવવા અને તેનો કર્તા-કર્મ-સંબંધ બતાવવા માટે મુખ્ય એવા ત્રણ નયોનું આલેખન કર્યું છે. આત્માનું કર્તા-કર્મપણું આ ત્રણ મુખ્ય નયો દ્વારા નીચે પ્રમાણે જાણવું.

પ્રથમ, નિશ્ચયદૃષ્ટિએ જોતાં દરેક આત્મા પોતપોતાની પરિણતિનો કર્તા છે. અહીં એમ સમજવું કે મોક્ષમાર્ગમાં રત્નત્રયરૂપે (સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્રની એકતારૂપે) આત્માની જે અવસ્થા સાધનાકાળ દરમ્યાન પ્રગટે છે તે પરિણતિનો ઉત્પાદન-કર્તા આત્મા પોતે જ છે અને સંસાર-અવસ્થામાં આત્માને અજ્ઞાન-અસંયમને લીધે જ શુભાશુભ ભાવો પ્રગટે છે. માટે એમ નક્કી કરવું કે, યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો સદ્ભાવ હોતાં, શુભાશુભ ભાવોની ઉત્પત્તિમાં અને શુદ્ધ ભાવોની ઉત્પત્તિમાં આત્મા પોતે જ કર્તા થઈને પરિણમે છે, બીજું કોઈ નહિ. કહ્યું છે કે, 'આત્મા તો સદા પોતાના ભાવોને કરે છે અને પરદ્રવ્ય પરના ભાવોને કરે છે; કારણ કે પોતાના ભાવો છે તે તો પોતે જ છે અને પરના ભાવો છે તે પર છે.'[2] આમ શુદ્ધનિશ્ચયનયની અપેક્ષાએ આત્માનું કર્તાકર્મપણું કહ્યું.

હવે બીજી દૃષ્ટિએ આત્માનું કર્તાપણું જણાવતાં કહે છે કે જેવો જેવો ભાવ આત્મા કરે, તેવા તેવા પ્રકારના કર્મપરમાણુઓનો તેની સાથે (આશ્રવબંધરૂપે) સંબંધ થઈ જાય છે. આ સંબંધને સત્યાર્થ કહ્યો છે કારણ કે આત્માના ભાવને અને કર્મપરમાણુની જાત-જથ્થો-રસ વગેરેને નિયમિત સંબંધ છે. મતલબ એમ છે કે આત્મપરિણામને અનુરૂપ અને અનુકૂળ હોય તેવો જ કર્મબંધ થાય છે, જેની વિશેષ વ્યવસ્થા

---

૧. તત્ત્વાર્થસૂત્ર, ૧/૩૩.

૨. आत्मभावान् करोत्यात्मा परभावान् सदा परः ।
आत्मैव ह्यात्मनो भावाः परस्य पर एव ते ॥ ઙ્યાત્મનો

—સમયસારકળશ, ૫૬.

કર્મસિદ્ધાંતથી જાણવી. આમ હોવા છતાં, આત્મા ચેતન છે અને કર્મપરમાણુ જડ અને અન્ય દ્રવ્યરૂપ છે માટે આ નયને અનુપચરિત સદ્‌ભુત વ્યવહારનય કહી તે દષ્ટિએ આત્માને (જ્ઞાનાવરણાદિ દ્રવ્ય) કર્મોનો કર્તા કહ્યો. આમ બે નયની અપેક્ષાએ આત્માના કર્તાકર્મપણાનું વ્યાખ્યાન કર્યું.

હવે ઉપચારની અપેક્ષાએ કથન કરે છે. ઘર, નગર આદિ જગતના પદાર્થોનો આત્મા સાથે એકક્ષેત્રે સંબંધ નથી. જેમ કર્મપરમાણુ આત્મા સાથે જોડાયેલા છે, તેમ ઘર-નગર આદિ જોડાયેલાં નથી, અર્થાત્ સ્થૂળપણે પણ તે બધાં આત્માથી ભિન્ન છે. આ કારણથી ઘર, નગર આદિના નિર્માણમાં આત્માને કર્તા કહેવો તે ઉપચાર માત્ર છે. પ્રત્યક્ષ ભિન્નક્ષેત્રવાળાં હોવાથી તેમ કહેવું તે એક લોકવ્યવહાર અથવા સમાજવ્યવસ્થા છે, માટે તે પરમાર્થદષ્ટિએ જોતાં સત્યાર્થ નથી. આમ હોવા છતાં, સમાજવ્યવસ્થાની દૃષ્ટિએ તે સત્ય છે. જો તેને સર્વથા અસત્યાર્થ માનવામાં આવે તો સ્વધન-પરધન, સ્વ-સ્ત્રી પર-સ્ત્રી વગેરેના વિવેકનો અભાવ થશે. જો પરમાર્થમૂલક સદ્‌વ્યવહારરૂપ વિવેકનો લોપ કરવામાં આવે તો તીર્થવ્યવસ્થા બની શકતી નથી.

આમ, અનેકાંત પારમેશ્વરી વિદ્યામાં શ્રીગુરુઓએ જ્યાં જેમ ઉપદેશ કર્યો છે ત્યાં તેમ જાણવું,[1],[2] ત્યાં તેમ શ્રદ્ધવું અને ત્યાં તેમ આચરવું, જેથી સાધક-મુમુક્ષુને ઉંચી ઉંચી ભૂમિકાની પ્રાપ્તિ થઈ, અંતે મોક્ષપદની પ્રાપ્તિ થાય. કહ્યું છે કે :—

"કોઈ નય જ્યાં દુભાતો નથી એવા જ્ઞાનીના વચનને અમે નમસ્કાર કરીએ છીએ. જેણે જ્ઞાનીના માર્ગની ઇચ્છા કરી હોય એવા પ્રાણીએ નયાદિકમાં ઉદાસીન રહેવાનો અભ્યાસ કરવો; કોઈ નયમાં આગ્રહ કરવો નહીં અને કોઈ પ્રાણીને એ વાટે દુભાવવું નહીં અને એ આગ્રહ જેને મટચો છે, તે કોઈ વાટે પણ પ્રાણીને દુભાવવાની ઇચ્છા કરતો નથી." [3]

આ પ્રમાણે વિવિધ નયોની અપેક્ષાએ 'આત્મા કર્તા છે' એવું ત્રીજું પદ પ્રતિપાદિત કર્યું.

---

૧. જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;
ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.
—શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ગાથા ૮

૨. જે નય સાપેક્ષ છે તે સુનય છે અને જે નિરપેક્ષ છે તે દુર્નય છે. સુનયોથી જ નિયમપૂર્વક સમસ્ત વ્યવહારોની સિદ્ધિ થાય છે.
—શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ૨૬૬

૩. શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૨૦૮

ચોથું પદ : 'આત્મા ભોક્તા છે.' જે જે કંઇ ક્રિયા છે તે તે સર્વ સફળ છે, નિરર્થક નથી. જે પણ કંઈ કરવામાં આવે તેનું ફળ ભોગવવામાં આવે એવો પ્રત્યક્ષ અનુભવ છે.

વિષ ખાધાથી વિષનું ફળ, સાકર ખાવાથી સાકરનું ફળ, અગ્નિસ્પર્શથી તે અગ્નિસ્પર્શનું ફળ, હિમને સ્પર્શ કરવાથી હિમસ્પર્શનું જેમ ફળ થયા વિના રહેતું નથી, તેમ કષાયાદિ કે અકષાયાદિ જે કંઈ પણ પરિણામે આત્મા પ્રવર્તે તેનું ફળ પણ થવા યોગ્ય જ છે, અને તે થાય છે. તે ક્રિયાનો આત્મા કર્તા હોવાથી ભોક્તા છે.

---

**ચોથું પદ** : હવે આગળ 'આત્મા ભોક્તા છે' એવું ચોથું પદ પ્રતિપાદિત કરે છે. પ્રત્યક્ષ પ્રમાણથી સમજાવતાં શ્રીગુરુ કહે છે કે જે જે કોઈ ક્રિયા આપણે કરીએ છીએ તે તે ક્રિયાનું ફળ પણ આપણા અનુભવમાં આવે છે, કારણ કે તે ક્રિયા સાથે જ તે ક્રિયાના ભોક્તાપણાનો સંબંધ અભિવ્યક્ત થતો જોવામાં આવે છે. ખાવાથી ભૂખની વેદના અને પાણીથી તૃષાની વેદના દૂર થાય છે તેવો આપણને સૌને અનુભવ છે. અહીં વિશેષ સ્પષ્ટીકરણ અને અનુભવની વિવિધતા દર્શાવવા અનેક દૃષ્ટાંતો આપવામાં આવે છે કે ઝેર ખાવાથી ઝેર ચડે છે, સાકર ખાવાથી ગળપણનો (ગળ્યા-મીઠા રસનો) અનુભવ થાય છે. અગ્નિને અડકવાથી ચામડી દાઝે છે અને ફોલ્લા પણ ઊઠે છે અને બળતરા વેદવામાં આવે છે. બરફને અડકવાથી ખૂબ જ શીત(ઠંડક)નો અનુભવ થાય છે (બહુ ઠંડક હોય તો ચામડી તતડી જાય છે, જેને frost-bite કહે છે).

ઉપર દર્શાવવામાં આવી તે વિવિધ વેદનાઓનો અનુભવ કરનાર આત્મા પોતે જ છે, કારણ કે આવો અનુભવ જડ પદાર્થને થઈ શકતો નથી. ઉપર કહ્યા તેવા શીત-ઉષ્ણ આદિ ભાવોનું વેદન જેવી રીતે આત્મા કરે છે તે જ રીતે બીજા પણ જે કામ, ક્રોધ, લોભ, મદ, મત્સરાદિ કષાયો(વિભાવભાવો)નું તથા ક્ષમા, વિનય, સંતોષ, મૈત્રી આદિ વિશુદ્ધ આત્મિક ભાવોનું પણ આત્મા પોતે જ વેદન કરે છે. વળી, જેમ વિવિધ વિકારોનો અનુભવ કરનાર આત્મા પોતે જ છે તેમ નિર્વિકાર ચૈતન્ય ભાવનું વેદન કરનાર પણ આત્મા પોતે જ છે. આ પ્રમાણે આત્મા પોતે જ પાપરૂપ અશુભ ભાવોનો ભોક્તા થાય છે. પુણ્યરૂપ શુભ ભાવોનો ભોક્તા થાય છે અથવા સાક્ષાત્ ધર્મરૂપ શુદ્ધ ભાવોનો ભોક્તા થાય છે. આવું, વિવિધ ભાવોની પરિણતિરૂપ જે કાર્ય, તેનો આ આત્મા પોતે જ **સ્વયં** કર્તા બનવાથી ભોક્તા બને છે.

પાંચમું પદ : 'મોક્ષપદ છે.' જે અનુપચરિત વ્યવહારથી જીવને કર્મનું કર્ત્તાપણું નિરૂપણ કર્યું, કર્ત્તાપણું હોવાથી ભોક્તાપણું નિરૂપણ કર્યું, તે કર્મનું ટળવાપણું પણ છે; કેમ કે પ્રત્યક્ષ કષાયાદિનું તીવ્રપણું હોય, પણ તેના અનભ્યાસથી, અપરિચયથી, તેને ઉપશમ કરવાથી, તેનું મંદપણું દેખાય છે, તે ક્ષીણ થવા યોગ્ય દેખાય છે, ક્ષીણ થઈ શકે છે. તે તે બંધભાવ ક્ષીણ થઈ શકવા યોગ્ય હોવાથી, તેથી રહિત એવો જે શુદ્ધ આત્મસ્વભાવ તે રૂપ મોક્ષપદ છે.

છઠ્ઠું પદ : તે 'મોક્ષનો ઉપાય છે.'

---

**પાંચમું પદ** : 'મોક્ષપદ છે.' આત્મા પોતાના કર્મનો કર્ત્તા અને ભોક્તા છે એમ પ્રતિપાદિત કરી હવે તે આત્માને તેવું કર્ત્તા–ભોક્તાપણું જ્યાં સર્વથા ટળી જાય છે એવું શુદ્ધ સ્વભાવરૂપ અને સર્વ પ્રકારની કર્મમલિનતાથી રહિત એવું મોક્ષપદ છે એમ હવે ઉપદેશે છે.

અનેક જીવોમાં ક્રોધાદિ વિકારી ભાવોનું તીવ્રપણું દેખાય છે, જ્યારે બીજા સાધકોમાં તેવા ભાવોનું મંદપણું દેખાય છે જેથી પુરવાર થાય છે કે ક્રોધાદિ વિકારી ભાવોને સમ્યક્પણે જો આત્માના ક્ષમાદિ સ્વભાવના લક્ષે ઘટાડવામાં આવે તો ધીમે ધીમે તેની માત્રા ઓછી થતી જાય છે અને તે પ્રક્રિયાને ઠેઠ સુધી લંબાવવામાં આવે તો આખરે તેવા વિકારોનો સર્વથા અભાવ થઈ આત્માનો મૂળ શુદ્ધ સ્વભાવ પ્રગટી શકે છે. ચૈતન્યની આવી શુદ્ધ, નિર્મળ જે સ્વભાવદશા તેને મોક્ષ કહેવામાં આવે છે. આત્માના જ્ઞાન-આનંદ આદિ ગુણોનો જ્યાં પૂર્ણ વિકાસ થાય છે તેવી આ મુક્ત દશા સદેહે પણ હોઈ શકે છે. (જેને તેરમા ગુણસ્થાનવર્તી અરિહંત કહે છે) અને દેહ-રહિતપણે પણ હોઈ શકે છે (જેને વિદેહમુક્ત અથવા ચૌદમા ગુણસ્થાનવર્તી સિદ્ધ–પરમાત્મા કહે છે). આ પ્રમાણે 'મોક્ષપદ છે' એમ સિદ્ધ કર્યું.

**છઠ્ઠું પદ** : તે 'મોક્ષનો ઉપાય છે.' ઉપર જે 'મોક્ષપદ'નું પ્રતિપાદન કર્યું તે મોક્ષપદને પ્રાપ્ત કરી શકાય છે એમ હવે જણાવે છે.

આ જીવ અનાદિકાળથી પોતાના અજ્ઞાન-અસંયમના ભાવોને આધીન થયો થકો કર્મબંધનાં કારણોને સેવે છે અને તેથી તેને નવો કર્મબંધ થયા જ કરે છે./આ શુભાશુભ કારણોનું વિવરણ પૂર્વાચાર્યોએ નીચે પ્રમાણે કર્યું છે:

(૧) મિથ્યાત્વ=ઊંધી માન્યતા, ખોટી શ્રદ્ધા.

જો કદી કર્મબંધ માત્ર થયા કરે એમ જ હોય, તો તેની નિવૃત્તિ કોઈ કાળે સંભવે નહીં; પણ કર્મબંધથી વિપરીત સ્વભાવવાળાં એવાં જ્ઞાન, દર્શન, સમાધિ*, વૈરાગ્ય, ભક્ત્યાદિ સાધન પ્રત્યક્ષ છે.

---

(૨) અવિરતિ=અસંયમ. પાંચ ઈન્દ્રિયો અને મનનો નિરોધ ન કરવો અને પ્રાણીહિંસાથી ન બચવું તે.

(૩) પ્રમાદ=અસાવધાની, આળસ, ઊંઘ, ધર્મમાં અનાદરબુદ્ધિ.

(૪) કષાય=ક્રોધ, માન, માયા, લોભ વગેરે વિભાવભાવો.

(૫) યોગ=મન, વચન, કાયાની પ્રવૃત્તિઓ.

અહીં, ઉપર કહ્યાં તેવાં બંધ થવાનાં કારણોથી જીવને જે બંધ થાય છે તે જો થયા જ કરે તો જીવ નિર્બંધ (મોક્ષ) દશાને કેવી રીતે પામી શકે? માટે તે તે બંધનાં કારણોથી વિરુદ્ધ પ્રકારના ભાવો સેવવાથી તે કર્મબંધનો નિરોધ થઈ શકે છે અને ક્રમે કરીને જીવ મોક્ષદશાને પામી શકે છે. તો કયા કયા ભાવો સેવવાથી કર્મબંધ મંદ પડે, શિથિલ થાય અથવા ક્ષીણ થઈ જાય તે હવે સમજાવે છે.

પ્રથમ ઉપાય જ્ઞાન કહ્યો. સત્સંગ સદ્ગુરુના યોગે આત્માને આત્મા માનવો અને દેહાદિ પર પદાર્થોને પર માનવા અને તે પર પદાર્થોમાંથી અહંબુદ્ધિ-મમત્વબુદ્ધિ ઘટાડી દેવી તેને જ્ઞાન કહેવાય છે. કહ્યું છે કે

> છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ, મૂળ મારગ...
> એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ, મૂળ મારગ.... *

જ્ઞાન તો તે કે જેનાથી બાહ્યવૃત્તિઓ રોકાય છે, સંસાર પરથી ખરેખરી પ્રીતિ ઘટે છે, સાચાને સાચું જાણે છે. જેનાથી આત્મામાં ગુણ પ્રગટે તે જ્ઞાન. +

બીજો ઉપાય દર્શન કહ્યો. દર્શન એટલે જીવ-અજીવ વગેરે તત્ત્વોને યથાર્થપણે—જેમ છે તેમ—અંતરમાં શ્રદ્ધવા તે.[1] પ્રશમ, વૈરાગ્ય, દયા અને આસ્તિક્યવાળું એક (વ્યવહાર) સમ્યગ્દર્શન છે. આત્માની (અનંતાનુબંધીના વ્યુચ્છેદથી) શુદ્ધિરૂપ માત્ર બીજું (નિશ્ચય) સમ્યગ્દર્શન છે.[2]

---

* શ્રીમદ્ રાજચન્દ્ર, ૭૧૫.

\+ એજન, ઉપદેશછાયા, ૧૨.

૧. तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् । તત્વાર્થસૂત્ર, ૧/૨.

૨. (અનુષ્ટુપ) एकं प्रशमसंवेगदयास्तिक्यलक्षणम् ।
आत्मनः शुद्धिमात्रं स्यादितरच्च समन्ततः। જ્ઞાનાર્ણવ, અવતરણગાથા.

જે સાધનના બળે કર્મબંધ શિથિલ હોય છે, ઉપશમ પામે છે, ક્ષીણ હોય છે. માટે તે જ્ઞાન, દર્શન, સંયમાદિ મોક્ષપદના ઉપાય છે.

ત્રીજો ઉપાય સમાધિ કહ્યો. આત્માને અધિક જાણવાથી જગતના પદાર્થોમાં ઇષ્ટ અનિષ્ટ-બુદ્ધિરૂપ વિષમ ભાવનો અભાવ તે સમાધિ. આત્મ-પરિણામની સ્વસ્થતાને શ્રીતીર્થંકર સમાધિ કહે છે.[3] કહ્યું છે કે

(હરિગીત)

ચારિત્ર છે તે ધર્મ છે, ને ધર્મ છે તે સામ્ય છે;
ને સામ્ય જીવનો મોહક્ષોભવિહીન નિજ પરિણામ છે.[4]

આ રત્નત્રય (દર્શન–જ્ઞાન–સંયમ) પરમાર્થથી એકસાથે પ્રગટે છે. તેનું સ્વરૂપ નીચે પ્રમાણે કહ્યું છે :

(ગીતિ)

જે ચેતન જડ ભાવો અવલોક્યા છે મુનીન્દ્ર સર્વજ્ઞે
તેવી અંતર આસ્થા, પ્રગટ્યે દર્શન કહ્યું છે તત્ત્વજ્ઞે.
સમ્યક્ પ્રમાણ પૂર્વક, તે તે ભાવો જ્ઞાનવિષે ભાસે;
સમ્યગ્જ્ઞાન-કહ્યું તે, સંશય વિભ્રમ મોહ ત્યાં નાશ્યે.
વિષયારંભ નિવૃત્તિ, રાગદ્વેષનો અભાવ જ્યાં થાય;
સહિત સમ્યક્દર્શન, શુદ્ધ ચરણ ત્યાં સમાધિ સદુપાય.[5]

ચોથો ઉપાય વૈરાગ્ય કહ્યો. દેહ, સંસાર અને ભોગના પદાર્થો પ્રત્યે અનાસક્ત બુદ્ધિનું ઉપજવું તે વૈરાગ્ય છે. જેનો રાગ ઓછો થઈ ગયો છે તેવા વિરાગી પુરુષનો ભાવ તે વૈરાગ્ય છે.

પાંચમા ઉપાય તરીકે ભક્તિ આદિ સાધન કહ્યાં. પરમાત્મા અને સદ્ગુરુ પ્રત્યે, તેમના ગુણોની સાચી ઓળખાણપૂર્વક નિઃસ્વાર્થ અનુરાગ કરવો તે ભક્તિ. 'જ્ઞાની પુરુષનો આશ્રય કરવારૂપ ભક્તિમાર્ગ જિને નિરૂપણ કર્યો છે, કે જે માર્ગ આરાધવાથી સુલભપણે જ્ઞાનદશા ઉત્પન્ન થાય છે.'[1]

ભક્તિના મુખ્ય નવ પ્રકાર બતાવ્યા છે.

---

૩. શ્રીમદ્ રાજચન્દ્ર, ૫૬૮.

૪. પ્રવચનસાર, ૭ (હિં. જે. શાહ કૃત ગુજરાતી પદ્યાનુવાદ).

૫. શ્રીમદ્ રાજચન્દ્ર પત્રાંક, ૭૨૪.

૧. શ્રીમદ્ રાજચન્દ્ર, ૫૭૨.

શ્રી જ્ઞાની પુરુષોએ સમ્યક્દર્શનના મુખ્ય નિવાસભૂત કહ્યાં એવાં આ છ પદ અત્રે સંક્ષેપમાં જણાવ્યાં છે. સમીપમુક્તિગામી જીવને સહજ વિચારમાં તે સપ્રમાણ થવા યોગ્ય છે, પરમ નિશ્ચયરૂપ જણાવા યોગ્ય છે, તેનો સર્વ વિભાગે વિસ્તાર થઈ તેના આત્મામાં વિવેક થવા યોગ્ય છે. આ છ પદ અત્યંત સંદેહરહિત છે એમ પરમપુરુષે નિરૂપણ કર્યું છે. એ છ પદનો વિવેક જીવને સ્વસ્વરૂપ સમજવાને અર્થે કહ્યો છે.

---

શ્રવણ કીર્તન ચિંતવન, વન્દન સેવન ધ્યાન
લઘુતા સમતા એકતા નવધા ભક્તિ પ્રમાણ[2]

આ પ્રકારે સંક્ષેપમાં બંધનાં કારણોથી વિપરીત સ્વભાવવાળા મુખ્ય પાંચ ભાવો મોક્ષપદની પ્રાપ્તિના ઉપાયરૂપે બતાવ્યા, જે કારણો સેવવાથી કર્મબંધ અટકે છે અને મોક્ષપદ ક્રમે કરીને પ્રગટે છે. કહ્યું છે :

(દોહા)

જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ,
તે કારણ છેદક દશા, મોક્ષપંથ ભવ અંત. ૯૯
કર્મ મોહનીય ભેદ બે દર્શન ચારિત્ર નામ,
હણે બોધ વીતરાગતા, અચૂક ઉપાય આમ. ૧૦૩
કર્મબંધ ક્રોધાદિથી, હણે ક્ષમાદિક તેહ,
પ્રત્યક્ષ અનુભવ સર્વને, તેમાં શો સંદેહ ? [3] ૧૦૪
રત્નત્રય ગહ ભવિક જન, જિનઆજ્ઞા સમ ચાલિયે,
નિશ્ચય કર આરાધના કરમ બંધકો જાલિયે.[4]

આ પ્રમાણે 'મોક્ષનો ઉપાય છે' એવા છઠ્ઠા પદનું વ્યાખ્યાન પૂરું થયું.

જેમણે શુદ્ધ આત્માનો અનુભવ કર્યો છે તેવા જ્ઞાની મહાત્માઓએ એમ કહ્યું છે કે, જે સાધકજીવ આ છ પદને સેવે છે તે સમ્યક્ત્વને સેવે છે કારણ કે સમ્યક્ત્વ(યથાર્થ દૃષ્ટિ)ની પ્રાપ્તિમાં આ છ પદનું પરિજ્ઞાન મૂળભૂત છે. જે કોઈ સાચો-ભવ્ય-જિજ્ઞાસુ -સાધક, મધ્યસ્થ થઈને આ છ પદનો શાંતિથી વિચાર કરે છે તેને તે પદોની અંદર રહેલું શાશ્વત સત્ય સમજાતું જાય છે અને વિવેકજ્ઞાનની જ્યોતિ તેના હૃદયમાં જાગ્રત થાય છે. વસ્તુસ્વરૂપનો નિઃશંકપણે તેના અંતરમાં નિર્ધાર થતાં તેને જરૂર એમ ભાસે

---

૨. સમયસારનાટક, મોક્ષદ્વાર, ૮.

૩. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૯૯, ૧૦૩, ૧૦૪.

૪. શ્રી ક્ષમાવાણી-પૂજા (શ્રીમલ્લકૃત) ૫ : જ્ઞાન-દર્શન-સંયમ,

અનાદિ સ્વપ્નદશાને લીધે ઉત્પન્ન થયેલો એવો જીવનો અહંભાવ-મમત્વભાવ તે નિવૃત્ત થવાને અર્થે આ છ પદની જ્ઞાની પુરુષોએ દેશના પ્રકાશી છે. તે સ્વપ્નદશાથી રહિત માત્ર પોતાનું સ્વરૂપ છે, એમ જો જીવ પરિણામ કરે, તો સહજ માત્રમાં તે જાગૃત થઈ સમ્યક્દર્શનને પ્રાપ્ત થાય, સમ્યક્દર્શનને પ્રાપ્ત થઈ સ્વસ્વભાવ રૂપ મોક્ષને પામે. કોઈ વિનાશી અશુદ્ધ અને અન્ય એવા ભાવનેવિષે તેને હર્ષ, શોક, સંયોગ, ઉત્પન્ન ન થાય. તે વિચારે સ્વસ્વરૂપને વિષે જ શુદ્ધપણું, સંપૂર્ણપણું, અવિનાશીપણું, અત્યંત આનંદપણું, અંતરરહિત તેના અનુભવમાં આવે છે.

છે કે આ વાત જે પરમ જ્ઞાની પુરુષોએ સર્વ જીવોના કલ્યાણને અર્થે કહી છે તે ખરેખર પૂર્ણ અને શાશ્વત સત્ય છે કારણ કે તેના મૂળ ઉપદેશક પૂર્ણ જ્ઞાની પુરુષો છે.

આ છ પદનો યથાર્થ વિવેકપૂર્વક જેમ જેમ વિચાર કરવામાં આવે છે તેમ તેમ સાધકને પોતાના મૂળ શુદ્ધ આત્મસ્વરૂપનું ભાન પ્રગટ થતું જાય છે. જેમ કોઈ ભિખારીને સ્વપ્નમાં મોટું રાજપાટ મળે અને તે પોતાને મોટો રાજા માને, પણ સ્વપ્ન પૂરું થતાં જ તેને પોતાની સાચી સ્થિતિનો ખ્યાલ આવી જાય છે, તેમ પોતાના સાચા સ્વરૂપના અજ્ઞાનરૂપ જે સ્વપ્નદશા, તેને આધીન થવાથી અજ્ઞાની જીવ પોતાના નહીં એવા જગતના વિવિધ પદાર્થોમાં 'મારા'પણાની અને 'હું'પણાની કલ્પના કરે છે. આવી ભ્રાંતિરૂપ જે સ્વપ્નદશા તેનો નાશ થવા માટે મહાજ્ઞાનીઓએ કરુણાથી શાશ્વત સત્ય-સિદ્ધાંતરૂપ આ છ પદનો ઉપદેશ સંક્ષેપમાં કર્યો છે.

જેવી રીતે પેલા ભિખારીને સ્વપ્ન પૂરું થતાંની સાથે જ રાજપાટ આદિ જરા પણ મારાં નથી એવો અવશ્ય નિશ્ચય અને અનુભવ થાય છે તેવી રીતે અજ્ઞાનરૂપી સ્વપ્નદશાનો, આ છ પદના યથાર્થ બોધથી જે સાધક સુવિચારની શ્રેણીએ ચડીને નાશ કરે છે તેનો આત્મા પણ જાગ્રત થઈ જાય છે અને દિવ્ય જીવન જીવવાની યથાર્થ દૃષ્ટિની તેને પ્રાપ્તિ થઈ જાય છે. આમ, સમ્યક્ નેત્ર પ્રાપ્ત થવાથી સાધકને પોતાના આત્માના સાચા સ્વરૂપનું યથાર્થ ભાન પ્રગટે છે અને આવો પ્રબુદ્ધ સાધક ક્રમે કરીને પૂર્ણ મોક્ષદશાને પ્રાપ્ત થાય છે.

જે જીવને સ્વસ્વરૂપનો યથાર્થ બોધ પ્રગટ થાય તે જીવને જગતના પદાર્થોનું માહાત્મ્ય અંતરમાંથી ઊડી જાય છે. ક્ષણિક સુખ આપીને નાશ પામી જનારા, અપવિત્ર અને પોતાના સ્વભાવથી વિપરીત લક્ષણોવાળા એવા જગતના કોઈ પણ પદાર્થોને પ્રાપ્ત કરીને તેને અંતરંગ હર્ષ થતો નથી. અથવા તેવા પદાર્થોનો વિયોગ થઈ જવાથી તેને અંતરંગ શોક પણ ઉપજતો નથી. આમ, જગતના અનેકવિધ ચેતન, અચેતન કે મિશ્ર પદાર્થોની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં તેને સમભાવ જ રહે છે, વિષમભાવની ઉત્પત્તિ થતી નથી.

સર્વ વિભાવ પર્યાયમાં માત્ર પોતાને અધ્યાસથી ઐકયતા થઈ છે, તેથી કેવળ પોતાનું ભિન્નપણું જ છે, એમ સ્પષ્ટ પ્રત્યક્ષ–અત્યંત પ્રત્યક્ષ અપરોક્ષ તેને અનુભવ થાય છે. વિનાશી અથવા અન્ય પદાર્થના સંયોગને વિષે તેને ઇષ્ટઅનિષ્ટપણું પ્રાપ્ત થતું નથી.

જન્મ, જરા, મરણ, રોગાદિ બાધારહિત સંપૂર્ણ માહાત્મ્યનું ઠેકાણું એવું નિજસ્વરૂપ જાણી, વેદી તે કૃતાર્થ થાય છે.

---

આવો સમતાભાવ–સમદર્શિતાનો ભાવ જેને અંગીકાર કરવાથી પ્રગટે છે તેવા નિજ શુદ્ધાત્મસ્વરૂપનું અત્યંત નિર્મળપણું, અત્યંત પરિપૂર્ણપણું, નિત્યપણું અને સાતિશય આહ્લાદદાયકપણું તેના અનુભવમાં આવે છે. સમ્યગ્દૃષ્ટિને પોતાના ચૈતન્ય સ્વભાવનું લબ્ધિરૂપે નિરંતર લક્ષ રહે છે. પરંતુ ચારિત્રમોહનીયના ઉદયની બળજોરીથી તેને જે વિભાવભાવો ઉપજે છે તેને તે પોતાનું મૂળ સ્વરૂપ માનતો નથી. અનાદિકાળના અધ્યાસને આધીન થઈ જવાને લીધે જ પોતાને તે ભાવોનું કથંચિત્ વેદન થાય છે એમ તે સ્પષ્ટપણે માને છે. શુભાશુભ ઉપયોગરૂપે પરિણમવા છતાં પણ તે શુભાશુભ ભાવોની તેને રુચિ નથી અને પોતાની સર્વ શક્તિથી તેવા વિભાવભાવોથી પાછો ફરવાનો પુરુષાર્થ સમ્યગ્દૃષ્ટિ કર્યા જ કરે છે. જેટલા પ્રમાણમાં તે સ્વસંવેદન કરે છે તેટલા પ્રમાણમાં તેને તે વિભાવભાવોથી ભિન્ન એવા શુદ્ધાત્માની પ્રત્યક્ષ (અતીન્દ્રિયપણે) અનુભૂતિ થાય છે, અને આમ થવાથી જગતના કોઈ પણ ક્ષણભંગુર અને તુચ્છ પદાર્થો મળવાથી કે વિખૂટા પડવાથી તેને અંતરંગમાં હર્ષના ભાવો કે શોકના ભાવો થઈ જતા નથી, નિરંતર સમભાવ જ રહે છે. કહ્યું છે કે "દેહાત્મબુદ્ધિનો નાશ થતાં અને પરમાત્મપદનું વિશિષ્ટ જ્ઞાન થતાં જ્યાં જ્યાં મન જાય ત્યાં ત્યાં સમભાવ જ રહે છે."[1]

ફરી ફરી દેહ ધારણ કરવો તેને જન્મ કહે છે. વર્તમાન જીવનની છેલ્લી અવસ્થામાં ઇન્દ્રિયોની અને અંગોની શિથિલતાથી ઉત્પન્ન થતી અર્ધમૃતક જેવી અવસ્થા તેને ઘડપણ કહે છે. આયુષ્યની પૂર્ણતા થતાં વર્તમાન શરીરના વિયોગને મરણ કહે છે. વાત, પિત્ત, કફ આદિની અસમતુલા ઉત્પન્ન થવાથી શરીરની અસ્વસ્થ અવસ્થા થવી તેને રોગ કહે છે. આ પ્રકારના સર્વ વિઘ્નોથી અબાધિત, અનંત અનંત ઐશ્વર્યના સ્રોતરૂપ અને સંપૂર્ણ કૃતકૃત્યતારૂપ જેનો સ્વભાવ છે તેવું નિજ શુદ્ધાત્મપદ તેનો શબ્દથી, અર્થથી અને સ્વાનુભૂતિથી બોધ થયો છે જેને તેવો તે પુરુષ કથંચિત ભવના અંતને પામીને કૃતાર્થ થાય છે.

---

૧. देहाभिमाने गलिते विज्ञाते परमात्मनि ।
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः ॥
૩૦. દૃગ્દૃશ્યવિવેક,

જે જે પુરુષોને એ છ પદ સપ્રમાણ એવાં પરમ પુરુષના વચને આત્માનો નિશ્ચય થયો છે, તે તે પુરુષો સર્વ સ્વરૂપને પામ્યા છે; આધિ, વ્યાધિ, ઉપાધિ, સર્વસંગથી રહિત થયા છે, થાય છે; અને ભાવિકાળમાં પણ તેમ જ થશે.

જે સત્પુરુષોએ જન્મ, જરા, મરણનો નાશ કરવાવાળો, સ્વસ્વરૂપમાં સહજ અવસ્થાન થવાનો ઉપદેશ કહ્યો છે, તે સત્પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર છે. તેની નિષ્કારણ કરૂણાને નિત્ય પ્રત્યે નિરંતર સ્તવવામાં પણ આત્મસ્વભાવ પ્રગટે છે,

---

આ વાત ફરીથી સિદ્ધાંતરૂપે સ્થાપતાં શ્રીગુરુ કહે છે કે, જે જે કોઈ ભવ્ય આત્માઓને, પ્રત્યક્ષ-પરોક્ષાદિ સર્વ પ્રમાણોથી વિભૂષિત અને સુયુક્તિયુક્ત એવાં જે આ છ પદ તેનો પરમજ્ઞાની એવા શ્રીસત્પુરુષના પ્રત્યક્ષ ઉપદેશ આદિનો યોગ પામીને અંતરમાં અવિરુદ્ધ નિશ્ચય થાય છે તે તે સર્વ આત્માઓ મહાત્મા બની જાય છે. આમ પરમાર્થથી જેમને આવું આનંદદાયક જ્ઞાનપદ – નિજપદ – શુદ્ધાત્મપદ – પ્રગટે છે તેઓ અવશ્ય, અપાર શોકસ્વરૂપ એવા આ સંસારસમુદ્રને તરીને સર્વ માનસિક ચિંતાઓથી, શારીરિક રોગોથી અને બધી ઉપાધિઓથી રહિત થાય છે. ક્રમે કરીને તેઓને સર્વ પ્રકારના બાહ્યાંતર સંગોથી રહિત અને પરિપૂર્ણ જ્ઞાન-આનંદના રસથી છલોછલ ભરેલું એવું પરમાત્મપદ પ્રગટ થઈ જાય છે. આ વાત ત્રણે કાળને માટે પરમ સત્ય છે એવો હે ભવ્ય જીવો ! તમે અવશ્ય નિશ્ચય કરજો.

હવે, જે સાધકને શ્રીસદ્ગુરુના ઉપદેશથી સ્વસ્વરૂપની ઉપલબ્ધિ થઈ, તે સાધક, શ્રીસદ્ગુરુનો અને એવા સર્વ સત્પુરુષોનો અભૂતપૂર્વ ઉપકાર માને છે. તેમની સાચી ભક્તિ કરવાનું જે અલૌકિક ફળ અને તેમનું જે અદ્ભુત આત્મ-ઐશ્વર્ય તેને વિવિધ રીતે અભિનંદતો થકો, પરમ વિનય સહિત તેમની ભક્તિમાં આ પ્રમાણે જોડાય છે. અમે પણ તેવા વિશિષ્ટ સત્પુરુષોને મન,વચન, કાયાના ત્રિકરણ યોગોની શુદ્ધિ સહિત અત્યંત નમ્રીભૂત થઈને નમસ્કાર કરીએ છીએ. કેવા સત્પુરુષો ? તો કહે છે કે જેમની દિવ્યવાણી સંસાર તારક, અતિ મધુર, અતિ કલ્યાણકારી, સર્વ જીવોનો સર્વતોમુખી અભ્યુદય કરાવી જન્મ-જરા (ઘડપણ) અને મૃત્યુને પેલે પાર લઈ જઈ પોતપોતાના સહજાનંદ સ્વરૂપમાં સ્થિર કરાવનારી છે તેવા સત્પુરુષોને. તેવા અતિશયવાન સત્પુરુષોની ભક્તિનું વિશેષ વ્યાખ્યાન કરતાં કહે છે કે જેઓ સ્વ-પર-કલ્યાણકારક દિવ્ય જીવન વ્યતીત કરતાં થકાં, સર્વ જીવો તરફ કેવળ નિષ્કારણ દયાભાવવાળાં છે તેમના પ્રત્યે વારંવાર સ્તવન-કીર્તન-પૂજન-આદર-સત્કાર-વિનય-બહુમાનાદિ વિવિધ ભાવો સહિત વર્તવાથી સાધકોને

એવા સર્વ સત્પુરુષો, તેના ચરણારવિંદ સદાય હૃદયને વિષે સ્થાપન રહો!

જે છ પદથી સિદ્ધ છે એવું આત્મસ્વરૂપ તે જેનાં વચનને અંગીકાર કર્યે સહજમાં પ્રગટે છે, જે આત્મસ્વરૂપ પ્રગટવાથી સર્વ કાળ જીવ સંપૂર્ણ આનંદને પ્રાપ્ત થઈ નિર્ભય થાય છે, તે વચનના કહેનાર એવા સત્પુરુષના ગુણની વ્યાખ્યા કરવાને અશક્તિ છે, કેમ કે જેનો પ્રત્યુપકાર ન થઈ શકે એવો પરમાત્મભાવ તે જાણે કંઈ પણ ઇચ્છયા વિના માત્ર નિષ્કારણ કરુણાશીલતાથી આપ્યો,

---

વિશુદ્ધભાવોની પ્રાપ્તિ થાય છે અને વિશિષ્ટ સાધકોને તો તેમના જેવો શુદ્ધ આત્મ-સ્વભાવ પણ પ્રગટે છે. કહ્યું છે કે:

"આત્મા વિનયી થઈ, સરળ અને લઘુત્વભાવ પામી, સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યો છે તે મહાત્માઓની જે જાતની સિદ્ધિ છે તે જાતની સિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય.[1] આવા અચિંત્ય માહાત્મ્યવાળા, ભૂત-વર્તમાન-ભાવિ કાળના સર્વ જે સત્પુરુષો તેમનાં પરમ પુનિત ચરણકમળો, મારા ચિત્તકમળમાં ત્રિકાળ સદા જયવંત વર્તો કે જેથી તેમની લોકોત્તર પવિત્રતાનો મારા જીવનમાં સંચાર થાય, એમ પોતે પ્રાર્થના કરે છે.

સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે
દર્શનશુદ્ધતા તેહ પામે,
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીપી વસે મુક્તિ–ધામે.[2]

હવે આગળના વ્યાખ્યાનમાં, સત્પુરુષનું અને તેમનાં ગુણોનું કથંચિત્ વચનાતીતપણું સ્વીકારીને તેમના મહાન વ્યક્તિત્વને પ્રથમ તર્કથી અને પછી પ્રત્યક્ષ ગુણાતિશયથી પુરવાર કરે છે. ત્યાં પ્રથમ તર્કને અનુલક્ષીને કહે છે:

મહાન પુરુષો પણ શ્રીસત્પુરુષોને ભજે છે કારણ કે તેઓને જે શુદ્ધ ચૈતન્ય ચમત્કાર અંતરમાં પ્રગટયો છે તે ઉપર કહ્યાં તે છ પદનો યથાર્થ બોધ થવાથી પ્રગટયો છે, આ છ પદના બોધના દાતા એવા તે સત્પુરુષ જ છે કે જેમનો આત્માર્થબોધક દિવ્ય ઉપદેશ તેમના મુખકમલમાંથી નીકળતાં જ અમારા હૃદય સોંસરવો આરપાર ઊતરી ગયો અને જેણે અમારા જીવનમાં જ્ઞાનજ્યોતિ જગાવી અમને નિઃશંક, નિર્ભય અને શાશ્વત અતીન્દ્રિય આનંદરસના ભોક્તા બનાવ્યા. આવો અમારા ઉપર જેમનો અત્યંત

---

૧. શ્રીમદ્ રાજચન્દ્ર, ૫૫.

૨. શ્રીમદ્ દેવચન્દ્રજી,

એમ છતાં પણ જેણે અન્ય જીવને વિષે આ મારો શિષ્ય છે.' અથવા ભક્તિનો કર્તા છે, માટે મારો છે, એમ કદી જોયું નથી, એવા જે સત્પુરુષ તેને અત્યંત ભક્તિએ ફરી ફરી નમસ્કાર હો!

જે સત્પુરુષોએ સદ્ગુરુની ભક્તિ નિરૂપણ કરી છે તે ભક્તિ માત્ર શિષ્યના કલ્યાણને અર્થે કહી છે. જે ભક્તિને પ્રાપ્ત થવાથી સદ્ગુરુના આત્માની ચેષ્ટાને વિષે વૃત્તિ રહે, અપૂર્વ ગુણ દૃષ્ટિગોચર થઈ,

---

ઉપકાર વર્તે છે તેમનો પ્રત્યુપકાર અમે શી રીતે વાળી શકીએ અથવા કઈ રીતે તેમનાં ગુણગાન સંપૂર્ણ રીતે ગાઈ શકીએ? અહો! અમે તેમ કરવા ખરેખર અસમર્થ છીએ, કારણ કે તેઓએ અમને જે ઉપદેશરૂપ પ્રસાદ આપ્યો તેમાં તેમને કિંચિત્માત્ર પણ સ્વાર્થ નથી. તેઓ તો કેવળ કરુણાના સાગર છે અને નાત, જાત, સંપ્રદાય, દેશ, વેશ, ઉંમર કે એવા કોઈ પણ લૌકિક પ્રકારને ખ્યાલમાં રાખ્યા વગર કેવળ શિષ્યોના કલ્યાણને માટે જ તેઓની જગજ્જીવહિતકર અમૃતવાણી રૂપ ગંગા તેમના પરમ અલૌકિક દિવ્ય હિમગિરિરૂપ વ્યક્તિત્વમાંથી સહજપણે પ્રવહે છે.

હવે તેમના પ્રત્યક્ષ ગુણાતિશયની વાત સાંભળો. આવો મહાન ઉપકાર તેમણે અમ શિષ્યો ઉપર કર્યો છે છતાં પણ કોઈ પણ વેળાએ અમે તેમના શિષ્યો છીએ, તેમની ભક્તિ-સેવા કરીએ છીએ માટે અમારે તેમને આધીન થઈને વર્તવું જોઈએ એટલે કે અમારા પ્રત્યે તેમના અંતરમાં 'મારાપણા'નો ભાવ ઉદ્ભવ્યો હોય એવું અમે સ્વપ્નમાં પણ વિચારી શકતા નથી, કારણ કે તેવો અનુભવ કદાપિ અમને થયો નથી. કહો જોઈએ, કેવળ કરુણામૂર્તિ સત્પુરુષ પ્રત્યે અમારે શી રીતે વર્તવું? આથી અમે એમ જ જાણીએ છીએ કે તે સત્પુરુષો પ્રત્યેના સર્વતોમુખી ભક્તિભાવ સહિત વર્તવું એ જ અમારા પરમ શ્રેયનું કારણ છે.

હવે આગળ, સદ્ગુરુની પારમાર્થિક ભક્તિનું અને તેવી ભક્તિના ફળનું સ્વરૂપ પ્રતિપાદિત કરે છે. સદ્ગુરુની ભક્તિ તે મોક્ષસાધનાનું એક અનિવાર્ય અને અનુપમ અંગ છે એમ સર્વ જ્ઞાની પુરુષોએ સ્વીકાર્યું છે. આવી ઉત્તમ જે ગુરુભક્તિ, તેનું ફળ શિષ્યને પાત્રતાની વૃદ્ધિથી માંડીને અનેકવિધ કલ્યાણપરંપરાઓની પ્રાપ્તિ થવી તે જ છે, એમ હે ભવ્ય જીવો! તમે નિશ્ચયથી જાણો. અમારો આવો નિશ્ચય થવાનું કારણ એ છે કે જે સત્પુરુષોએ આવી સદ્ગુરુની ભક્તિની પ્રરૂપણા કરી છે તેઓના જીવનમાં સ્વાર્થનો એક અલ્પ અંશ પણ અમને દૃષ્ટિગોચર થયો નથી, કેવળ સ્વાર્થત્યાગનો ભાવ જ સમયે સમયે પ્રગટપણે દેખાયો છે.

અન્ય સ્વચ્છંદ મટે, અને સહેજે આત્મબોધ થાય એમ જાણીને જે ભક્તિનું નિરૂપણ કર્યું છે, તે ભક્તિને અને તે સત્પુરુષોને ફરી ફરી ત્રિકાળ નમસ્કાર હો !

---

આવી સાચી ગુરુભક્તિ જે શિષ્યના અંતરમાં પ્રગટ થાય તેની દશા કેવી હોય ? તે શિષ્યને શ્રીસદ્‌ગુરુની દિવ્યતાવ્યાપ્ત ચેષ્ટાઓ વારંવાર સ્મરણમાં આવે. જેમ લોભીનું મન ધનમાં અને સતીનું મન ભરથારમાં રહે છે તેમ તેનું મન પણ શ્રીસદ્‌ગુરુના લોકોત્તર વ્યક્તિત્વની નિરંતર ઝાંખી કર્યા કરે છે. તેઓશ્રીનું વિશિષ્ટ જ્ઞાન, નિર્મળ ધ્યાન, વિવિધલક્ષી તપ, તીવ્ર વૈરાગ્ય, અંતર્મુખ દશા, સત્યપરાયણતા, બ્રહ્મનિષ્ઠા, ક્ષમા, અલૌકિક – શ્રદ્ધા, સર્વાત્મભાવ, અમૃતમય વાણી અને અવિરત આત્મજાગૃતિ આદિ અનેક અદ્‌ભૂત ગુણોની સ્મૃતિ અને લક્ષ તેને રહ્યા જ કરે છે. તે કહે છે :

(દોહરા)

અહો ! અહો ! શ્રીસદ્‌ગુરુ કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
શું પ્રભુ ચરણ કને ધરું આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો વર્તું ચરણાધીન.[1]

મોહે લાગી લટક ગુરુ–ચરણનકી
ચરણ બિના મુઝે કછુ નહિ ભાવે.[2]
ઝૂઠ માયા સબ સપનનકી...મોહે લાગી૦

(દોહરા)

‘તીરથ નાહે એક ફલ, સંત મિલે ફલ ચાર;
સદ્‌ગુરુ મિલે અનેક ફલ, કહત કબીર વિચાર.

વળી જે સાધકને સદ્‌ગુરુની ભક્તિ પ્રગટે તેને નિજછંદથી ચાલવાની વૃત્તિ રહેતી નથી. જે જીવન જીવવાથી પોતાના આત્માનું દિનપ્રતિદિન કલ્યાણ થતું જાય તે જીવન-રીતિને તે અપનાવે છે અને આ જગતમાં અદ્‌ભૂત – અપૂર્વ સદ્‌ગુણોના નિધિ અને સર્વથા અનુસરવા યોગ્ય આ મારા શ્રી સદ્‌ગુરુદેવ જ છે એવો તેને નિરંતર નિશ્ચય રહે છે અને તે નિશ્ચયને અનુસરવાનો તે સર્વશક્તિથી પુરુષાર્થ કરે છે. જે આમ કરે, તેને શાશ્વત મોક્ષમાર્ગની આરાધના અવશ્યપણે બને છે અને સહજ-શુદ્ધ-ચૈતન્ય-આત્મસ્વરૂપનો બોધ તેના જીવનમાં ઉદય પામતાં તે કૃતકૃત્ય થાય છે.

---

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૨૪–૧૨૫.
૨. ભક્તિશિરોમણિ મીરાંબાઈ.

જો કદી પ્રગટપણે વર્તમાનમાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઈ નથી, પણ જેના વચનના વિચારયોગે શક્તિપણે કેવળજ્ઞાન છે એમ સ્પષ્ટ જાણ્યું છે,

---

આ પ્રમાણે શ્રીસદ્‌ગુરુની ભક્તિ પ્રગટ થવાથી આલોક-પરલોકમાં સંપૂર્ણ કલ્યાણપરંપરાઓની પ્રાપ્તિ સહિત નિર્વિકલ્પ સમાધિનું સુખ પ્રગટે છે, માટે તેવી શ્રી ગુરુની ભક્તિને અને તેવી ભક્તિના ઉપદેશક જે શ્રીસત્પુરુષો તેમને, અમે ફરી ફરી અંતઃકરણના સાચા ભાવથી સર્વથા સર્વકાળ ભજીએ છીએ.

હવે, ઉપસંહારરૂપે, શ્રી સદ્‌ગુરુના બોધને અંગીકાર કરવાથી પોતાના જીવનમાં કેવો મહત્‌ ઉપકાર થયો છે તેનું સંસ્મરણ કરતાં થકાં કહે છે —

અમારા આ આત્માએ ભરતક્ષેત્રમાં કળિયુગમાં મનુષ્યદેહ ધારણ કર્યો છે અને તેથી સંપૂર્ણ પરમાત્મપદની પ્રાપ્તિની યોગ્યતા આ ભવમાં દ્રવ્ય – ક્ષેત્ર – કાળ – ભાવ જોતાં સંભવિત જણાતી નથી, છતાં પણ શ્રી સદ્‌ગુરુના અપૂર્વ – અલૌકિક ઉપદેશને ગ્રહણ કરવાથી અમારા વર્તમાન જીવનમાં પરમાત્મપદની—કેવળજ્ઞાનની સ્પષ્ટપણે પ્રતીતિ થઈ ગઈ છે. શબ્દથી, અર્થથી અને સ્વાનુભૂતિના અંશોથી પરમાત્મપદનો અમને નિઃશંકપણે જે નિશ્ચય થયો છે તે અમારા શ્રીસદ્‌ગુરુદેવની નિષ્કારણ કરૂણાનું ફળ છે એમ હે ભવ્ય જીવો ! તમે પણ જાણો.

હવે પોતાને જે શુદ્ધાત્મ દશા પ્રગટ થઈ છે તેનું સાપેક્ષ દૃષ્ટિથી અને અધ્યાત્મ-પદ્ધતિથી વિશેષ વિવરણ કરે છે. શુદ્ધ સમ્યક્‌ત્વ પ્રગટ થયું છે તે કેવળજ્ઞાનરૂપી આત્માનો એક અંશ જ છે કારણ કે "સર્વગુણાંશ તે સમ્યક્‌ત્વ" એમ આગમવચન છે. સમ્યક્‌ત્વ અને કેવળજ્ઞાન બન્નેમાં એ રીતની સમાનતા છે કે બન્ને અતીન્દ્રિયસ્વરૂપ અને સહજશુદ્ધભાવરૂપ છે. આમ હોવાથી જ સમ્યક્‌ત્વી જીવને અવશ્ય અમુક કાળમાં મોક્ષની પ્રાપ્તિ કહી છે અને અધ્યાત્મપદ્ધતિમાં તેનું ઘણું જ બહુમાન કરેલું છે. યથા —

(સવૈયા છંદ)

ભેદવિજ્ઞાન જગ્યો જિનકે ઘટ,
  શીતલ ચિત્ત ભયો જિમ ચંદન
કેલિ કરે સિવ મારગમેં
  જગમાંહિ જિનેસરકે લઘુનંદન
સત્યસ્વરૂપ સદા જિનકે
  પ્રગટયો અવદાત મિથ્યાત-નિકંદન
શાંતદસા તિનકી પહિચાનિ
  કરૈ કર જોરિ બનારસી વન્દન.

શ્રદ્ધાપણે કેવળજ્ઞાન થયું છે, વિચારદશાએ કેવળજ્ઞાન થયું છે, ઇચ્છાદશાએ કેવળજ્ઞાન થયું છે, મુખ્યનયના હેતુથી કેવળજ્ઞાન વર્તે છે. તે કેવળજ્ઞાન સર્વ અવ્યાબાધ સુખનું પ્રગટ કરનાર,

---

આ પ્રમાણે અમારા આત્મામાં કેવળજ્ઞાનની સ્પષ્ટ પ્રતીતિ થઈ હોવાથી અમને શ્રદ્ધા અપેક્ષાએ કેવળજ્ઞાન થયું છે. સમ્યક્ત્વ જેનો ગુણ છે એવા શુદ્ધ આત્માનો અમને અતિશય લક્ષ રહે છે તેથી વિચારદશાએ અમને કેવળજ્ઞાન પ્રગટ્યું છે. ત્રણ કાળ ત્રણ લોકના સર્વોત્કૃષ્ટ દુન્યવી વૈભવને અમે તરણા તુલ્ય તુચ્છ શ્રદ્ધીએ છીએ અને અંતરમાં તેને જરા પણ નથી ઇચ્છતા તેથી ઇચ્છાદશાએ અમને કેવળજ્ઞાન થયું છે. અધ્યાત્મ પદ્ધતિમાં, દ્રવ્યાર્થિક નય માત્ર દ્રવ્યનું જ ગ્રહણ કરે છે, પર્યાયને ગ્રહણ કરતો નથી; અને આવું જે શુદ્ધાત્મદ્રવ્ય તેનો તો અમને સાક્ષાત્કાર થઈ ગયો છે, માટે મુખ્ય એવો જે દ્રવ્યાર્થિકનય તેની અપેક્ષાએ પણ અમને કેવળજ્ઞાન પ્રગટ્યું છે.

આ પ્રમાણે અમારા આત્મામાં ઉત્પન્ન થયેલું સ્વસંવેદનપ્રત્યક્ષ જે સમ્યકત્વરૂપી કેવળજ્ઞાન તે ક્રમે કરીને વધતું વધતું સર્વ મોહનીય કર્મનો નાશ કરી, અનંત અવ્યાબાધ સુખને પ્રગટ કરવાવાળું છે. યથા —

જૈસો નિરભેદરૂપ નિહચૈ અતીત હુતો,
    તૈસો નિરભેદ, અબ ભેદકો ન ગહૈગો,
દીસે કર્મરહિત સહિત સુખ સમાધાન,
    પાયો નિજ થાન અબ બાહિર ન બહૈગો,
કબહું કદાપિ અપનો સુભાવ ત્યાગિ કરિ,
    રાગ રસ રાચિકે ન પર વસ્તુ ગહૈગો,
જ્ઞાન અમલાન વિદ્યમાન પરગટ ભયૌ,
    યાહિ ભાંતિ આગામી અનંત કાલ રહૈગો.[૧]

અબ હમ અમર ભયે ન મરેંગે (૨)
યા કારણ મિથ્યાત દીયો તજ ક્યોં કર દેહ ધરેંગે... અબ હમ અમર.[૨]

છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;
એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું.[૩]

---

૧. શ્રી સમયસાર નાટક, સર્વવિશુદ્ધિદ્વાર, ૧૦૮.

૨. યોગીરાજ શ્રી આનંદઘનજી.

૩. શ્રી સમયસાર ૭૩, (હિં. જે. કૃત ગુજરાતી પદ્યાનુવાદ).

**જેના યોગે સહજમાત્રમાં જીવ પામવા યોગ્ય થયો, તે સત્પુરુષના ઉપકારને સર્વોત્કૃષ્ટ ભક્તિએ નમસ્કાર હો! નમસ્કાર હો!!**

આમ આત્મજ્ઞાનથી પ્રારંભ કરીને વિશિષ્ટ નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચવામાં જેમનાં વચનો, મુદ્રા અને પ્રત્યક્ષ સમાગમ અમને પરમ ઉપકારભૂત થયાં છે અને જેમના સાન્નિધ્યની પ્રાપ્તિથી અમારા આત્મામાં ઉંચી ઉંચી અધ્યાત્મદશા પ્રગટ કરવાની યોગ્યતા પ્રાપ્ત થઈ છે તેવા ~~પ્રાપ્ત~~ પ્રગટ મૂર્તિમાન મોક્ષસ્વરૂપ જે શ્રી સત્પુરુષ, તેમના તે ઉપકારને અમે ફરી ફરીને વન્દનાત્મક પ્રણામ કરીએ છીએ. જોકે તેમના અપૂર્વ ઉપકારનો બદલો અમે કોઈ પણ રીતે વાળી શકવાને સમર્થ નથી છતાં યત્કિંચિત્ તેમના પ્રત્યે અમારી કૃતજ્ઞતા પ્રગટ કરવા માટે અને અમારા આત્માને વિશેષ વિશેષ નિર્મળ બનાવવા માટે અમે વારંવાર અમારા ચિત્તમાં તે મહાપુરુષોનું સ્મરણ કરીને ધન્યતા અનુભવીએ છીએ. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

## પત્રાંક ૫૨૫

મોક્ષપ્રાપ્તિનું પ્રથમ અને મુખ્ય કારણ એવું જે આત્મજ્ઞાન, તે જેને પ્રગટ્યું હોય, તેની જીવનપદ્ધતિની આંતરબાહ્ય દશાનું વર્ણન કરીને, આ પત્ર દ્વારા આગળની સાધનામાં તે સાધકને માર્ગદર્શન આપ્યું છે.

આત્મજ્ઞાનને જૈન પરિભાષામાં ભેદજ્ઞાન પણ કહે છે. 'સ્વ' અને 'પર'નો યથાર્થ બોધ થવાથી 'સ્વ' પ્રત્યે રુચિ અને વૃત્તિ થાય છે એવો સિદ્ધાંત સ્વીકારીને, તેવા જ્ઞાનીએ પણ વિશેષપણે જગતના પ્રતિબંધોને નિવારીને સ્વસ્વરૂપનો પરિચય કરવો એવી શ્રીજિનની આજ્ઞા છે.

'જ્ઞાની પ્રમાદી હોતા નથી' એ કથન સામાન્યપણે કરેલું છે. અંતરાત્મદશામાં ચોથા આદિ ગુણસ્થાને વર્તતા જ્ઞાનીઓ માટે આ કથન નથી, પણ આગળ વધેલા વિશેષ પુરુષાર્થયુક્ત મહાજ્ઞાનીઓ માટે આ કથન છે એ વાત તેના લક્ષ પર લાવી શ્રીગુરુએ જ્ઞાનીને પણ નિવૃત્તિમય જીવનનો લક્ષ રાખી ત્વરિત ગતિએ ત્યાગમાર્ગની આરાધનામાં ઉદ્યમવંત થવા આજ્ઞા કરેલી છે.

સામાન્યપણે અપ્રતિબદ્ધ એવા જ્ઞાનીને પણ સત્સંગનો યોગ કલ્યાણકારી છે અને તે વડે કરીને તેને પરમ અસંગપદની પ્રાપ્તિ થઈ શકે છે માટે પરમસમાધિના ઇચ્છુક એવા જ્ઞાનીએ ફરી ફરી અપૂર્વ માહાત્મ્યવાળા પરમ ઉપકારી તથા મોક્ષના સર્વોત્તમ અને સરળ સાધનરૂપ સત્સંગને પરમ પ્રેમથી ઉપાસવો એવી આજ્ઞા કરી છે.

છેલ્લે, અમે પણ સર્વ કાળે તે સત્સંગને જ ઇચ્છીએ છીએ એમ સત્સંગ-આરાધના પ્રત્યેની પોતાની અદ્ભૂત નિષ્ઠા વ્યક્ત કરી પત્રની સમાપ્તિ કરી છે.

મુંબઈ, ભાદરવા સુદ ૧૦, રવિ ૧૯૫૦

પત્રાંક ૫૨૫

## આ આત્મભાવ છે અને આ અન્ય ભાવ છે,

ૐ

મોક્ષપ્રાપ્તિનું મૂળ અને મુખ્ય કારણ એવું જે આત્મજ્ઞાન, તેની જે સાધકને પ્રાપ્તિ થઈ જાય છે તેનું જીવનદર્શન કરાવવાના હેતુથી શ્રીગુરુ અહીં પ્રથમ અધ્યાત્મ-પદ્ધતિથી અને પછી સિદ્ધાંતપદ્ધતિથી વ્યાખ્યાન કરે છે. આ બન્ને પ્રકારની કથન-પદ્ધતિનું અવિરુદ્ધપણું, ઉત્તમ સાધકને, ક્રમે કરીને સદ્દગુરુગમે વિશેષ કરીને સમજાય છે. ધીરજ સહિત અને સાપેક્ષ દૃષ્ટિથી વક્તાનો આશય સમજતાં મહાન તત્ત્વબોધ અને અપૂર્વ આત્મલાભ થાય છે એમ સુજ્ઞ પુરુષોએ શ્રદ્ધવું.

અહીં પ્રથમ જ આત્મભાવ અને અનાત્મભાવનું સ્વરૂપ સમજાવે છે. મૂળદૃષ્ટિએ જોતાં, આત્માનો જેવો શુદ્ધ સ્વભાવ છે તે સ્વભાવને અનુરૂપ જે ભાવ ઉપજે તેને આત્મભાવ જાણવો. આત્માના મૂળ સ્વભાવથી જુદા પ્રકારનો એટલે કે તેનાથી વિપરીત સ્વભાવવાળો જે ભાવ ઊપજે તેને અન્ય ભાવ જાણવો. આમ, સામાન્યપણે વિચારતાં, શુદ્ધભાવ (શુદ્ધોપયોગ) તે આત્મભાવ છે અને અશુદ્ધભાવ (અશુભ અને શુભ ભાવો, માઠી અને રૂડી વિચારધારા) તે અન્ય ભાવ છે. અહીં સાધકને પ્રયોજનભૂત હોવાથી, તે ત્રણ પ્રકારના ઉપયોગનો વિશેષ વિચાર કરીએ છીએ :

અશુભ ઉપયોગ : જેનો ઉપયોગ વિષય-કષાયમાં મગ્ન છે, કુશ્રુતિ (કુશાસ્ત્ર), કુવિચાર અને કુસંગતિમાં લાગેલો છે તથા ઉન્માર્ગમાં લાગેલો છે તે અશુભ ઉપયોગ છે.[1]

શુભ ઉપયોગ : દાન, પૂજા, વ્રત, શીલ આદિરૂપ તથા ચિત્તપ્રસન્નતારૂપ પરિણામ શુભ ઉપયોગ છે એમ સૂત્રનો અભિપ્રાય છે.[2]

શુદ્ધ ઉપયોગ : ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિના અભાવથી જ્ઞાનમય આત્મામાં જ ઉપયોગ લાગે તેને શુદ્ધોપયોગ કહીએ છીએ. તે જ નિશ્ચય ચારિત્ર છે.[3]

---

૧. પ્રવચનસાર, ૧૫૮.

૨. પંચાસ્તિકાય, તાત્પર્યવૃત્તિ, ૧૩૧,

૩. મોક્ષપાહુડ, ૭૨, પં. જયચંદજી કૃત વચનિકા.

એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે,

---

[**વિશેષ નોંધ :** અશુભ અને શુભ ઉપયોગને અહીં અન્ય ભાવ અથવા રાગભાવ જાણવો અને શુદ્ધ ઉપયોગને આત્મભાવ જાણવો. આમ સામાન્ય કથન જાણવું. આત્માના જ્ઞાન અને દર્શનગુણની અવસ્થાને ઉપયોગ શબ્દથી ઓળખવામાં આવે છે અને સમસ્ત આત્માની અવસ્થાને ભાવ શબ્દથી ઓળખવામાં આવે છે. ભાવમાં ઉપયોગ સમાઈ જતો નથી. ગુણસ્થાન-આરોહણમાં પ્રથમ ત્રણ ગુણસ્થાનોમાં ઘટતો ઘટતો અશુભોપયોગ, ચોથાથી છઠ્ઠા ગુણસ્થાનોમાં વધતો વધતો શુભોપયોગ અને સાતમાથી બારમા ગુણસ્થાનો સુધી વધતો વધતો શુદ્ધોપયોગ હોય છે, એમ સામાન્યપણે જાણવું. સાધકદશામાં શુભભાવ – શુદ્ધભાવની કેવી મિશ્રધારા હોય છે તે સૂક્ષ્મ છે અને વિશેષપણે ગુરુગમ દ્વારા સમજ્ય-યનીય છે. વિશેષ અભ્યાસીએ જૈનેન્દ્રસિદ્ધાંત કોશમાં પૃષ્ઠ ૪૫૮ અને ૪૫૯ ઉપર ધવલા, પંચાધ્યાયી, પ્રવચનસાર, ભાવપાહુડ અને દ્રવ્યસંગ્રહ ટીકાનાં અવતરણો લીધાં છે તેનો વિવેકપૂર્વક વિચાર કરવો.]

જે કોઈ સાધકના અંતરમાં, ઉપરોક્ત ત્રણ પ્રકારના ભાવોનું યથાર્થ પરિજ્ઞાન (અનુભવ સહિતની સમજણ) થાય છે, તે સાધકને વિષે બોધબીજ (કેવળજ્ઞાનરૂપી બોધનું બીજ) ઉત્પન્ન થયું છે એમ જાણવું. આત્મસાક્ષાત્કાર, આત્મજ્ઞાન, સમકિત, નિશ્ચય-સમ્યક્ત્વ, પરમાર્થ-પ્રતીતિ, આંશિક આત્માનુભૂતિ, ભેદજ્ઞાન, સ્વાત્મોપલબ્ધિ, દિવ્યદૃષ્ટિ, આત્મબોધ, શુદ્ધાત્મપ્રકાશ, સ્વપદપ્રાપ્તિ વગેરે અનેક શબ્દો વડે આ દશાનું જ સૂચન થતું હોવાથી આ બધા શબ્દો પરમાર્થથી એકાર્થવાચક જાણવા.[3]

જે સાધકને આવું શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન પ્રગટે તેને પછી તે સ્વભાવથી વિપરીત સ્વભાવવાળા ભાવોની રુચિ થતી નથી, તેવા ભાવો ચિત્તમાં રાખવા ગમતા નથી અને તેવા ભાવોમાં તન્મયપણું ખરેખર થઈ જતું નથી. જેવી રીતે ખાનદાન કુટુંબની દીકરી પોતાના પિયરમાં આવી હોય અને પિતાના ઘરનું કામકાજ કરતી હોય તો પણ તેના અંતરમાં એ વાત પાકી જ રહે છે કે આ ઘર મારું નથી. મારું ઘર તો મારું સાસરું જ છે; તેવી રીતે આત્મજ્ઞાનીને જ્યારે અન્ય ભાવોમાં વર્તવાનું બને ત્યારે તેની પણ આવી દશા થાય છે. તેને અન્યભાવોની અંતરંગ રુચિ થતી નથી. તે ભાવોને તે ખરેખર રૂડા માનતો નથી અને તેવાં કાર્યો અવશપણે કરવાં પડે તોપણ તે જ્ઞાની કર્તાપણાની બુદ્ધિ ધારણ કરીને તે કાર્યોમાં તન્મય થઈ જતો નથી. આવા પુરુષની દશાનું વર્ણન શાસ્ત્રોમાં નીચે પ્રમાણે કર્યું છે :

---

૩. જુઓ દ્રવ્યસંગ્રહ, ૫૬; શ્રી બ્રહ્મદેવ સૂરિકૃત ટીકા.

અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્યભાવથી સર્વથા મુક્તપણું કરે છે. નિજપરભાવ જેણે જાણ્યો છે

(સવૈયા તેવીસા)

જે નિજ પૂરબ કર્મ ઉદૈ, સુખ ભુંજત[2] ભોગ ઉદાસ રહેંગે
જે દુઃખમેં ન વિલાપ કરૈ નિરબૈર હિયે[3] તન તાપ[4] સહેંગે
હૈ જિનકે દૃઢ આતમજ્ઞાન ક્રિયા કરિકૈ ફલકો ન ચહેંગે
તે સુવિચક્ષણ જ્ઞાયક હૈ તિન્હકો હમ તો કર્તા ન કહેંગે[1]

(સવૈયા એકત્રીસા)

જબહીતેં ચેતન વિભાવસૌં ઉલટિ[6] આપુ
સમૈ પાઈ અપનો સુભાવ ગહિ લીનો હૈ,
તબહી તેં જો જો લેન જોગ સો સો સબ લીનૌ
જો જો ત્યાગ જોગ સો સો સબ છાંડિ દીનૌ હૈ;
લેવેંકો ન રહી ઠૌર ત્યાગિવેકૌં નાંહી ઔર,
બાકી કહા ઉબર્યો[7] જુ કારજ નવીનો હૈ,
સંગ ત્યાગિ અંગ ત્યાગિ વચન તરંગ ત્યાગિ
મન ત્યાગિ બુદ્ધિ ત્યાગિ આપા[8] શુદ્ધ કીનો હૈ.[5]

(સવૈયા તેવીસા)

જિનકે ઘટમેં પ્રગટ્યો પરમારથ રાગ વિરોધ હિયે ન વિથારૈ[10]
કરિકૈ અનુભૌ નિજ આતમકો, વિષયાસુખસોં હિત મૂલ નિવારૈ
હરિકૈ મમતા ધરિકૈ સમતા, અપનો બલ ફૌરિ[11] જુ કર્મ વિડારૈ[12]
જિનકી યહ હૈ કરતુતિ સુજાન સુઆપ તરૈ પર જીવન તારૈ[9]

૧. સમયસારનાટક, નિર્જરાદ્વાર, ૪૫.
૨. સુખ ભોગવતાં થકા.
૩. અદ્વેષ-ભાવથી, શાંતભાવથી.
૪. શારીરિક–દુઃખ, કષ્ટ.
૫. સમયસાર નાટક, સર્વવિશુદ્ધિ દ્વાર, ૧૦૯.
૬. છોડી ને.
૭. બાકી રહ્યું.
૮. આત્મા.
૯. ધર્મવિલાસ, ૯૨. અધ્યાત્મ કવિવર દ્યાનતરાયજી.
૧૦. વિસ્તારે, લંબાવે.
૧૧. સ્ફોરવીને.
૧૨. કાપી નાખે.

એવાં જ્ઞાનીપુરુષને ત્યાર પછી પરભાવનાં કાર્યનો જે કંઈ પ્રસંગ રહે છે, તે પ્રસંગમાં પ્રવર્તતાં પ્રવર્તતાં પણ તેથી તે જ્ઞાનીનો સંબંધ છૂટયા કરે છે, પણ તેમાં હિતબુદ્ધિ થઈ પ્રતિબંધ થતો નથી.

આ પ્રમાણે જ્ઞાનભાવનું (આત્મભાવનું) અને રાગભાવનું ભિન્નપણું શબ્દથી, અર્થથી અને સ્વસંવેદનથી જેને ભાસે છે તેના અંતરમાં પ્રજ્ઞાનો પ્રકાશ થતાં જગતના સમસ્ત પદાર્થો અને ભાવો પ્રત્યે સાચી ઉદાસીનતા ઊપજે છે; અને તે ઉદાસીનતા ક્રમશઃ વિકાસ પામતી પામતી તે સાધકને પૂર્ણપદની પ્રાપ્તિમાં સહાયકારી થાય છે. કહ્યું છે કે:

સુખકી સહેલી હૈ અકેલી ઉદાસીનતા,
અધ્યાત્મની જનની તે ઉદાસીનતા.[૫]

દર્શનમોહ વ્યતીત થવાથી જ્ઞાનીના માર્ગમાં પરમભક્તિ સમુત્પન્ન થાય છે, તત્ત્વપ્રતીતિ સમ્યક્પણે ઉત્પન્ન થાય છે.....તત્ત્વપ્રતીતિ વડે શુદ્ધ ચૈતન્ય પ્રત્યે વૃત્તિનો પ્રવાહ વળે છે.[૬]

આ પ્રમાણે 'સ્વ' અને 'પર'નું યથાર્થ ભાસન થતાં, હેયસ્વરૂપ એવા જે સાંસારિક પદાર્થો અને ભાવો તથા ઉપાદેય એવું જે શુદ્ધાત્મસ્વરૂપ અને તેની પ્રાપ્તિના ઉપાયોનો તેના અંતરમાં દૃઢ નિશ્ચય થઈ જાય છે. જે પદાર્થોનું માહાત્મ્ય દૃષ્ટિમાં ઓછું થઈ ગયું અને જે પ્રસંગોની અગત્યતા જીવનમાં ગૌણ થઈ ગઈ તેવા પદાર્થો કે પ્રસંગો, પૂર્વ-કર્મોદય હોતાં કોઈક જ્ઞાની પુરુષને રહે તોપણ તે પદાર્થો અને પ્રસંગોમાં તેને હિતબુદ્ધિ કેવી રીતે થઈ શકે? તે સર્વ તેને સારહીન જ ભાસે છે; અને આ જ સાચા જ્ઞાનનું માહાત્મ્ય છે કે જે પ્રગટતાં તે જ્ઞાનીને જગતના કોઈ પણ પદાર્થ, પ્રસંગ કે વૈભવ આંતરિક રુચિ ઉપજાવી શકતાં નથી; સર્વથા પ્રતિબંધનું કારણ થઈ શકતાં નથી. કહ્યું છે કે:

(ચોપાઈ)

ગ્યાન કલા જિનકે, ઘટ જાગી,
તે જગમાંહિ સહજ વૈરાગી;
ગ્યાની મગન વિષૈસુખ માંહિ,
યહ વિપરીતિ સંભવૈ નાહિ.[૧]

---

૫. શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૭૭.

૬. એજન, પત્રાંક ૯૦૧.

૧. સમયસારનાટક, નિર્જરાદ્વાર, ૪૧.

પ્રતિબંધ થતો નથી એ વાત એકાંત નથી, કેમ કે જ્ઞાનનું વિશેષ બળવાનપણું જ્યાં હોય નહીં, ત્યાં પરભાવનો વિશેષ પરિચય તે પ્રતિબંધરૂપ થઈ આવવો પણ સંભવે છે;

---

( દોહા )

સકળ જગત તે એંઠવત્ અથવા સ્વપ્ન સમાન;
તે કહિયે જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન.[२]
આત્મજ્ઞાન વિણ કાર્ય કંઈ, મનમાં ચિર નહીં હોય;
કારણવશ કંઈ પણ કરે, ત્યાં બુધ તત્પર નો'ય.[३]

જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા તે જ સમયે ન હોય એવો કંઈ નિયમ નથી. સમ્યક્ત્વ ઉત્પન્ન થયા પછી સંસારી ક્રિયા રસરહિતપણે સંભવે છે.[१]

જે પુરુષો પોતાથી અથવા પરના ઉપદેશથી, કોઈ પણ પ્રકારે, ભેદવિજ્ઞાન જેનું મૂળ ઉત્પત્તિ કારણ છે તેવી નિશ્ચળ સ્વાનુભૂતિને પામે છે, તેઓ દર્પણની જેમ પોતામાં ઝળકતા જે અનંત ભાવોના સ્વભાવ તેમનાથી નિરંતર વિકારરહિત હોય છે. (જ્ઞાનમાં જ્ઞેયના આકારે પ્રતિભાસતા રાગાદિભાવોથી વિકારને પ્રાપ્ત થતાં નથી.)[४]

આ પ્રમાણે અધ્યાત્મદૃષ્ટિની મુખ્યતાથી કથન કર્યું. હવે, સિદ્ધાંતદૃષ્ટિની મુખ્યતાથી કથન કરતાં શ્રીગુરુ આગળ વ્યાખ્યાન કરે છે :

જોકે જ્ઞાનીને પરદ્રવ્યોના પ્રસંગોમાં પ્રતિબંધ થતો નથી એમ સામાન્ય કથન છે તોપણ તેમાં એકાંત નથી. જ્યાં સુધી વિશિષ્ટ અભ્યાસના બળથી જ્ઞાનનું સુસ્થિતપણું અને નિષ્કંપપણું થયું હોતું નથી, ત્યાં સુધી જ્ઞાનીને પણ તેવા વિભાવભાવોનો પરિચય કરવાથી જ્ઞાનમાં શિથિલતા આવી શકે છે, કારણ કે જ્ઞાનના સંસ્કાર તો નવીન અને અલ્પ છે અને અજ્ઞાનના સંસ્કાર તો અનાદિકાળીન અને અતિ દૃઢ છે.

---

૨. આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૪૦.

૩. સમાધિશતક, ૫૦ ( છો. ગુ. ગાંધીકૃત ગુજરાતી પદ્યાનુવાદ ).

૧. શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૪૫૯.

૪. कथमपि हि लभन्ते भेदविज्ञानमूलाम्
अचलितमनुभूतिं ये स्वतो वान्यतो वा ।
प्रतिफलननिमग्नानन्तभावस्वभावै
मुकुरवदविकारा संततं स्युस्त एव ॥ – સમયસારકળશ, ૨૧.

અને તેટલા માટે પણ જ્ઞાની પુરુષને પણ શ્રીજિને નિજજ્ઞાનના પરિચય-પુરુષાર્થને વખાણ્યો છે, તેને પણ પ્રમાદ કર્ત્તવ્ય નથી,

આમ હોવાને લીધે સર્વજ્ઞ ભગવાને અને જ્ઞાની પુરુષોએ, વિશેષ વિશેષ જાગૃતિ સહિત અભ્યાસ અને અનુપ્રેક્ષા વારંવાર કરવાની જ્ઞાની સાધકોને પણ આજ્ઞા કરેલી છે અને જરા પણ પ્રમાદને આધીન થયા વિના સતતપણે સાવધાન રહેવાનો ઉપદેશ કર્યો છે. મતલબ કે જ્ઞાની પુરુષે પણ અજ્ઞાન, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ. શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ વગેરે સમસ્ત પ્રકારના અહિતકારી અને અશુદ્ધ ભાવોનો અનભ્યાસ, અપરિચય અને ઉપશમ કરવો; કારણ કે તે સઘળા ભાવો આત્માના સ્વભાવથી વિપરીત સ્વભાવવાળા હોવાને લીધે આત્મવિકાસમાં નિઃશંકપણે બાધા ઉપજાવે તેવા છે/ માટે જ્ઞાની પુરુષે પણ આવા પ્રતિબંધ ઉપજાવવાના સ્વભાવવાળા ભાવોથી પોતાના આત્માને અલિપ્ત રાખવો અને ક્ષમા, વિનય આદિ ભેદરૂપ શુદ્ધ ભાવોનો તથા શુદ્ધ ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવરૂપ એક નિજભાવનો, ફરી ફરી વારંવાર ક્ષણે ક્ષણે જાગ્રતપણે લક્ષ રાખવો, એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે. યથા —

(હરિગીત)

નિજ ભાવને છોડે નહીં પરભાવ કંઈ પણ નવ ગ્રહે;
જાણે જુએ જે તે જ હું છું એમ જ્ઞાની ચિંતવે.[1]

જ્યારે સ્વયં તે શંખ શ્વેત સ્વભાવ નિજનો છોડીને
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને.
ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને,
અજ્ઞાનભાવે પરિણમે અજ્ઞાનતા ત્યારે લહે.[2]

'પર મમ કુછ ના' કહતા પર તુ ભોગ ભોગતા હૂં કહતા,
વિતથ[4] ભોગતા તબ એ! જ્ઞાની ભોગ બુરા કયોં દુખ સહતા
'ભોગત બંધ ન હો' યદિ કહતા ભોગેચ્છા કયા હૈ મનમેં?
જ્ઞાનલીન બન નહીં તો રતિવશ જકડેગા વિધિ[5] બંધનમેં.[3]

૧. નિયમસાર, ૯૭ (હિં. જે. શાહ કૃત ગુજરાતી પદ્યાનુવાદ).

૨. સમયસાર, ૨૨૨, ૨૨૩. એજન.

૩. નિજામૃતપાન, ૧૫૧ (પૂ. શ્રી ૧૦૮ વિદ્યાસાગરજી મહારાજકૃત સમયસાર-કળશનો હિંદી પદ્યાનુવાદ)

૪. વિતથ = નિષ્ફળ

૫. વિધિ = કર્મો.

અથવા પરભાવનો પરિચય કરવા યોગ્ય નથી, કેમ કે કોઈ અંશે પણ આત્મધારાને તે પ્રતિબંધરૂપ કહેવાયોગ્ય છે.

જ્ઞાનીને પ્રમાદબુદ્ધિ સંભવતી નથી, એમ જોકે સામાન્યપદે શ્રી જિનાદિ મહાત્માઓએ કહ્યું છે,

---

**જ્ઞાની પુરુષને આત્મપ્રતિબંધપણે સંસારસેવા હોય નહિ, પણ પ્રારબ્ધ પ્રતિબંધપણે હોય; એમ છતાં પણ તેથી નિવર્તવારૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે.[૬]**

**નિજસ્વરૂપનો દૃઢ નિશ્ચય વર્તે છે તેવા પુરુષને પ્રત્યક્ષ જગદ્વ્યવહાર વારંવાર ચૂકવી દે તેવા પ્રસંગ પ્રાપ્ત કરાવે છે, તો પછી તેથી ન્યૂન દશામાં ચૂકી જવાય એમાં આશ્ચર્ય શું છે?[૭]**

**અસ્વસ્થ કાર્યની પ્રવૃત્તિ કરવી અને આત્મપરિણામ સ્વસ્થ રાખવાં એવી વિષમ પ્રવૃત્તિ શ્રીતીર્થંકર જેવા જ્ઞાનીથી બનવી કઠણ કહી છે; તો પછી બીજા જીવને વિષે તે વાત સંભવિત કરવી કઠણ હોય એમાં આશ્ચર્ય નથી.....જેટલી સંસારને વિષે સારપરિણતિ મનાય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા શ્રીતીર્થંકરે કહી છે.[૧]**

આ પ્રમાણે, જ્ઞાનીના જીવનદર્શનનું સામાન્ય પ્રરૂપણ અધ્યાત્મપદ્ધતિથી અને સિદ્ધાંતપદ્ધતિથી કર્યું. તે જ વિષયનું વિસ્તારથી પ્રતિપાદન કરવાના હેતુથી 'પ્રમાદ અને જ્ઞાની' એ મુદ્દાની શ્રીગુરુ હવે છણાવટ કરે છે :

સામાન્ય દૃષ્ટિએ વિચારતાં જ્ઞાનીને આત્મજાગૃતિનો સદ્ભાવ હોવાને લીધે ધર્મમાં અનાદરરૂપ અથવા આત્મભાવ પ્રત્યે અસાવધાનીરૂપ પ્રમાદભાવ હોતો નથી. આમ હોવા છતાં, પ્રમાદના અનેક પ્રકારોમાંથી તે સાધક બચી શકે તે હેતુથી શ્રીગુરુ પ્રમાદના તે તે વિશેષોનું તેને સ્મરણ કરાવી દે છે.[૨]

(૧) પાંચ ઇન્દ્રિયોનું આધીનપણું,... ૫ પ્રકાર
(સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શ્રોત્ર)

(૨) ચાર કષાયોનું આધીનપણું... ૪ પ્રકાર
(ક્રોધ, માન, માયા, લોભને વશ થઈ જવું)

---

૬. શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૫૬૦.
૭. એજન ,, ૫૭૫.
૧. શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક, ૫૫૧.
૨. શ્રીગોમ્મટસાર, જીવકાંડ, ૩૪.

તોપણ તે પદ ચોથે ગુણઠાણેથી સંભવિત ગણ્યું નથી; આગળ જતાં સંભવિત ગણ્યું છે;

---

(૩) ચાર પ્રકારની વિકથાઓનું આધીનપણું... ૪ પ્રકાર
(સ્ત્રીકથા, રાજકથા, ભોજનકથા અને—
દેશકથા રૂપી પાપમય વાતોને વશ થઈ જવું)
(૪) સ્નેહાધીનપણું ૧ પ્રકાર
(૫) નિદ્રાધીનપણું ૧ પ્રકાર

આમ પ્રમાદના જે પંદર વિશેષો છે તેમાંના અમુક અમુકનો વખતોવખત સામાન્ય જ્ઞાનીને ઉદ્ભવ થતો હોવાને લીધે તેને પણ પ્રમાદભાવ સંભવે છે. આ ઉપરથી એમ નિર્ધાર કરવો કે શાસ્ત્રમાં 'જ્ઞાનીને પ્રમાદબુદ્ધિ હોતી નથી' એવું જે વિધાન છે તે ચોથા ગુણસ્થાને વર્તતા અવિરત સમ્યગ્દૃષ્ટિને મુખ્યપણે લાગુ પડતું નથી પરંતુ જ્ઞાનના અને ચારિત્રના વિશેષ અભ્યાસથી આત્મદશાનું સુસ્થિતપણું જેણે સંપાદન કર્યું છે તેવા ઊંચી કક્ષાના મહાજ્ઞાનીને લાગુ પડે છે. તેવા મહાજ્ઞાની પુરુષોનું વર્ણન શાસ્ત્રોમાં અનેક રીતે કર્યું છે. જેમ કે—

પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો...અપૂર્વ અવસર.[1]

(દોહા)

ક્ષણ ક્ષણ જે અસ્થિરતા અને વિભાવિક મોહ,
તે જેનામાંથી ગયા, તે અનુભવી ગુરુ જોય.[2]

રોક્યા શબ્દાદિક વિષય, સંયમ સાધન રાગ,
જગત ઇષ્ટ નહીં આત્મથી, મધ્યપાત્ર મહાભાગ્ય.[3]

આ પ્રમાણે, 'જ્ઞાની અને પ્રમાદ' એ વિષય સંબંધી સામાન્ય વિચારણા કરી, પૂર્વાપર સંબંધ સહિત, યથાપદવી જ્ઞાનીનો અને પ્રમાદનો સંબંધ અવધારવો તથા સદ્ગુરુગમે, નયવિવક્ષાથી વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ધાર કરવો.

---

૧. શ્રીમદ્ રાજચન્દ્ર પત્રાંક ૭૩૮.
૨. એજન, પત્રાંક ૭૯.
૩. એજન, પત્રાંક ૯૫૪/૧૦.

જેથી વિચારવાન જીવને તો અવશ્ય કર્ત્તવ્ય છે કે, જેમ બને તેમ પરભાવના પરિચિત કાર્યથી દૂર રહેવું, નિવૃત્ત થવું. ઘણું કરીને વિચારવાન જીવને તો એ જ બુદ્ધિ રહે છે,

---

વિવેકી મુમુક્ષુ તો જાણે જ છે કે મારે તો નિરંતર આગળ વધવા માટે પોતાના પરિણામો જોવાં-તપાસવાં અને પ્રતિબંધક દ્રવ્ય-ક્ષેત્ર–કાળ-ભાવનો બુદ્ધિપૂર્વક અને દૃઢતાથી અપરિચય કરવો. જેઓને ગૃહસ્થાશ્રમનો યોગ હોય તેઓએ આયોજનપૂર્વક ઘરકામમાંથી, વ્યાપાર કાર્યમાંથી, વાતોમાંથી, ખાવા-પીવાના કાર્યોમાંથી, ઊંઘમાંથી છાપા-સામાયિક વાંચવામાંથી તથા નાહવા-ધોવા-દાઢી-વાળ વગેરે શરીરસંસ્કારના કાર્યોમાંથી થોડો થોડો સમય બચાવીને તે સમયને આદરપૂર્વક સત્સંગ-સ્વાધ્યાય-ભક્તિ-તત્ત્વચિંતનાદિ ધર્મઅનુષ્ઠાનોમાં લગાવવો જોઈએ. જે કાર્યો ભાઈ-બહેન, દીકરા-દીકરીઓ, પત્ની, સેવકો કે અન્ય સ્વજનો કરી શકે તે કામ તેમને સોંપી દઈને તેટલી ઉપાધિને સંક્ષેપવી.

આ પ્રમાણે આત્મજાગૃતિ સહિત વર્તવાનો અભિપ્રાય અને પુરુષાર્થ જે કરે છે તેવા સાધકને પણ કોઈ કોઈ વાર યોગાનુયોગે અને કથંચિત્ અવશપણે ઉપાધિના પ્રસંગ આવી પડે છે. આવા અનિચ્છનીય પ્રસંગોમાં વર્તવું પડે ત્યારે સ્વરૂપમાં સ્થિર રહેવું વિકટ છે એમ નિર્ધાર કરી, અંતરમાં તો નિવૃત્તિની ભાવના જ રાખવી અને જે કામ કરવું પડે તે ઉપલક રીતે કરવું પણ તન્મય થઈને કરવું નહીં એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે. કહ્યું છે કે:—

આત્મજ્ઞાન સિવાયનું બીજું કોઈ કામ લાંબા સમય સુધી પોતાના ચિત્તમાં ધારી રાખવું નહીં; જો કદી પ્રયોજનવશ કરવું પડે તો શરીર-વાણીથી કરવું પણ તત્પર (તન્મય, એકાકાર) થઈને કરવું નહિ.[1]

પ્રમાદના અવકાશયોગે જ્ઞાનીને પણ અંશે વ્યામોહ થવાનો સંભવ જે સંસારથી કહ્યો છે, તે સંસારમાં સાધારણ જીવે રહીને, તેનો વ્યવસાય લૌકિકભાવે કરીને, આત્મહિત ઇચ્છવું એ નહિ બનવા જેવું જ કાર્ય છે; કેમકે લૌકિકભાવ આડે આત્માને નિવૃત્તિ જ્યાં નથી આવતી, ત્યાં હિતવિચારણા બીજી રીતે થવી સંભવતી નથી. એકની નિવૃત્તિ તો બીજાનું પરિણામ થવું સંભવે છે.[2]

---

૧. आत्मज्ञानात् परं कार्यं न बुद्धौ धारयेत् चिरम्
कुर्यात् अर्थवशात् किंचित् वाक्कायाभ्याम् अतत्परः ॥
—શ્રી સમાધિશતક, ૫૦.

૨. શ્રીમદ્ રાજચન્દ્ર, પત્રાંક ૫૨૮.

તથાપિ કોઈ પ્રારબ્ધવશાત્ પરભાવનો પરિચય બળવાનપણે ઉદયમાં હોય ત્યાં નિજપદબુદ્ધિમાં સ્થિર રહેવું વિકટ છે, એમ ગણી નિત્ય નિવૃત્તબુદ્ધિની વિશેષ ભાવના કરવી, એમ મોટા પુરુષોએ કહ્યું છે.

અલ્પકાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પરપરિચયથી નિવર્તવું જ ઘટે છે, હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્તિ થાય તે વિચાર કર્ત્તવ્ય છે;

---

...જો આમ છે તો મોહની સેના ઉપર વિજય મેળવવાનો ઉપાય મેં પ્રાપ્ત કર્યો છે. આ રીતે મેં ચિંતામણિ પ્રાપ્ત કર્યો હોવા છતાં પ્રમાદ ચોર છે એમ વિચારી જાગ્રત રહે છે.[1]

આત્મજ્ઞાનની જ્યોતિ જેના જીવનમાં પ્રકાશિત થઈ ગઈ છે તેવો પુરુષ જો વિશિષ્ટ નિર્વિકલ્પ આત્મસમાધિને ઇચ્છતો હોય તો તેણે શું કરવું આવશ્યક છે તે હવે જણાવે છે.

વર્તમાનકાળની દૃષ્ટિએ સામાન્યપણે વિચારીએ તો આત્મજ્ઞાની પુરુષને અપ્રમત્ત ગુણસ્થાન સુધી પહોંચવાનો પુરુષાર્થ સિદ્ધ થતાં બાર વર્ષથી અધિક કાળ તો સહેજે નીકળી જાય તેવું છે. પછી તો જે જ્ઞાનીનો જેવો પુરુષાર્થ અને જેવી તેના સમસ્ત વ્યક્તિત્વની યોગ્યતા. વળી આ કળિયુગમાં અલ્પ આયુષ્ય અને અલ્પ બળ છે તેથી જ્ઞાનીએ પણ ત્વરિત ગતિથી નિરાબાધ આત્મસ્થિરતાની સિદ્ધિ થાય તે માટે, આત્મલક્ષે અને સદ્ગુરુ આજ્ઞાએ સત્સાધનોને અંગીકાર કરવારૂપ રત્નત્રયની પ્રાપ્તિનો પુરુષાર્થ સતતપણે કરવો યોગ્ય છે. અહીં તો તેવા મહાપુરુષને પણ કહે છે કે હે સમ્યગ્દૃષ્ટિ! અપ્રમત્ત સમાધિના આનંદની ખરેખર અભિલાષા હોય તો હળવી હળવી ક્રમિક નિવૃત્તિ નહીં લેતાં, આક્રમક થઈ મોટાં મોટાં કર્મોના જથ્થાને જલાવી દેવા માટે શાંત, શાંત, અતિશાંત થાઓ. બાહ્યમાં જેમનો આશ્રય લીધા વિના વિધવિધ પાપભાવો ઊપજી શકતાં નથી તેવા સાંસારિક સ્ત્રી, પુત્ર, મિત્ર, મોટર, બંગલા, સોનું, ચાંદી, ઝવેરાત, શેરો, ફિકસ્ડ ડિપોઝિટો, રાચરચીલું આદિ જગતના સમસ્ત પદાર્થોથી બળપૂર્વક હટી જાઓ. વળી, અંતરમાં રિદ્ધિસિદ્ધિ આદિની તથા સ્વર્ગલોકની ઇચ્છાઓ, પ્રબળ એવી લોકૈષણા કે સમાજના 'અમુક વર્ગ'ના કલ્યાણની ભાવનાના બહાના હેઠળ પોષાઈ રહેલા સૂક્ષ્મ માન-લોભના ભાવોના સંચારને સમૂળ ઉખાડીને ફેંકી દો. જો આમ કરશો તો જ જીવનની અભીષ્ટ ભાવનાની સિદ્ધિ કરી શકશો. સાંભળો આ શ્રીગુરુઓનાં વચનો :—

---

૧. શ્રી પ્રવચનસાર, તત્ત્વાર્થદીપિકા, ગાથા ૮૦ મી તથા ગાથા ૮૧ ની ઉત્થાનિકા.

इस विध विचार विविध विकल्पोंको तजने निज भजते हैं,
रागभावका मूल परिग्रह मुनिवर जिसको तजते हैं
निजी निरामय संवेदनसे भरित आत्मको पाते हैं
बंधमुक्त बन भगवन अपनेमें तब आप सुहाते हैं।[1]

સ્નેહમય બંધનોને છેદીને તથા મોહરૂપી જંજીરોને તોડીને, સચ્ચારિત્રથી યુક્ત થયેલો શૂરવીર પુરુષ મોક્ષમાર્ગમાં સ્થિર હોય છે. ઉત્તમ મનુષ્યભવને પામ્યો છે તો યત્નપૂર્વક ચારિત્રનું પાલન કર, સદ્ધર્મમાં દૃઢ ભક્તિ કર અને શાંતભાવમાં શ્રેષ્ઠ પ્રીતિ કર.[2]

હે સમ્યક્‌દર્શની ! સમ્યક્‌ચારિત્ર જ સમ્યક્‌દર્શનનું ફળ ઘટે છે. માટે તેમાં અપ્રમત્ત થા. હે સમ્યક્‌ચારિત્રી ! હવે શિથિલપણું ઘટતું નથી. ઘણો અંતરાય હતો તે નિવૃત્ત થયો, તો હવે નિરંતરાય પદમાં શિથિલતા શા માટે કરે છે ?[3]

(હરિગીત)

પરમબ્રહ્મ ચિંતન તલ્લીન હું મને કોઈ ભયશાપ દીયે
વસ્તુહરણ ચૂરણ વધ તાડન, છેદ ભેદ બહુ દુઃખ દીયે
ગિરિ અગ્નિ અબ્ધિ વન કૂપે, ફેંકે વજ્રે હણે ભલે,
ભલે હાસ્ય નિંદાદિ કરો પણ અલ્પ ચિત્ત મુજ નહીં ચળે.[4]

---

૧. નિજામૃતપાન, ૧૭૮.

૨. छित्त्वा मोहमयान् पाशान् भित्त्वा मोहमहार्गलम् ।
सच्चारित्रसमायुक्तः शूरो मोक्षपथे स्थितः ॥
उत्तमे जन्मनि प्राप्ते चारित्रं कुरु यत्नतः ।
सद्धर्मे च परां भक्तिं शमे च परमां रतिम् ॥
—શ્રી સારસમુચ્ચય, ૨૦, ૪૭. આચાર્ય શ્રી કુલભદ્રસ્વામી.

૩. શ્રીમદ્ રાજચંદ્ર : આભ્યંતર–પરિણામ–અવલોકન–હાથનોંધ–૨, આંક ૭.

૪. શ્રીતત્ત્વજ્ઞાનતરંગિણી, ૬/૪ (રા. છ. દેસાઈ કૃત ગુજરાતી પદ્યાનુવાદ).

અને તેમ કરતાં અશાતાદિ આપત્તિયોગ વેદવા પડતા હોય તો તેને વેદીને પણ પરપરિચયથી શીઘ્રપણે દૂર થવાનો પ્રકાર કરવો યોગ્ય છે. એ વાત વિસ્મરણ થવા દેવા યોગ્ય નથી.

જ્ઞાનનું બળવાન તારતમ્યપણું થયે તો જીવને

---

(હરિગીત)

પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે;
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને.
છેદાવ વા ભેદાવ કો લઈ જાવ, નષ્ટ બનો ભલે;
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ મારો નથી ખરે.[1]

જેમ જેમ ઉપાધિનો ત્યાગ થાય છે, તેમ તેમ સમાધિસુખ પ્રગટે છે. જેમ જેમ ઉપાધિનું ગ્રહણ થાય, તેમ તેમ સમાધિસુખ હાનિ પામે છે.[2]

આ પ્રમાણે જ્ઞાની-ગૃહસ્થને પણ નિવૃત્તિમાર્ગ ભણી કદમ ઉઠાવવાની શ્રીગુરુઓની આજ્ઞા છે. આમ કરતી વેળાએ ખાવાપીવામાં, બેસવા-ઊઠવામાં, હરવા-ફરવામાં કે રોગાદિના ઉત્પત્તિકાળમાં શરીર-વિષયક જે કાંઈ સુખ-દુઃખ કે અગવડ વેઠવાં પડે તે સર્વ સમભાવથી, સહનશીલતા સહિત અને સમજણપૂર્વક અવશ્યપણે સ્વીકારવાં પણ અન્ય દ્રવ્યોનો અપરિચય કરવામાં શારીરિક પ્રતિકૂળતા વગેરેથી ડરી જઈને ઢીલાપણું થવા દેવું નહીં એમ કહેવાનો શ્રીગુરુનો આશય છે.

મોક્ષમાર્ગમાં જેમણે અત્યંત પ્રબળ પુરુષાર્થ કર્યો છે તેમને નિર્મમત્વ (નિર્મોહપણું) સિદ્ધ થયું હોવાથી દેહાતીત દશા વર્તતી હોય છે. આવા વિશિષ્ટ મહાજ્ઞાની સહજસમાધિના સ્વામી હોવાને લીધે તેમને સ્વાત્માનંદથી એવી તો તૃપ્તિ વર્તતી હોય છે કે જગતના આ પદાર્થો કે તે પદાર્થો જોવાની, જાણવાની, મેળવવાની કે ભોગવવાની ઇચ્છા તેમને થતી નથી. તેથી આવા મહાપુરુષો રુચિપૂર્વક કે આયોજનપૂર્વક પરવસ્તુઓનો પરિચય કરવામાં ઉત્સુક બનતા નથી, એટલું જ નહીં પણ સર્વ પ્રકારના બાહ્યાંતર પ્રતિબંધોને દૂર કરીને પરમ અસંગપણાને પ્રાપ્ત કરવાની ભાવના અને પુરુષાર્થ કર્યા જ કરે છે. યથા—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો...અપૂર્વ[3]

---

૧. શ્રી સમયસાર, ૨૦૮, ૨૦૯ (હિં. જે. શાહ કૃત ગુજરાતી પદ્યાનુવાદ).

૨. શ્રીમદ્ રાજચન્દ્ર, ૫૭૦ (મહાત્મા ગાંધીજી પર શ્રીમદ્જીએ લખેલો પત્ર).

૩. શ્રીમદ્ રાજચંદ્ર, ૭૩૮.

પરપરિચયમાં કદાપિ સ્વાત્મબુદ્ધિ થવી સંભવતી નથી, અને તેની નિવૃત્તિ થયે પણ જ્ઞાનબળે તે એકાંતપણે વિહાર કરવા યોગ્ય છે; પણ તેથી જેની ઓછી દશા છે એવા જીવને તો અવશ્ય પરપરિચયને છેદીને સત્સંગ કર્ત્તવ્ય છે, કે જે સત્સંગથી સહેજે અવ્યાબાધ સ્થિતિનો અનુભવ થાય છે. જ્ઞાનીપુરુષ કે જેને એકાંતે વિચરતાં પણ પ્રતિબંધ સંભવતો નથી, તે પણ સત્સંગની નિરંતર ઇચ્છા રાખે છે.

---

આવી ઉત્તમ અસંગદશાને પ્રાપ્ત કરવાનું કાર્ય આ કાળે આ ક્ષેત્રે અતિ અતિ વિકટ છે. આમ હોવા છતાં, સામાન્યપણે દરેક કક્ષાના મુમુક્ષુએ અને વિશેષપણે ઊંચી કક્ષાના મુમુક્ષુએ અપ્રમત્ત પુરુષાર્થપૂર્વક પરપરિચયનો પ્રસંગ છેદવો અને સત્સંગનો આશ્રય વારંવાર કરવો. સત્સંગનો આશ્રય કર્યાથી અનેકવિધ લાભ થયાનો અને તે પ્રત્યે દુર્લક્ષ સેવવાથી ઘણી હાનિ થયાનો અમને અનુભવ થયો છે. મહાજ્ઞાની પુરુષોએ સત્સંગનું જે માહાત્મ્ય કહ્યું છે તે પરમ સત્ય છે એવો મુમુક્ષુઓએ અવશ્ય પોતાના અંતરમાં નિશ્ચય કરવો એવી જ્ઞાની પુરુષોની આજ્ઞા છે. યથા—

'અવશ્ય આ જીવે પ્રથમ સર્વ સાધનને ગૌણ જાણી, નિર્વાણનો મુખ્ય હેતુ એવો સત્સંગ જ સર્વાર્પણપણે ઉપાસવો યોગ્ય છે, કે જેથી સર્વ સાધન સુલભ થાય છે એવો અમારો આત્મસાક્ષાત્કાર છે....જો એક એવી અપૂર્વ ભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પકાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય'[1]

સત્સંગ વડે અસંગતા આવે છે, અસંગતા વડે નિર્મોહદશા આવે છે, નિર્મોહ-દશામાં ચિત્તની અવિચળ (સ્થિર) દશા ઉપજે છે અને નિશ્ચળ (નિર્વિકલ્પ) ચિત્ત થવાથી જીવન્મુક્તદશા પ્રગટે છે.[2]

સાચું અવધૂતપણું પ્રગટયું છે જેમને એવા યોગીશ્વરો કે જેઓ રમતા રામરૂપે એકાકી વિચરે તો પણ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી કે ભાવથી બાધા પામતા નથી તેઓ પણ વારંવાર સત્સમાગમને ઇચ્છે છે. પૂર્વાચાર્યોએ પણ મુનિજનોને સત્સંગના આશ્રયમાં રહેવાની આજ્ઞા કરી છે, કે જેથી પોતામાં પ્રગટેલાં ગુણોનું સંરક્ષણ થાય અને તે ગુણો વર્ધમાનદશાને પામે.[3] [4]

૧. શ્રીમદ્ રાજચંદ્ર. પત્રાંક ૬૦૯

૨. सत्संगत्वे निःसंगत्वं निःसंगत्वे निर्मोहत्त्वं ।
निर्मोहत्वे निश्चलचित्तं निश्चलचित्ते जीवनमुक्तिः ॥
શ્રીમદ્ શંકરાચાર્ય.

૩. પ્રવચનસાર, ૨૭૦

૪. જ્ઞાનાર્ણવ, પ્રકરણ ૧૫/૧૪, ૧૬, ૨૬, ૨૯.

કેમ કે જીવને જો અવ્યાબાધ સમાધિની ઇચ્છા હોય તો સત્સંગ જેવો કોઈ સરળ ઉપાય નથી.

આમ હોવાથી દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે, ઘણી વાર ક્ષણે ક્ષણે સત્સંગ આરાધવાની જ ઇચ્છા વર્ધમાન થયા કરે છે. એ જ વિનંતી

આ. સ્વ. પ્રણામ.

---

પરમાર્થદૃષ્ટિએ વિચારતાં તો પોતાના આત્મિક ગુણોનો સંગ કરવો તે યથાર્થ સત્સંગ છે, પણ તેવી દશા પ્રગટ કરતાં પહેલા ઘણો વખત સુધી તેવી દશાને પ્રાપ્ત થયેલાં પુરુષોનું, તેમના સમસ્ત વ્યક્તિત્વનું અને તેમનાં વચનામૃતોનું વારંવાર અવલંબન લેવું પડે છે. આવા દીર્ઘકાળના અભ્યાસના ફળરૂપે જ આવો પરમાર્થ સત્સંગ (એટલે કે અસંગદશા) પ્રગટે છે જેનું બીજુ નામ મોક્ષ છે.[1]

સત્સંગનું આવું અલૌકિક માહાત્મ્ય હોવાથી અને તેના જેવું આત્મકલ્યાણનું બીજુ કોઈ પણ સત્સાધન નહીં હોવાથી દરેક કક્ષાના મુમુક્ષુએ સત્સંગની અત્યંત રૂચિ અંતરમાં રાખી સર્વ સમયે, સર્વ પ્રસંગે, સર્વ ક્ષેત્રે અને સર્વ ઉપાયે, તેવો સત્સંગ આરાધવાનો લક્ષ રાખવો. જો કે સત્પુરુષના વચનાદિ પણ મુમુક્ષુઓને અવલંબનરૂપ છે તો પણ જે કાયા અને વચનના યોગોમાં પ્રગટ શુદ્ધ આત્મા વ્યાપેલો હોય તે કાયા અને વચનોમાંથી શુદ્ધતાના સ્પંદનો એવી તીવ્ર ગતિથી સ્ફુરાયમાન થતા હોય છે કે તે મુમુક્ષુના હૃદય સોંસરવા ઉતરી જાય છે અને પાત્ર સાધકને સંત બનાવી દે છે. કહ્યું છે કે:—

> "પારસમેં ઔર સંતમેં બડો અંતરો જાન,
> વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન"

આમ હોવાને લીધે જ્ઞાનીઓ કહે છે કે આવા પરમ માહાત્મ્યવાળા સત્સંગને આરાધવાની અમારા અંતરમાં નિરંતર ભાવના રહ્યા જ કરે છે.

ૐ.

---

૧. સર્વ ભાવથી અસંગપણું થવું તે સર્વથી દુષ્કરમાં દુષ્કર સાધન છે; અને તે નિરાશ્રયપણે સિદ્ધ થવું અત્યંત દુષ્કર છે. એમ વિચારી શ્રી તીર્થંકરે સત્સંગને તેનો આધાર કહ્યો છે; કે જે સત્સંગના યોગે સહજસ્વરૂપભૂત એવું અસંગપણું જીવને ઉત્પન્ન થાય છે.

—શ્રીમદ્ રાજચંદ્ર, ૬૦૯/૬

## પત્રાંક ૫૬૯ ટૂંકસાર

આ પત્ર શ્રીમદ્ રાજચન્દ્રજીએ તેમના મુખ્ય મુનિ-શિષ્ય પૂ. શ્રી લઘુરાજ સ્વામી પર લખ્યો છે.

આત્મજ્ઞાનપ્રાપ્તિ તે જ સર્વ દુઃખોથી છૂટવાનો એકમાત્ર ઉપાય છે તે સિદ્ધાંત રજુ કરી, તેની પ્રાપ્તિ માટે જે ક્રમની આરાધના કરવી પડે તે ક્રમને એવી તો યુક્તિ-યુક્ત અને સચોટ રીતે આ પત્રમાં શ્રીગુરુએ રજૂ કર્યો છે કે કોઈ પણ મુમુક્ષુને પરમ ઉલ્લાસભાવ આવે અને યથાર્થ આરાધના કરવાનો અવસર તેને પ્રાપ્ત થાય.

ત્યાર બાદ મોહ, પ્રમાદ, મુનિ, આત્મજ્ઞાન, આત્મસમાધિ, અંતર્ભેદજાગૃતિ વગેરે અનેક શબ્દોની સમજણ આપી છે. મનુષ્યભવ તે આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટેનો સર્વોત્તમ અવસર છે એમ જણાવી પરમ પુરુષાર્થની પ્રેરણા કરી છે.

આગળ, આત્મશુદ્ધિની આવશ્યકતા જણાવીને, આરંભ-પરિગ્રહરૂપ અસત્પ્રસંગોને તેમાં પ્રતિબંધરૂપ ગણ્યા છે અને તેનો સંક્ષેપ કરી સત્સંગનો આશ્રય કરવાની પ્રેરણા કરી છે, અને જેટલા પ્રમાણમાં સંસાર અસાર ભાસે તેટલા પ્રમાણમાં આત્મવિચાર ઊગે છે, એમ પ્રતિપાદીત કર્યું છે.

પૂર્વે જનકાદિ મહાપુરુષો ઉપાધિ મધ્યે પણ મહાજ્ઞાની તરીકે વસતા હતા તેવા ભાવ પ્રત્યે પોતાની રુચિ નથી પણ શ્રી તીર્થંકરોએ જે નિવૃત્તિમાર્ગ ગ્રહણ કર્યો તે પ્રત્યે જ પોતાને રુચિ રહે છે એમ જણાવી, તે પ્રત્યે પોતાનો અધિકતમ પુરુષાર્થ કરવાની દૃઢ ભાવના વ્યક્ત કરી છે. આમ થવા માટે ત્યાગમાર્ગનું ગ્રહણ અને આંતર્બાહ્ય સર્વ પ્રતિબંધોનો નિરોધ સ્વીકારવો એ સિદ્ધાંતનો પોતે સ્વીકાર કર્યો છે.

વચ્ચે વચ્ચે ત્યાગ, જ્ઞાન વગેરે શબ્દોની સમજણ આપી, સ્વવિચારબળની વૃદ્ધિ અર્થે આ પત્ર લખ્યો છે, એમ જણાવી અને સત્સંગની ઇચ્છા વ્યક્ત કરી પૂજ્યશ્રીએ પત્ર સમાપ્ત કર્યો છે.

## પત્રાંક ૫૬૯

# શ્રી સત્પુરુષોને નમસ્કાર

ૐ

પત્રના પ્રારંભમાં પોતાને ઇષ્ટ એવા મહાન આત્માઓને બહુમાન સહિત નમસ્કાર કરે છે. કેવા છે તે મહાન આત્માઓ? 'શ્રી' કહીએ આત્મજ્ઞાનરૂપી લક્ષ્મીના જેઓ સ્વામી છે, તેવા મહાત્માઓ. આ મહાત્માઓની શું ઓળખાણ થઈ શકે? તો કહે છે માત્ર ઉત્તમ મુમુક્ષુ હોય તેને મહાત્માની સાચી ઓળખાણ થાય, અન્ય મુમુક્ષુઓને સામાન્ય ઓળખાણ થાય, તેવા મહાત્માઓનું સ્વરૂપ વર્ણવતાં શ્રીગુરુ કહે છે:—

"નિરાબાધપણે જેની મનોવૃત્તિ વહ્યા કરે છે, સંકલ્પ-વિકલ્પની મંદતા જેને થઈ છે, પંચવિષયથી વિરક્તબુદ્ધિના અંકુરો જેને ફૂટયા છે, ક્લેશના કારણ જેણે નિર્મૂળ કર્યાં છે, અનેકાન્ત દૃષ્ટિયુક્ત એકાંતદૃષ્ટિને જે સેવ્યા કરે છે, જેની માત્ર એક શુદ્ધ વૃત્તિ જ છે તે પ્રતાપી પુરુષ જયવાન વર્તો.

આપણે તેવા થવાનો પ્રયત્ન કરવો જોઈએ."[૧]

(સવૈયા એકત્રીસા)

સ્વારથકે સાંચે પરમારથકે સાંચે ચિત્ત
સાંચે સાંચે બૈન કહે સાંચે જૈન મતિ હૈ
કાહૂકે વિરોધી નાંહિ પરજાયબુદ્ધિ* નાંહિ
૭ આતમગવેષી હૈ ગૃહસ્થ હૈ ન મુનિ હૈ
રિદ્ધિ-સિદ્ધિ-વૃદ્ધિ દીસૈ ઘટમેં પ્રગટ સદા
અંતરકી લચ્છીસોં + અજાચી × લક્ષપતિ હૈ
દાસ ભગવંત કે ઉદાસ રહૈં જગતસોં
સુખિયા સદૈવ ઐસે જીવ સમકિતી હૈ[૨]

---

૧. શ્રીમદ્ રાજચંદ્ર, ૮૦.

* પર્યાયબુદ્ધિવાળા.

+ આત્માની લક્ષ્મી, આત્મિક ઐશ્વર્ય

× અયાચક.

૨. સમયસારનાટક, મંગળાચરણ, ૭.

સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે.

---

વિષયોંકી આશા નહીં જિનકે સામ્યભાવ ધન રખતે હૈં
નિજપરકે હિત સાધનમેં જો નિશદિન તત્પર રહતે હૈં
સ્વાર્થત્યાગકી કઠિન તપસ્યા બિના ખેદ જો કરતે હૈં
ઐસે જ્ઞાની સાધુ જગતકે દુઃખ સમુહકો હરતે હૈં.[૧]

આ પ્રકારે માંગલિક શીર્ષક સહિત હવે શ્રીગુરુ પોતાના મુખ્ય વક્તવ્યનો પ્રારંભ કરે છે.

જો કોઈ પણ મનુષ્યને (જીવમાત્રને) સર્વ પ્રકારનાં દુઃખોથી અને વિટંબણાઓથી કાયમને માટે છૂટી જવું હોય, તો તેને માટે નિજસ્વરૂપનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું અનિવાર્ય છે. જ્યાં સુધી મનુષ્યને પોતાના સાચા સ્વરૂપનું ભાન થતું નથી ત્યાં સુધી તે દુનિયાદારીના સારાં-નરસાં અનેક કાર્યો કરવામાં જ પ્રેરિત રહીને પોતાના અમૂલ્ય માનવજીવનને સમાપ્ત કરી દે છે કારણ કે તેને ભાન જ નથી કે હું કોણ છું? હું સુખી છું કે દુઃખી છું? હું શું કરી રહ્યો છું? મારા કરેલાં કર્મોનું શું ફળ થવા યોગ્ય છે? આ અને આવા પ્રાથમિક અને પ્રયોજનવાળા પ્રશ્નોનો વિવેક કે વિચાર જ તે કરતો નથી માત્ર દેખાદેખીમાં ગમે તેમ જીવન વિતાવી દે છે.

ઘરમાં ખોવાયેલી વસ્તુ બહાર શોધવાની કોઈ મથામણ કર્યા કરે અથવા પાણી વલોવીને માખણ મેળવવાની કોશિશ કોઈ કર્યા કરે તો દુનિયામાં તે મૂર્ખ ગણાય છે, હાંસીપાત્ર થાય છે અને માત્ર ક્લેશને જ પામે છે તેમ આત્મા સિવાયના બીજા પદાર્થોમાંથી સાચું સુખ મેળવવાનો પ્રયત્ન કરનાર પણ પરમાર્થે પોતાની ભૂલને લીધે દુઃખને જ પ્રાપ્ત થાય છે.

સાચું અને શાશ્વત સુખ તો નિજાત્મામાં છે. જ્યાં સુધી તેની યથાર્થ ઓળખાણ અને શ્રદ્ધા ન થાય ત્યાં સુધી મનુષ્ય તે તરફ પોતાનો પુરુષાર્થ સ્ફોરવી શકતો નથી. અને જગતના અનેકવિધ પદાર્થોમાંથી સુખાભાસોને પ્રાપ્ત કરવાની માથાકૂટમાં ગૂંચવાઈ રહીને આધિ-વ્યાધિ-ઉપાધિ અને જન્મ-જરા-મરણનાં વિવિધ દુઃખોને પામી અત્યંત ખેદખિન્ન રહ્યા કરે છે. પૂર્વે બાંધેલા પાપકર્મોના ઉદયથી સંપ્રાપ્ત થયેલા અણગમતા પદાર્થોના નિમિત્તથી જીવ દુઃખી થાય છે, જેવા કે નિર્ધનતા, વાંઝિયાપણું, વૈધવ્ય,

૧. વિદ્વદ્વર્ય જુગલકિશોર મુખ્તાર–'મેરી ભાવના'.

શરીરમાં રોગાદિની ઉત્પત્તિ વગેરે. પોતાને સુખરૂપ લાગતા હોય તેવા પ્રસંગો કે પદાર્થોનો વિયોગ થવાથી જીવને અંતરમાં જે એક ખાસ પ્રકારનો ઉચાટ રહ્યા કરે છે (જેને લોકો "મારો જીવ બળ્યા કરે છે" આવા શબ્દો વડે ઓળખાવે છે) તેને ક્લેશ કહે છે. આવા બધા પ્રકારના જગતના સુખદુઃખથી રહિત થવા માટે શ્રીગુરુ આત્મજ્ઞાનપ્રાપ્તિની અનિવાર્યતા જાણી તેની પ્રાપ્તિ કરવા માટે પ્રેરણા કરે છે.

આવું આત્મજ્ઞાન કેવી રીતે પ્રગટ થઈ શકે તે પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે વિચાર (સુવિચાર, સદ્વિચાર, તત્ત્વવિચાર) વડે કરીને આત્મજ્ઞાન ઊપજે છે. પરંતુ આ દોડધામ અને કોલાહલવાળા જમાનામાં સુવિચાર કરવાની મનુષ્યને નથી જિજ્ઞાસા, નથી અવકાશ, નથી યોગ કે નથી આવડત. આમાંની એક પણ પૂર્વશરત જ્યાં ન હોય ત્યાં વિચારદશા કેવી રીતે પ્રગટી શકે? અર્થાત્ ચોક્કસપણે ન જ પ્રગટે; કેમ કે સમગ્ર કારણસામગ્રીના અભાવમાં કાર્યની ઉત્પત્તિ થઈ શકતી નથી.

અસત્સંગ–અસત્પ્રસંગનો નિષેધ સાધકને વિચારદશા ઉત્પન્ન થવામાં ઉપકારી હોવાથી તે વાત હવે રજૂ કરે છે, તેમાં પ્રથમ અસત્સંગ વિષે જણાવે છે.

જ્ઞાનીઓએ, અસત્સંગના નીચે પ્રમાણે ત્રણ મુખ્ય પ્રકારો દર્શાવ્યા છે:—

(૧) પ્રથમ પ્રકારમાં તે જીવોનો સંગ કે જેઓ પરમાર્થનું મુદ્દલ જ્ઞાન જ નહિ હોવાથી સર્વથા સારાસારના વિવેકથી રહિત છે. આ જીવોને અજ્ઞાની અથવા મૂઢ જીવો કહી શકાય.

(૨) બીજા પ્રકારમાં તે જીવોનો સંગ છે કે જેઓ માત્ર લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ અથવા ગતાનુગત કુળપરંપરા પ્રમાણે વર્તવામાં જ ધર્મ માને છે. ~~ગુણ-દોષનો~~ કે સત્ય-અસત્યનો વિવેક કર્યા વિના "બાપદાદા કરતા હોય તે કરવું અથવા કુળગુરુ બતાવે તે કરવું" એવા હઠાગ્રહવાળા હોવાથી પરીક્ષારહિતપણે ધર્મ આદિમાં પ્રવર્તે છે.

(૩) ત્રીજા પ્રકારમાં તેવા સ્વચ્છંદાચારી નાસ્તિક જીવોનો સંગ છે કે જેઓમાં બુદ્ધિ (કુબુદ્ધિ) તો છે પણ પૂર્વે થયેલા આચાર્યો અને મહાન પુરુષોનાં વચનોમાં તેમને કાંઈ જ વિશ્વાસ નથી. આત્મા, ધર્મ, પુણ્ય, પાપ, મોક્ષ કે પુનર્જન્માદિ કોઈ પણ તત્ત્વોનો તેઓ સ્વીકાર જ કરી શકતા નથી. આ જીવો અશ્રદ્ધાળુ અને નાસ્તિક છે.

અસત્પ્રસંગનું સામાન્ય સ્વરૂપ લોકોમાં સુવિદિત છે. વિવિધ પ્રકારના વિભાવ-ભાવોમાં જે કારણોથી મનુષ્યને પ્રવર્તવાનું બને છે તેવા હિંસા-જૂઠ-ચોરી-કુશીલાદિનાં

વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્‌માત્ર સંશય નથી.

આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે.

---

કાર્યો તથા લોભની અતિમાત્રાથી જગતના પદાર્થોને પોતાના બનાવી લેવાની મૂઢ માન્યતામાં પ્રવર્તાવનાર ઉપાધિયુક્ત અનેકવિધ કાર્યો — આ અસત્પ્રસંગના મુખ્ય પ્રકારો છે.

જે કોઈ જિજ્ઞાસુ સુવિચારની શ્રેણીને ઇચ્છે તેણે ઉપર જણાવ્યા મુજબના અસત્સંગના અને અસત્પ્રસંગના પ્રકારોનો સંકલ્પપૂર્વક અને આયોજનપૂર્વક અપરિચય કરવો ઘટે છે. જો પોતાની આજીવિકા શાંતિપૂર્વક પ્રાપ્ત થઈ જતી હોય તો નવા નવા ધંધા-વેપાર-કારખાના-મિલો-ઑફિસો-આયાત-નિકાસ વગેરે અનેકવિધ વ્યવહારનાં કાર્યોને વધારવાની ઝંઝટમાં તેણે પડવું જોઈએ નહિ. વળી જેમ અશુભ આરંભ સંક્ષેપવા યોગ્ય છે તેમ, દશા પ્રમાણે, શુભ-આરંભો પણ વિકલ્પોના ઉત્પાદક હોવાથી કથંચિત્ સંક્ષેપવા યોગ્ય છે. આગળની સાધના-ભૂમિકામાં રહેલા મુમુક્ષુઓ આવા વ્યવહાર ધર્મનાં કાર્યોની પોતે જવાબદારી લીધા વિના સહજપણે સ્વ-પર-કલ્યાણનાં સત્કાર્યોમાં યોગદાન આપે છે.

मूर्छा परिग्रहः[1] (બેભાનપણું, સ્વરૂપનો લક્ષ ન રહેવો તે, પરિગ્રહ છે.) એમ શાસ્ત્ર-વચન છે. માટે નિશ્ચયથી તો પરપદાર્થોને પોતાના માનવા તે જ મોટો પરિગ્રહ છે. પરવસ્તુઓની અમર્યાદિત ઇચ્છા અને સંગ્રહ કરવો તે મનુષ્યને દુઃખદાયી છે કારણ કે તેવો સંગ્રહ મનુષ્યને ચારે બાજુથી ગ્રહી લે છે — ઘેરી લે છે. (પરિ + ગ્રહ) તેવા પરિગ્રહથી મુક્ત અથવા તેની મર્યાદાવાળો જીવ જ મોક્ષમાર્ગમાં સહેજે સહેજે આગળ વધી શકે છે. માટે જ્ઞાની પુરુષોએ આરંભ-પરિગ્રહના અલ્પત્વની આજ્ઞા નીચે પ્રમાણે કરી છે:

"બહુ આરંભ અને પરિગ્રહ નરકગતિનું કારણ છે."[2]—

"સત્સમાગમ અને સત્શાસ્ત્રના લાભને ઇચ્છતા એવા મુમુક્ષુઓને આરંભ-પરિગ્રહ અને રસાસ્વાદાદિ પ્રતિબંધ સંક્ષેપ કરવા યોગ્ય છે, એમ શ્રીજિનાદિ મહાપુરુષોએ કહ્યું છે."[3]

"આરંભપરિગ્રહ પરથી વૃત્તિ મોળી પડવાનું અને સત્શાસ્ત્રના પરિચયમાં રુચિ કરવાનું પ્રથમ કઠણ પડે છે; કેમ કે જીવનો અનાદિ પ્રકૃતિભાવ તેથી જુદો છે; તો પણ જેણે તેમ કરવાનો નિશ્ચય કર્યો છે, તે તેમ કરી શક્યા છે; માટે વિશેષ ઉત્સાહ રાખી તે પ્રવૃત્તિ કર્તવ્ય છે.

---

૧. તત્ત્વાર્થસૂત્ર, ૭/૧૭.

૨. તત્ત્વાર્થસૂત્ર, ૬/૧૫.

૩. શ્રીમદ્ રાજચંદ્ર, ૬૧૬.

"સર્વ મુમુક્ષુઓએ આ વાતનો નિશ્ચય અને નિત્યનિયમ કરવો ઘટે છે, પ્રમાદ અને અનિયમિતપણું ટાળવું ઘટે છે."[3]

આત્મજ્ઞાની મહાત્માનો સમાગમ કરવાથી આગળ કહ્યા તેવા અસત્સંગના વિવિધ પ્રકારના સંસ્કારોનું બળ આત્મામાંથી ઓછું થવા લાગે છે અને સદ્બોધના સંસ્કારોની છાપ ધીમે ધીમે દૃઢ થતી જાય છે. આ ક્રમને સેવવાથી સુવિચારણાની શ્રેણી પર ચઢી શકાય છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આરંભપરિગ્રહનું અલ્પત્વ
↓
અસત્પ્રસંગમાં ઘટાડો
↓
મુમુક્ષુતાની વૃદ્ધિ
↓
સત્સંગનો આશ્રય
↓
અસત્સંગમાં ઘટાડો
↓
તત્ત્વવિચારમાં પ્રવર્તન કરવા
માટે શક્તિ અને સમયની વૃદ્ધિ
↓
આત્મસ્વરૂપનો નિર્ણય
↓
આત્મસ્વરૂપનો વિશેષ વિચાર
↓
આત્મવિચારના દૃઢ સંસ્કાર
↓
આત્મજ્ઞાનની પ્રાપ્તિ

આ ક્રમને સમ્યક્પણે અને દૃઢતાસહિત અનુસરવામાં આવતાં આત્મવિચારના ફળરૂપે સ્વસંવેદનજ્ઞાનનો ઉદય થાય છે. આ જ માર્ગ મહાત્માઓએ આત્મત્વપ્રાપ્તિ માટે કહ્યો છે.

૩. શ્રીમદ્ રાજચંદ્ર, ૭૮૩.

અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ, સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે; એ વાત કેવળ સત્ય છે.

---

(દોહા)

એમ વિચારી અંતરે, શોધે સદ્ગુરુ યોગ;
કામ એક આત્માર્થનું, બીજો નહીં મન રોગ.
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.

આવે જ્યાં એવી દશા, સદ્ગુરુ બોધ સુહાય,
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષયમોહ થઈ, પામે પદ નિર્વાણ.[1]

"તેથી મુમુક્ષુઓએ આત્માને સારી રીતે જાણીને, શ્રદ્ધાસહિત તેની સેવા (ઉપાસના, વિશેષ વિચારણા) કરવી, કારણ કે મોક્ષસુખની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી. ઇન્દ્રિયોને પોતાના વિષયોથી રોકીને, (આત્મવિચારનો) અભ્યાસ કર્યો છે જેણે, તેવા વિકલ્પરહિત ચિત્તવાળાને તે(આત્મા)નું મૂળ સ્વરૂપ સ્પષ્ટ ભાસે છે (સ્વસંવેદન દ્વારા પ્રત્યક્ષ થાય છે).[2]

(દોહા)

વસ્તુ વિચારત ધ્યાવતૈં મન પાવૈ વિશ્રામ,
રસસ્વાદત સુખ ઊપજૈ અનુભૌ યાકૌ નામ.[3]

આ પ્રમાણે સદ્ગુરુબોધથી જાણેલા શુદ્ધ આત્માના વિચારના અભ્યાસના ફળ-સ્વરૂપે મુમુક્ષુ મહાત્મા બને છે, સાધક સંત બને છે અને આત્માર્થી જ્ઞાની બને છે. આ આત્મજ્ઞાન જ મોક્ષનું મૂળ છે. જેમ બીજનો ચાંદ દિવસો જતાં વધતો વધતો પૂનમનો ચાંદ થાય છે, તેમ પોતાના જ્ઞાન-આનંદાદિ અનેક ગુણો જ્યાં પરિપૂર્ણ વિકસે છે તેવા મોક્ષની પ્રાપ્તિ આ આત્મજ્ઞાનના (ચારિત્રસહિતના ક્રમિક) વિકાસથી થાય છે. આ મહા-આનંદપ્રદ મોક્ષપદમાં કોઈ પણ પ્રકારનાં દુઃખ કે ક્લેશ હોઈ શકતા નથી—ટકી શકતા નથી કારણ કે તેવા ક્લેશાદિની ઉત્પત્તિની અંતરંગ કે બહિરંગ કોઈપણ કારણસામગ્રીનું ત્યાં અસ્તિત્વ જ રહેતું નથી. આવા મોક્ષપદને પ્રગટાવનાર આત્મજ્ઞાન છેઃ કહ્યું છેઃ—

---

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૩૭, ૩૮, ૪૦, ૪૧.

૨. યોગસારપ્રાભૃત, ૧/૪૪, ૪૫.

૩. સમયસારનાટક, ૧/૧૭.

(દોહરા)

વર્ધમાન સમકિત થઈ ટાળે મિથ્યાભાસ
ઉદય થાય ચારિત્રનો વીતરાગ પદ વાસ.[1]

(હરિગીત)

જે કોઈ ભવમુક્તિ વર્યા, તે ભેદજ્ઞાન બળે ખરે,
ભવબંધને જે જે ફસ્યા, તે ભેદજ્ઞાન વિના અરે![2]

(રોલા છંદ)

જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જે હૈં,
સો સબ મહિમા જ્ઞાનતની મુનિનાથ કહે હૈં;
વિષય-ચાહ દવ-દાહ જગત-જન અરનિ દઝાવૈ,
તાસ ઉપાય ન આન, જ્ઞાન ઘનઘાન બુઝાવૈ.[3]

સતત આત્મજાગૃતિ દ્વારા જ મુનિપદ પ્રાપ્ત થઈ શકે છે તેવો સિદ્ધાંત હવે પ્રતિપાદિત કરે છે. જેમ જગતના લોકો ઊંઘી જાય ત્યારે તેમને પોતાનાં શરીરાદિનું કશું ભાન રહેતું નથી અને તેઓ મૂઢ-જડ જેવા થઈ જાય છે તેમ પરમાર્થમાં જેઓ મોહરૂપી નિદ્રાને આધીન થઈ જાય તેઓને પોતાના આત્મકલ્યાણનું ભાન રહી શકતું નથી. આવી મોહનિદ્રાના બે પ્રકાર છે, એક દર્શનમોહથી ઉત્પન્ન થયેલી અને બીજી ચારિત્ર મોહથી ઉત્પન્ન થયેલી.

( દોહરા )

કર્મ મોહનીય ભેદ બે, દર્શન ચારિત્ર નામ
હણે બોધ વીતરાગતા અચૂક ઉપાય આમ.[4]

વસ્તુસ્વરૂપને જેનાથી અયથાર્થપણે શ્રદ્ધે તેને દર્શનમોહનીય કહે છે અને આત્મ-સ્થિરતાને બાધક મોહક્ષોભનાં પરિણામોને આધીન થઈને જેનાથી વર્તે તેને ચારિત્ર-મોહનીય કહે છે. પ્રમાદને આધીન થઈ, આ બે પ્રકારમાંથી કોઈ પણ પ્રકારને જે ભજે તે મુનિ થઈ શકતો નથી એટલે કે તે અમુનિ છે.

૧. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, ૧૧૨.
૨. સમયસારકળશ, ૧૩૧. અમૃતચંદ્રાચાર્ય (ગુજરાતી પદ્યાનુવાદ રા. છ. દેસાઈ).
૩. છહ-ઢાળા, ૪/૮
૪. શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર-ગાથા ૧૦૩.

## નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે;

મુનિપણું એ ખરેખર અદ્ભૂત દશા છે. આત્મજ્ઞાન સહિત જેણે સકળ સંયમને ધારણ કર્યો છે અથવા તેનો અભ્યાસ કરે છે અને જીવનના દરેક કાર્યમાં જે આત્મજાગૃતિ-સહિત – વિચારવિવેકપૂર્વક વર્તે છે તેવા મહાપુરુષ મુનિ હોય છે. જોકે પરમાગમમાં શુભોપયોગી અને શુદ્ધોપયોગી એવા બન્ને પ્રકારના મુનિઓને સ્પષ્ટપણે માન્ય કરવામાં આવ્યા છે, છતાં મુનિસંઘમાં અગ્રેસરપણું તો શુદ્ધભાવયુક્ત મુનિઓનું કહ્યું છે. મુનિના સ્વરૂપનું વર્ણન શાસ્ત્રોમાં નીચે પ્રમાણે કર્યું છે :

(હરિગીત)

આગમ વિષે કૌશલ્ય છે ને મોહદષ્ટિ વિનષ્ટ છે
વીતરાગ ચરિતારૂઢ છે તે મુનિ મહાત્મા ધર્મ છે.[૧]

(મનહર છંદ)

શાંતિ કે સાગર અરુ નીતિકે નાગર નેક,
દયા કે આગર જ્ઞાનધ્યાનકે નિધાન હો,
શુદ્ધબુદ્ધિ બ્રહ્મચારી મુખઆની પૂર્ણપ્યારી,
સજ્જનકે હિતકારી ધર્મ કે ઉદ્યાન હો,
રાગદ્વેષસે રહિત પરમ પુનિત નિત્ય,
ગુણસે ખચિત ચિત્ત સજ્જન સમાન હો,

રાજ્યચંદ્ર ધૈર્યપાલ, ધર્મઢાલ ક્રોધકાલ,
મુનિ તુમ આગે મેરે પ્રણામ અમાન હો.[૨]

(હરિગીત)

નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,
ચઉવિધ આરાધન વિષે, નિત્યાનુરક્ત શ્રીસાધુ છે.[૩]

---

૧. શ્રીપ્રવચનસાર ગાથા, ૯૨.
૨. શ્રીમદ્ રાજચંદ્ર, મુનિવંદના.
૩. શ્રીનિયમસાર, ગાથા ૭૫.

પ્રમાદીને સર્વથા ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે.

સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે.

---

(સવૈયા ત્રેવીસા)

નિંદક નાંહિ ક્ષમા ઉરમાંહિ,
    દુ:ખી લખી ભાવ દયાળ કરે હૈં;
જીવકો ઘાત ન ઝૂઠકી બાત ન,
    લેહિ અદાત ન શીલ ધરે હૈં;
ગર્વ ગયો ગલ નાહિં કછૂ છલ,
    મોહ સુભાવસેં જોમ હરે હૈં;
દેહસો છીન હૈ જ્ઞાનમેં લીન હૈ,
    દ્યાનત સો શીવનારી વરે હૈં.[3]

સાધુ, કર્મબંધ કરવાવાળા સર્વ પ્રકારના પરિગ્રહ અને ક્લેશ છોડી દે, જીવોના રક્ષક મુનિ સર્વ વિષયમાં બંધન દેખીને એમાં લિપ્ત થતા નથી.[4]

શ્રી સર્વજ્ઞ ભગવાને, મોહરાગદ્વેષરૂપ સર્વ શત્રુઓને જીતી લીધા છે, તેથી તેઓને શ્રીજિન કહેવામાં આવે છે. તેઓનો એવો ઉપદેશ છે કે જે મનુષ્ય પ્રમાદી થઈ ધર્મ પ્રત્યે અનાદરવાળો થાય[5] તેને તે પ્રમાદને લીધે નવાં કર્મોનું બંધન થાય છે અને તેની આત્મપરિણતિ વિભાવભાવોથી મલિન થાય છે. આ પ્રમાણે આળસ, નિદ્રા, વિષયકષાયોનું આધીનપણું, પાપમય વાતો, અતિરાગ વગેરે પ્રમાદના પ્રકારોથી સાધકને મોક્ષમાર્ગમાં બાધા ઉત્પન્ન થઈને સંસારવૃદ્ધિ થાય છે, જે તેને ભયનો હેતુ છે (કારણ કે સાધક તે જ છે જે ભવથી ભયભીત હોય છે.)

હવે સર્વ પ્રકારના જ્ઞાનમાં આત્મજ્ઞાનની શ્રેષ્ઠતા છે એવો સિદ્ધાંત રજૂ કરીને સાધકને તેની પ્રાપ્તિ કરવા પ્રેરણા આપે છે:—

આ જગતમાં અનંત પદાર્થો છે, તે સર્વ પદાર્થોનું જ્ઞાન (એક પછી એક એમ) જુદું જુદું કરવા જાય તો કદાપિ પાર આવે નહિ, પરંતુ પ્રયોજનભૂત એવા જીવ-અજીવ (જડ-ચેતન)ના યથાર્થ જ્ઞાનના પરિચયથી અંતરંગ વિવેકને જગાડે તો સ્વ-પર-પ્રકાશક, શીતળ, નિર્મળ આત્મજ્ઞાન પ્રગટે, જે ક્રમશઃ વર્ધમાન થઈને પૂર્ણજ્ઞાનને પ્રગટ

---

૩. ધર્મવિલાસ (અધ્યાત્મકવિવર દ્યાનતરાયજી).

૪. ઉત્તરાધ્યયન સૂત્ર-૮/૪

૫. कुशलेषु अनादरः प्रमादः। સર્વાર્થસિદ્ધિ, ૮/૧/૩૭૪/૮

## જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે.
## જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

કરે. માટે, જગતના પદાર્થોનું બાહ્યલક્ષી ગમે તેટલું જ્ઞાન કરવામાં આવે પણ આત્મલક્ષે જો તે ન કરવામાં આવે, અર્થાત્ યથાર્થ ભાવભાસન સહિત જો તે જ્ઞાનની આરાધના ન કરવામાં આવે તો તે બાહ્યલક્ષી જ્ઞાન મોક્ષનું કારણ થઈ શકતું નથી, અને તેથી પરમાર્થે જ્ઞાનીઓએ તેને નિષ્ફળ કહ્યું છે યથા :—

"જે એકને (આત્માને) જાણે છે તે સર્વને જાણે છે, અને જે સર્વને જાણે છે તે એકને જાણે છે."[1]

(દોહા)

જબ જાન્યો નિજ રૂપકો, તબ જાન્યો સબ લોગ,
નહીં જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.[2]

एकेन ज्ञातेन सर्वं विज्ञातं भवति इति किम् ?[3]

"હે મુમુક્ષુ ! એક આત્માને જાણતા સમસ્ત લોકાલોકને જાણીશ, અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે; માટે આત્માથી જુદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઈચ્છાથી તું નિવર્ત અને એક નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે."[4]

(હરિગીત)

જો હોય પૂર્વ ભણેલ નવ, પણ જીવને જાણ્યો નહીં
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં.
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.[5]

આત્મજ્ઞાન તથા આત્મસમાધિને સીધો સંબંધ છે એ વાત હવે સમજાવે છે. આત્માનું જ્ઞાન (ઉપયોગ) જેટલા પ્રમાણમાં નિર્મળ થાય તેટલા પ્રમાણમાં સ્થિરતાને પામવું સુલભ બને છે. આત્માની વિચારધારા વિશેષપણે નિર્મળ રહી શકે તે માટે પાપ-પ્રવૃત્તિથી વિરામ પામવું આવશ્યક છે, આમ, ચિત્તની એકાગ્રતા અને નિર્મળતા પરસ્પરની અપેક્ષાવાળા હોવાથી અન્યોન્યાશ્રિત છે. નિર્મળ ચિત્તની સ્થિરતાને જ સમાધિ, સમતા અથવા સામ્ય કહેવામાં આવે છે. શાસ્ત્રોમાં સમાધિનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :—

૧. શ્રી આચારાંગ, ૧–૩–૪–૧૨૨
૨. શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ, ૧/૧૪
૩. અજ્ઞાત.
૪. શ્રીમદ્ રાજચંદ્ર, ૬૩૧.
૫. શ્રીમદ રાજચંદ્ર-પત્રાંક ૨૬૭

## કોઈ પણ તથારૂપ જોગને પામીને જીવને એક ક્ષણ પણ અંતર્ભેદ જાગૃતિ થાય

"આત્મપરિણામની સ્વસ્થતાને શ્રીતીર્થંકર સમાધિ કહે છે."[2]

"આત્મભાવ યથાર્થ જેને સમજાય છે, નિશ્ચલ રહે છે, તેને એ સમાધિ પ્રાપ્ત હોય છે."[3]

(હરિગીત)

સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની.[4]

(હરિગીત)

સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને;
છે યોગભક્તિ તેહને કઈ રીત સંભવ અન્યને?[5]

સદ્‌ગુરુનો બોધ, સત્શાસ્ત્રનું વાંચન, જિનપરમાત્માનું દર્શન, જાતિસ્મરણજ્ઞાન કે એવો કોઈ પ્રકારનો અન્ય યોગ પ્રાપ્ત થાય અને જો સાધકને અંતર્દષ્ટિ ઊપજે તો મોહની સત્તાને ઉથાપવામાં તેને મોટી મુશ્કેલી પડતી નથી. પરંતુ આવા પ્રકારના યોગ બનવા આ કાળમાં સુલભ નથી. વળી સદ્‌ગુરુ, સત્સંગ આદિના યોગમાં પણ ઘણુંખરું સામાન્ય સાધકને ગતાનુગતિક ન્યાયથી વર્તવાનું બને છે અને તેથી લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ કે શરીરચેષ્ટાદિરૂપે વર્તતો તે સાધક જાગ્રત આત્મદષ્ટિવાળો બની શકતો નથી. જો તેવા યોગમાં, પુરુષાર્થ સ્ફોરવીને, દેહ અને આત્માના ભિન્નપણા વિષે દષ્ટિ દે તો ઉપયોગના પ્રવર્તન પ્રત્યે (પોતાના વિચારોની શુદ્ધાશુદ્ધતા પ્રત્યે) જાગ્રત રહેતો થકો ધીમે ધીમે તે અંતર્મુખતાનો અભ્યાસ કરી શકે છે. આ પછી સૂક્ષ્મ દષ્ટિ વડે કર્મોદય અને નિજપરિણતિને જુદાં જુદાં લક્ષણવાળી જાણીને રાગ અને જ્ઞાનનું ભિન્નપણું કરે ત્યારે તેને ભેદજ્ઞાનની પ્રાપ્તિ થાય છે જે પ્રાપ્ત થયે મોક્ષ વિશેષ દૂર રહેતો નથી. વિવિધ અને વિચિત્ર પ્રકારનાં કર્મોના ઉદયથી થવા યોગ્ય વિભાવભાવો અને તેવા સર્વ વિભાવભાવોને જાણવાની જેનામાં કાયમ શક્તિ રહેલી છે તેવો આત્મા – આ બે વચ્ચેના ભેદને યથાર્થ જાણીને તેમના ભિન્નપણાના અભ્યાસના ફળરૂપે પ્રગટવા યોગ્ય જે આત્મસંવેદન – સ્વસંવેદન–સ્વભાવનું ભાસન–તે પ્રગટ થતાં જ દેદીપ્યમાન વિવેકજ્યોતિ અંતરમાં ઝળહળી ઊઠે છે

૨. શ્રીમદ રાજચંદ્ર-પત્રાંક ૫૬૮
૩. શ્રીમદ રાજચંદ્ર-પત્રાંક ૩૨૪
૪. શ્રી નિયમસાર, ૧૦૪ (હિં. જે. શાહ કૃત પદ્યાનુવાદ).
૫. શ્રી નિયમસાર, ૧૩૮ ( ,, ,, ,, ).

અને ક્રમે કરીને તે જ જ્યોતિ એક દિવસ કેવળજ્ઞાનજ્યોતિરૂપે પ્રકાશીને સાધકને સિદ્ધ બનાવી દે છે, આત્માને પરમાત્મા બનાવી દે છે. આ કારણથી જ્ઞાની પુરુષોએ તે અંતર્ભેદ કરવા માટે સાધકને વારંવાર પ્રેરણા કરી છે. કહ્યું છે કે—

"દેહ અને આત્માનો ભેદ પાડવો તે 'ભેદજ્ઞાન'; જ્ઞાનીનો તે જાપ છે. તે જાપથી દેહ અને આત્મા જુદા પાડી શકાય છે. તે ભેદજ્ઞાન થવા માટે મહાત્માઓએ સકળ શાસ્ત્રો રચ્યાં છે. જેમ તેજાબથી સોનું અને કથીર જુદાં પડે છે, તેમ જ્ઞાનીના ભેદવિજ્ઞાનના જાપરૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અગુરુલઘુ સ્વભાવવાળું હોઈને પ્રયોગી દ્રવ્યથી જુદું પડી સ્વધર્મમાં આવે છે.[1]

(અનુષ્ટુપ)

જૈસે છૈની લોહકી, કરૈ એક સૌં દોઈ,
જડ ચેતનકી ભિન્નતા, ત્યૌં સુબુદ્ધિસો હોઈ.[2]

(હરિગીત)

જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે;
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે.[3]

(દોહરા)

જીવ કરમ ભિન્ન ભિન્ન કરો, મનુષ જનમકું પાય;
આત્મજ્ઞાન વૈરાગ્યસે, ધીરજ ધ્યાન જગાય.[4]

દેહ-કર્મ-કૃત સર્વ વિકારો, તે જડ ચેતન આપ અહો !
જડચેતન એ ભિન્ન કરે તે ભેદજ્ઞાન મુજ ઉર રહો.[5]

(સવૈયા ત્રેવીસા)

ચેતનમંડિત અંગ અખંડિત, સુદ્ધ પવિત્ર પદારથ મેરો,
રાગ વિરોધ વિમોહ દસા, સમુઝૈ ભ્રમ નાટક પુદ્ગલ કેરો;
ભોગ સંયોગ વિયોગ વિથા* અવલોકી કહૈ યહ કર્મજ ઘેરો,
હૈ જિનકો અનુભૌ ઇહ ભાંતિ, સદા તિનકો પરમારથ નૈરો.[6] +

---

૧. શ્રીમદ્ રાજચંદ્ર, વ્યાખ્યાનસાર, ૨/૧૧/૧૮.

૨. સમયસાર નાટક, ૧/૪.

૩. નિયમસાર, ગાથા, ૧૦૬.

૪. બૃહદ્ આલોચના, દોહરો ૨૯.

૫. તત્ત્વજ્ઞાન તરંગિણી, ૮/૧૦ (રા. છ. દેસાઈકૃત ગુજરાતી પદ્યાનુવાદ).

૬. સમયસાર નાટક, મોક્ષદ્વાર, ૧૭ (મૂળ સમયસારકળશ ૧૮૫ ઉપરથી). અભ્યાસી મુમુક્ષુએ મૂળ શ્લોક અવશ્ય જોવા યોગ્ય છે.

* વિથા=વૃથા, નકામા.

+ નૈરો = નજીક, પાસે.

અન્ય પરિણામમાં જેટલી તાદાત્મ્યવૃત્તિ છે, તેટલો જીવથી મોક્ષ દૂર છે.

---

સામાન્ય સાધકને મનમાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પોની હારમાળા ચાલ્યા કરતી હોય છે. સાધક જેટલા પ્રમાણમાં જાગ્રત હશે તેટલા પ્રમાણમાં તે શુભાશુભ ભાવો (સંકલ્પ – વિકલ્પો) સાથે તન્મય નહિ થઈ જાય. પરભાવોમાં સર્વથા એકાકારપણું થઈ જવું તે અજ્ઞાનની નિશાની છે, અને જેટલા પ્રમાણમાં અજ્ઞાન તેટલા પ્રમાણમાં સાધક મોક્ષથી દૂર હોય છે. માટે જેને મોક્ષની નજીક આવવું હોય તેવા ઉત્તમ જિજ્ઞાસુ જીવોએ આત્મજ્ઞાન – ઉત્પાદક કે આત્મજ્ઞાનમાં સહાયક ન હોય તેવા ભાવોમાં પોતાનું ચિત્ત બને તેટલું ઓછું લગાડવું એવો શ્રીગુરુઓનો ઉપદેશ છે :—

"આત્મજ્ઞાનથી અન્ય કાર્ય, બુદ્ધિમાં લાંબો સમય ધારણ કરવું નહીં, પ્રયોજનવશ (સ્વ–પરકલ્યાણ માટે) કિંચિત્ કરવું પડે તો અતત્પર રહીને માત્ર વચન અને કાયાથી કરવું.[1]

જેટલા પ્રમાણમાં સ્વસ્વરૂપની જાગૃતિ હશે તેટલા પ્રમાણમાં વિભાવભાવ આત્મામાં ઉત્પન્ન થતાં જ 'આ અન્યભાવ છે, આસ્રવભાવ છે' એવી જાગૃતિરૂપ સ્મૃતિ ઉત્પન્ન થઈ આવશે. સાધકે આ આસ્રવોને હેયરૂપ જાણ્યા હોવાને લીધે તે વિભાવોને (આસ્રવોને) તે દૂર કરવાનો પ્રયત્ન કર્યા વિના રહેશે નહિ. આમ, અભ્યાસના બળે કરીને, 'આ શુદ્ધ ચૈતન્યરૂપ જ્ઞાયકસત્તાનો ભાવ છે' અને 'આ વિવિધ પ્રકારના વિભાવભાવો છે' એવી ભિન્નતાનો ભાવ જેને ભાસે છે, તે વિભાવભાવો ઉપર સતત ચોકીપહેરો રાખે છે. ક્રમે કરીને પોતાનું અભ્યાસબળ વધારીને સર્વ સ્વ-શક્તિથી જે તેમનો પરિહાર કરે છે તે જ સાચો ભેદજ્ઞાની મહાત્મા છે, બાકી બીજાથી તો મોક્ષ દૂર જ છે. ભેદજ્ઞાનના અભ્યાસ દ્વારા આવા વિભાવભાવોના અપરિચયની જ્ઞાની પુરુષોએ વારંવાર આજ્ઞા કરી છે :

"જેટલી સંસારને વિષે સારપરિણતિ મનાય તેટલી આત્મજ્ઞાનની ન્યૂનતા શ્રી તીર્થંકરે કહી છે."[2]

---

૧. શ્રી સમાધિશતક, ૫૦.

૨. શ્રીમદ્ રાજચંદ્ર, ૫૫૧.

જો કોઈ આત્મજોગ બને તો આ મનુષ્યપણાનું મૂલ્ય કોઈ રીતે ન થઈ શકે તેવું છે. પ્રાયે મનુષ્યદેહ વિના આત્મજોગ બનતો નથી એમ જાણી, અત્યંત નિશ્ચય કરી, આ જ દેહમાં આત્મજોગ ઉત્પન્ન કરવો ઘટે.

આત્મત્વને (આત્મજ્ઞાનાદિ ઐશ્વર્યને) પામવાનો યોગ, જો કોઈ પણ રીતે આ માનવભવમાં પ્રાપ્ત થઈ જાય તો આ ભવનું મૂલ્ય અપરિમિત છે. મતલબ કે મહાપુણ્ય-યોગે પ્રાપ્ત થયેલા આ માનવજીવનને સફળ કરવા માટે, કોઈ પણ ઉપાયે, સાધક જીવે વારંવાર પુરુષાર્થ કરીને સત્સંગ, સદ્‌વિચાર અને સદાચારને સેવવા જોઈએ. તેના પરિ-ણામે આ જીવને અનાદિના અવિદ્યાના સંસ્કારોનો રકાસ થઈ, ક્રમશઃ નિર્મળ આત્મ-જ્ઞાનને ધારણ કરવાની પાત્રતા પ્રગટે. આવો પાત્ર જીવ તત્ત્વવિચારની શ્રેણીએ ચઢીને અંતરસંશોધન કરે ત્યારે તેનામાં આત્મજ્ઞાન આવિર્ભાવ પામે. આ મનુષ્યભવ તે આત્મ-જ્ઞાનની પ્રાપ્તિ માટેનો સુવર્ણ અવસર છે કારણ કે જે બહિરંગ-અંતરંગ સામગ્રીની તેને માટે આવશ્યકતા છે તે સર્વની મનુષ્યભવમાં જેટલી સુપ્રાપ્તિ છે તેટલી અન્ય ભવમાં સામાન્યપણે નથી. જોકે સિદ્ધાંતમાં, ચારે ગતિઓને વિષે તેની ઉત્પત્તિ સંભવિત ગણી છે તોપણ વિવેકી પુરુષ અવશ્ય એવો નિર્ણય કરે છે કે વર્તમાનમાં પ્રાપ્ત આ સોનેરી તકનો લાભ લઈ લેવો એ જ મારે માટે ઇષ્ટ છે. આનાથી પણ આગળ જઈ શ્રીગુરુ કહે છે કે હે ભવ્ય જીવો ! વર્તમાનમાં પ્રાપ્ત મનુષ્યભવ, આર્યક્ષેત્ર, સર્વજ્ઞની વાણી અને સત્સંગનો યોગ અતિ અતિ દુર્લભ છે એમ જાણીને તમે પ્રતિજ્ઞા કરો કે જ્યાં સુધી આત્મજ્ઞાન નહિ પ્રગટે ત્યાં સુધી કષાયની ઉપશાંતતા, અંતરનો વૈરાગ્ય, સત્શાસ્ત્રોનો અભ્યાસ, મધ્યસ્થતા, મૈત્રી-ગુણપ્રમોદના ભાવો, સરળતા, વિનય અને આત્મ-ભાનપૂર્વકની દેવ-ગુરુ-ધર્મની ઉત્કૃષ્ટ ભક્તિ સહિત તત્ત્વાનુસંધાનનો સત્પુરુષાર્થ અમે છોડીશું નહિ. આ કાર્યને અમે અગ્રીમતાને ધોરણે સ્વીકારીશું અને તે પૂર્ણ કરીને જ જંપીશું. શ્રીગુરુ કહે છે :

(હરિગીત)

રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર તેને ઓળખો
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.[1]

(હરીગીત)

યહ રાગ આગ દહૈ સદા તાતૈં સમામૃત પીજિયે,
ચિર ભજે વિષય-કષાય અબ તો ત્યાગ નિજ પદ બેઇયે,
કહા રચ્યો પરપદમેં ન તેરો પદ યહૈ, કયોં દુખ સહૈ,
અબ 'દૌલ' ! હોઉ સુખી સ્વપદ રચી દાવ મત ચૂકો યહૈ.[2]

---

૧. મોક્ષમાળા, પાઠ–૬૭.

૨. છહઢાળા, ૬/૧૫.

વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્યપરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે. અસત્સંગ પ્રસંગનો ઘેરાવો વિશેષ છે, અને આ જીવ તેથી અનાદિકાળનો હીનસત્ત્વ થયો હોવાથી

---

ભવ-તન-ભોગ પ્રતિ હૃદયે વૈરાગ્ય ધરી તજી સંગ ત્રિધા,
સદ્ગુરુને નિર્મલ શ્રુત ભજતાં, રત્નત્રયને ધારી મુદા,
અન્ય જીવોની સંગતિ તેમ જ રાગાદિ ત્યજી સઘળાને
સુખ સ્વાત્મોત્થ ચહે તે વસતા નિર્જન નિરુપદ્રવ સ્થાને.[1]

હે ભાઈ! તું કોઈ પણ રીતે, મરીને પણ (મહાકષ્ટે કરીને) તત્ત્વોનો કૌતૂહલી થઈ આ શરીરાદિ મૂર્ત દ્રવ્યનો એક મુહૂર્ત (૪૮ મિનિટ) પાડોશી થઈ આત્માનો અનુભવ કર કે જેથી પોતાના આત્માને વિલાસરૂપ, પરદ્રવ્યોથી જુદો દેખી આ શરીરાદિ મૂર્તિક પુદ્ગલદ્રવ્ય સાથે એકપણાના મોહને તું તરત જ છોડશે.[2]

આત્મજ્ઞાનપ્રાપ્તિ માટે નિર્મળ દૃષ્ટિની અને શાંત થવાની આવશ્યકતા છે, એવો સિદ્ધાંત શ્રીગુરુ હવે રજૂ કરે છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જૈન સિદ્ધાંતમાં પાંચ લબ્ધિઓ[3] આવશ્યક ગણી છે જેમાંની બીજી લબ્ધિ તે વિશુદ્ધિલબ્ધિ છે જેને પ્રાપ્ત થયા વિના સાધક કરણલબ્ધિનો પુરુષાર્થ કરી શકે નહિ. માટે સાધકે પોતાના વિચારોને નિર્મળ રાખવા માટે સતત ઉદ્યમ કર્તવ્ય છે. અને તેવી નિર્મળતામાં સહકારી કારણો જેવાં કે સત્સંગ, સદાચાર અને સત્શાસ્ત્રાધ્યયનને અંગીકાર કરવાં પણ આવશ્યક છે. જ્યારે પોતાની વિચારધારાને વિશુદ્ધ રાખવા માટે આવાં સાધનોને અંગીકાર કરીએ ત્યારે સ્વાભાવિકપણે જ આત્માને મલિન કરવાવાળા જે પાપારંભો અને પાપકથાઓ તેનો અપરિચય કરવો પડે છે. માટે વર્તમાનકાળની અપેક્ષાએ (૧) ગપ્પાં મારવાં, (૨) નવલિકા-નાટક-શૃંગારકાવ્યો વગેરે વાંચવા (૩) આવશ્યકતાથી અધિક વર્તમાનપત્રો કે રેડિયાનો પરિચય કરવો, (૪) ક્લબોમાં જવાનું કે અનિવાર્ય કારણ સિવાય હોટલ-સિનેમા વગેરેમાં જવું. (૫) સગાંવ્હાલાં-મિત્રોને ત્યાં આવશ્યકતાથી અધિક જવું. (૬) ઊંઘ અને ભોજનને સેવવામાં અધિક સમય લગાવવો. (૭) સપ્તવ્યસનો સેવવા — આવી બધી પ્રવૃત્તિઓને દૃઢતાથી, સ્પષ્ટપણે અને આયોજનપૂર્વક સંકોચવી જરૂરી છે. જો કે બધાને માટે આ નિયમો એકસરખા લાગુ પાડી શકાય નહીં છતાં ઉંચી કક્ષાના મુમુક્ષુએ આ કાર્ય કર્યા વિના વિશુદ્ધ વિચારધારાને પ્રાપ્ત કરવાની ઇચ્છા છોડી દેવી.

---


૧. તત્ત્વજ્ઞાનતરંગિણી, ૧૭/૩ (રા.છ. દેસાઈકૃત ગુજરાતી પદ્યાનુવાદ),

૨. સમયસાર-કળશ, ૨૩.

૩. (૧) ક્ષયોપશમલબ્ધિ (૨) વિશુદ્ધિલબ્ધિ (૩) દેશનાલબ્ધિ (૪) પ્રાયોગ્યતાલબ્ધિ (૫) કરણલબ્ધિ.

તેથી અવકાશ પ્રાપ્ત કરવા અથવા તેની નિવૃત્તિ કરવા જેમ બને તેમ સત્સંગનો આશ્રય કરે તો કોઈ રીતે પુરુષાર્થયોગ્ય થઈ વિચાર દશાને પામે.

આવા ઉપરોક્ત ક્રમિક જીવનપરિવર્તનને સ્વીકારીને સત્સંગના યોગે તત્ત્વચિંતન દ્વારા અંતરશોધન અને અંતર્મુખતાનો અભ્યાસ જે સાધક કરે છે તેને અલ્પકાળમાં મહાન સાધકદશા પ્રગટે છે. અસત્સંગ–અસત્પ્રસંગોને સંક્ષેપવા માટે આગળ પ્રેરણા આપી દીધી છે, અહીં તો શ્રીગુરુ કહે કે જ્યાં સુધી તથારૂપ પ્રકારોથી નિવર્તીને સત્સંગનો આશ્રય નિયમિતપણે અમુક ચોક્કસ વિધિથી (મિથ્યા આગ્રહ, સ્વચ્છંદ, પ્રમાદ અને વિષયલોલુપતાને ઘટાડીને) અને દીર્ઘકાળ (ઘણા માસ કે વર્ષ) સુધી ન કરે ત્યાં સુધી સાધકનું વિચારબળનું સામર્થ્ય અતિ અલ્પ જ રહે છે, અર્થાત્ નહિવત્ રહે છે. જ્યાં સુધી વિચારબળ વધે નહિ ત્યાં સુધી યથાર્થ વિચારણા બની શકે નહિ અને તેવી સુવિચારણા વિના કોઈ પણ જીવને આત્મજ્ઞાન ઊપજી શકે નહિં. તેથી—




સાધકને પૂર્વે થયેલા મહાન જ્ઞાની પુરુષો આ પ્રમાણે પ્રેરણા કરે છે:—

આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેને વિષેથી પોતાપણાનું અભિમાન મંદ પરિણામને પામે છે, તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે... ને કરવા યોગ્ય પણ તેમ જ છે કે આરંભપરિગ્રહને વારંવારના પ્રસંગે વિચારી વિચારી પોતાના થતાં અટકાવવા, ત્યારે મુમુક્ષુતા નિર્મળ હોય છે[1].... નિત્ય તેવો વિચાર રાખતાં, તે વાત શ્રવણ કરતાં, ફરી ફરીને પુરુષાર્થ કરતાં તે મુમુક્ષુતા ઉત્પન્ન થાય છે.[2]

આ કાળમાં એ વાત ઘણું કરીને જોવામાં આવતી નથી. કોઈ જુદા સ્વરૂપમાં મુમુક્ષુ અને જુદા સ્વરૂપમાં મુનિ વગેરે જોઈ વિચાર થાય છે કે આવા સંગે કરી જીવની

૧. શ્રીમદ્ રાજચંદ્ર ૩૩૨.

૨. શ્રીમદ્ રાજચંદ્ર ૪૨૨.

જે પ્રકારે અનિત્યપણું, અસારપણું આ

ઊર્ધ્વ દશા થવી ઘટે નહિં પણ અધોદશા થવી ઘટે.[3]

ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુજીવે સહજ સ્વભાવરૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે.[4]

(હરિગીત)

પ્રગટાવ આત્મજ્ઞાન સદ્દગુરુ, શાસ્ત્ર ધર્મી સુસંગથી,
તેનું જ અવલંબન કરી, સ્થિર થા છૂટી પરસંગથી.[5]

(હરિગીત)

પરદ્રવ્યને તજવા કરે અભ્યાસ સતત સ્વચિંતને,
તે યોગી કર્મ-શરીર આદિ ત્યાગી સત્વર શિવ બને;
પરદ્રવ્યનું ચિંતન ખરેખર કર્મ-બંધ નિદાન છે,
ચિંતન વિમલ નિજદ્રવ્યનું શિવ હેતુ એ જ પ્રધાન છે.[6]

(હરિગીત)

તું સ્થાપ નિજને મોક્ષપંથે, ધ્યા અનુભવ તેહને,
તેમાં જ નિત્ય વિહાર કર, નહીં વિહર પરદ્રવ્યો વિષે.[1]

(માલિની)

વિરમ વિરમ સંગોથી, છોડ છોડ પ્રસંગો,
મૂકી મૂકી દે મોહ, જાણુ જાણુ સ્વતત્ત્વ,
કર કર સ્વાભ્યાસ. દેખ દેખ સ્વરૂપ,
ભજ ભજ પુરુષાર્થ, મોક્ષ આનંદ હેતુ.[2]

(હરિગીત)

સંસારરૂપી દુઃખથી ન રોગ જબરો જાણીએ,
સમ્યક્‌વિચાર સમાન ઔષધ પરમ કો ના માનીએ;
સંસાર રોગ વિનાશ કાજે, શાસ્ત્ર સમ્યક્ શોધીને,
સમ્યક્ વિચાર-ઉપાય ગ્રહું છું, પામી ગુરુગમ બોધિને.[3]

---

૩. શ્રીમદ્દ રાજચંદ્ર ૪૯૫.

૪. શ્રીમદ્દ રાજચંદ્ર ૬૪૩.

૫. શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી, ૧૫/૧૦ (રા. છ. દેસાઈકૃત ગુજરાતી પદ્યાનુવાદ).

૬. શ્રી તત્ત્વજ્ઞાનતરંગિણી, ૧૫/૧૫-૧૬ ( ,, ,, ,, ).

૧. શ્રી સમયસાર (હિં. જે. કૃત ગુજરાતી પદ્યાનુવાદ).

૨. विरम विरम संगात् मुंच मुंच प्रपंच
विसृज विसृज मोहं विद्धि विद्धि स्वतत्वं ।
कलय कलय वृतम् पश्य पश्य स्वरुपं
कुरु कुरु पुरूषार्थं निर्वृत्तानंदहेतोः ॥ [જ્ઞાનાર્ણવ-૧૫/૪૨]

૩ હૃદય-પ્રદીપ-ગાથા ૯ (બ્ર. ગોવર્ધનદાસજી કૃત પદ્યાનુવાદ)

સંસારનું અત્યંતપણે ભાસે તે પ્રકારે કરી આત્મવિચાર ઉત્પન્ન થાય.

હવે આ ઉપાધિકાર્યથી છૂટવાની વિશેષ વિશેષ આર્ત્તિ થયા કરે છે, અને છૂટવા વિના જે પણ કંઈ કાળ જાય છે

---

જેમ જેમ અને જેટલા જેટલા પ્રમાણમાં જગતનું, જગતના પદાર્થોનું અને જગતના ભાવોનું સાવ સાધારણપણું સાધકના ચિત્તમાં ભાસે, તેમ તેમ અને તેટલા તેટલા પ્રમાણમાં પરમાર્થમાર્ગ વિષે અને પરમાર્થ (સ્વ-આત્મા) પ્રત્યે તેનું વલણ વધતું જાય છે. જગતના સર્વ ભાવ-પદાર્થો ક્ષણભંગુર છે, વિનાશિક છે, કોઈ પણ રીતે કલ્યાણકારી કે સત્ત્વયુક્ત નહિ હોવાથી આશ્રય લેવા યોગ્ય નથી એવો જો સાધકના અંતરમાં નિશ્ચય થાય તો તેવા ભાવોથી પાર, અવિનાશી, સત્ત્વશીલ કૃતકૃત્યતાને આપનાર, જ્ઞાન-આનંદમય, અપૂર્વ એવા ચૈતન્યાત્મક ભાવ પ્રત્યે તેનું લક્ષ જાય. જેટલું જગતના પદાર્થોનું માહાત્મ્ય અંતરમાં ઘટે તેટલા પ્રમાણમાં તેનું સ્વયંસ્મરણ ઓછું થાય અને જેટલું જગતનું સ્મરણ ઓછું થાય તેટલા સત્‌ના સંસ્કાર વૃદ્ધિગત થતાં પરમાર્થવિચારણાનું સાધકનું બળ વધતું જાય. આમ, જ્ઞાનીઓએ કહેલો જગત-વિસ્મૃતિનો અને તત્ત્વવિચારણાનો ક્રમ ધીરે ધીરે સાધકના રોજબરોજના જીવનમાં આવિર્ભાવ પામે. જે સાધકને આવી મહાન સાધકદશા વર્તે તેને શુદ્ધાત્મપદની પ્રાપ્તિ જરા પણ દૂર નથી એવો શ્રીગુરુઓનો બોધ અને અનુભવ છે. કહ્યું છે કે :

આમ, સંસારનું સ્વરૂપ જાણીને અને ખૂબ આદરથી (સમ્યક્ત્વ, વ્રત, ધ્યાનાદિની સાધના દ્વારા) મોહનો ત્યાગ કરીને તે શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરો, જેથી સંસારનો નાશ થાય[1]

પ્રીતિ અનંતી પર થકી, જે તોડે હો તે જોડે એહ,
પરમ પુરુષથી રાગતાં એકત્વતા હો દાખી ગુણગેહ
ઋષભ જિણંદશું પ્રીતડી.[2]

આગળ શ્રીગુરુ કહે છે કે અમોને વિશેષ સમાધિનો લાભ નિરંતર રહે તે અર્થે સર્વ પ્રકારના બાહ્યાંતર સંગોથી અમારે રહિત જ થવું છે અને તેથી આ જે થોડો ઉપાધિરૂપ બાહ્ય પ્રપંચ અમને વર્તે છે તેનાથી કેવી રીતે છૂટવું તેના ઉપાયપ્રવર્તનમાં જ અમે લય લગાવી છે. જે પણ કાળ તે ઉપાધિથી રહિત થવામાં વ્યતીત થઈ રહ્યો

---

૧. इति संसारं ज्ञात्वा मोहं सर्वादारेण त्यक्त्वा ।
तं ध्यायत स्वस्वभावं संसरणं येन नश्यति ॥
સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા, ૭૩.

૨. શ્રીમદ્ દેવચંદ્રજી કૃત આદિનાથ પ્રભુનું સ્તવન.

તે, આ જીવનું શિથિલપણું જ છે, એમ લાગે છે અથવા એવો નિશ્ચય રહે છે. જનકાદિ ઉપાધિમાં રહ્યાં છતાં આત્મસ્વભાવમાં વસતા હતા એવા આલંબન પ્રત્યે ક્યારેય બુદ્ધિ થતી નથી. શ્રીજિન જેવા જન્મત્યાગી પણ છોડીને ચાલી નીકળ્યા એવા ભયના હેતુરૂપ ઉપાધિયોગની નિવૃત્તિ આ પામર જીવ કરતાં કરતાં કાળ વ્યતીત કરશે તો અશ્રેય થશે, એવો ભય જીવના ઉપયોગ પ્રત્યે પ્રવર્તે છે, કેમ કે એમ જ કર્તવ્ય છે.

જે રાગદ્વેષાદિ પરિણામ અજ્ઞાન વિના સંભવતા નથી,

---

છે તે અમારા પોતાના જ દોષનું અને પ્રમાદનું કારણ છે એમ અમને તો સ્પષ્ટ લાગે છે અને તે કારણે જ તેવી સર્વ ઉપાધિથી રહિત થવા ક્ષણે ક્ષણે પૂર્ણશક્તિ લગાડીને પ્રયત્નશીલ થઈ રહ્યા છીએ.

/પૂર્વકાળે ભગવાન શ્રીરામના કાળમાં થયેલા જનકાદિ મહાત્માઓને બાહ્ય ઉપાધિ છતાં પણ અંતરમાં વિશિષ્ટ જ્ઞાનદશા પ્રગટી હતી એમ શાસ્ત્રમાં કથન છે. પરંતુ અમારા ચિત્તમાં તો આ સ્થિતિ આદરરૂપ પણ નથી તો આદર્શરૂપ ક્યાંથી હોઈ શકે ? કારણ કે અમારા જ્ઞાનમાં તો એવો દૃઢ નિશ્ચય થયેલો છે કે આગલા જન્મોથી જ શુદ્ધ આત્મજ્ઞાનાદિ સંપત્તિને સાથે લઈને જન્મેલા એવા શ્રીતીર્થંકરાદિ મહા સમર્થ પુરુષોએ પણ આ સંસાર-પ્રસંગોને એકાંતે વિનાશિક, દુઃખદાયી અને સાવ અસાર જાણીને જો ત્યાગી દીધા છે તો આ જગતમાં બીજો કયો બુદ્ધિમાન પુરુષ તેવા પ્રસંગોમાં રહેવાની રુચિ રાખી શકે ?/અર્થાત્ સમયે સમયે જેમાં કર્મબંધનનો, દુઃખોનો, આસ્રવોનો, ભયનો, અશરણતાનો, અપવિત્રતાનો અને વિપરીતતાનો જ અનુભવ થવાયોગ્ય છે તેવા સંસારના આ વ્યવસાયાદિ પ્રપંચોના ત્યાગમાં ઉદ્યમવાન એવો અમારો આત્મા જો અમુક કાળ વિતાવી દેશે તો આલોક-પરલોકમાં તેનું અકલ્યાણ જ થશે એવી ભીતિ પ્રત્યે અમે જાગ્રત જ છીએ અને તેવી આત્મજાગ્રતિ સતત કર્તવ્યરૂપ છે. આવી આત્મજાગૃતિરૂપ જે અપ્રમત્ત દશા તેના બળ વડે થોડા કાળમાં અમારા પ્રમાદ આદિનો નાશ થઈને સાતિશય અને વિશિષ્ટ અપ્રમત્ત ધર્મદશા પ્રગટ થશે એવો અમારો નિશ્ચય અને ઉદ્યમ છે.

હવે પૂર્ણજ્ઞાનનું અને રાગદ્વેષનું એકસાથે હોવું સંભવતું નથી એવો સિદ્ધાંત પ્રતિપાદિત કરતાં શ્રીગુરુ કહે છે કે/અનુકૂળ પદાર્થો પ્રત્યે ઇષ્ટ બુદ્ધિરૂપી જે રાગના ભાવો અને પ્રતિકૂળ પદાર્થો પ્રત્યે અનિષ્ટબુદ્ધિરૂપ જે દ્વેષના ભાવો તે પૂર્ણજ્ઞાનીને હોઈ શકે નહીં./અધ્યાત્મપરિભાષાથી નિર્વિકલ્પ પરમ સમાધિના બળ વડે અને સિદ્ધાંત પરિભાષાથી સામાયિક આદિ વિશિષ્ટ ચારિત્રની વિશુદ્ધિની પરંપરાથી યથાખ્યાત ચારિત્ર પ્રગટ થતાં તેના ફળરૂપે કેવળજ્ઞાનાદિ ઊપજે છે. ત્યાં આત્મામાં રાગાદિનો અનંતાંશ પણ રહેતો નથી અને એ દશાને જ સંપૂર્ણ જીવન્મુક્તિ કહી શકાય છે એવો અમારો નિર્ધાર છે.

તે રાગદ્વેષાદિ પરિણામ છતાં જીવન્મુક્તપણું સર્વથા માનીને જીવન્મુક્ત દશાની જીવ આસાતના કરે છે,—એમ વર્તે છે. સર્વથા રાગદ્વેષ પરિણામનું પરિક્ષીણપણું જ કર્તવ્ય છે.

અત્યંત જ્ઞાન હોય ત્યાં અત્યંત ત્યાગ સંભવે છે. અત્યંત ત્યાગ વિના અત્યંત જ્ઞાન ન હોય એમ શ્રી તીર્થંકરે સ્વીકાર્યું છે.

---

જ્યાં વધતી ઓછી કક્ષાના પણ રાગાદિ અંશો વિદ્યમાન છે ત્યાં પોતાને સર્વથા જીવન્મુક્ત માનવારૂપી ભૂલ કરનારા જીવો મહાન દોષને પાત્ર થઈને જ્ઞાની પુરુષના માર્ગથી વિરુદ્ધ વર્તનારા છે એમ જાણીએ છીએ. જે સાચા જ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ મહાત્મા છે તે તો આત્મામાંથી સર્વ પ્રકારના સ્થૂળ અને સૂક્ષ્મ રાગાંશોને હેયપણે શ્રદ્ધીને તેના ઉન્મૂલનમાં પોતાના જીવનનો વધુમાં વધુ પુરુષાર્થ લગાડે છે અને કવચિત્ કદાચિત્ તેમાં સફળતા ન મળે તોપણ વારંવાર પૂર્વે થયેલા મહાપુરુષોના ચારિત્રાદિનું અવલંબન લઈ પોતાના આત્મામાં પુરુષાર્થ ઉપજાવી અપ્રમત્તપણે શુદ્ધાત્મદશાને પ્રગટ કરવા કમર કસે છે, કારણ કે તેવી સંપૂર્ણ વીતરાગદશા પ્રગટ કરવી તે જ જ્ઞાની–મુમુક્ષુનું અંતિમ ધ્યેય છે.

હવે, જ્ઞાન અને ત્યાગનું સહચારીપણું દર્શાવે છે. અહીં, જ્ઞાન એટલે સમ્યગ્-દર્શન જ્ઞાન-ચારિત્રની એકતારૂપે પરિણમેલો આત્માનો ભાવ. ત્યાગ શબ્દનો અર્થ નિષેધાત્મક રીતે આગળ કહેશે, વિધેયાત્મક દૃષ્ટિથી વિચારતાં આત્માના મુખ્ય દસ ધર્મોમાં રહેલા ત્યાગધર્મનું સ્વશક્તિ પ્રમાણે પ્રગટ થવું તે.+ આત્મા જ્યારે પરદ્રવ્યોનો આશ્રય કરવાનું છોડી દે છે અને પોતાનાં ગુણદ્રવ્યોમાં જ ટકે છે ત્યારે તેને પરમાર્થધર્મની પ્રાપ્તિ થાય છે. 'આ હું છું", 'આ હું છું" એવી જગતના પદાર્થોમાં અહંબુદ્ધિની ભાવના તે જ અજ્ઞાન છે. અને 'હું આ જ્ઞાનદર્શનસ્વરૂપ', 'હું આ જ્ઞાતા-દ્રષ્ટા' એવી દૃષ્ટિ અને એવું સંચેતન-સંવેદન, એવી આત્મઉપયોગની જાગૃતિ, તે સાચું જ્ઞાન છે.

જેમ જેમ જ્ઞાન વર્ધમાન થાય છે તેમ તેમ સ્વસ્વરૂપનો પરિચય વધતો જાય છે અને પરવસ્તુનો પરિચય ઘટતો જાય છે. ઘનિષ્ઠપણે જ્યાં સ્વસ્વરૂપનો પરિચય થાય ત્યાં સમાધિદશા હોય છે, કારણ કે સર્વશક્તિથી, બુદ્ધિપૂર્વક જ્યારે સ્વરૂપનો પરિચય કરે ત્યારે નિર્વિકલ્પ-આત્માનુભૂતિના આનંદની દશા પ્રગટે છે. આ દશા મુખ્યપણે મુનિપણાની છે, જ્યાં અપ્રમત્ત પુરુષાર્થની મુખ્યતા છે, કવચિત્ પ્રમાદના ધક્કાથી પાછી પ્રમત્ત દશા પણ આવી જાય છે.

---

+ (अ) उत्तमक्षमामार्दवार्जवशौचसंयमतपस्त्यागाकिंचन्यब्रह्मचर्याणि धर्मः ॥—તત્વાર્થસૂત્ર, ૯/૬.

(ब) न कर्मणा न प्रजया न धनेन त्यागेनैकेन अमृतत्वमानशुः—કૈવલ્ય ઉપનિષદ.

(કર્મોથી નહિ, પ્રજાથી નહિ ધનથી નહિ, એક માત્ર ત્યાગથી જ અમરત્વની પ્રાપ્તિ થાય છે.)

આત્મપરિણામથી જેટલો અન્ય પદાર્થનો તાદાત્મ્યઅધ્યાસ નિવર્ત્યો તેને શ્રી જિન ત્યાગ કહે છે.

તે તાદાત્મ્યઅધ્યાસ નિવૃત્તિરૂપ ત્યાગ થવા અર્થે આ બાહ્ય પ્રસંગનો ત્યાગ પણ ઉપકારી છે, કાર્યકારી છે. બાહ્ય પ્રસંગના ત્યાગને અર્થે અંતર્ત્યાગ કહ્યો નથી,

---

જ્યાં સુધી જીવ લોકપ્રતિબંધ, સ્વજનપ્રતિબંધ, દેહાદિ પ્રતિબંધ કે સંકલ્પ-વિકલ્પ પ્રતિબંધોમાં રોકાઈ જાય ત્યાં સુધી તેને નિર્મળ જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકતી નથી, માટે જ્યાં આ બધાય પ્રતિબંધોનો બુદ્ધિપૂર્વક ત્યાગ કરવામાં આવે છે, ત્યાં જ્ઞાન અત્યંત નિર્મળપણે પરિણમે છે એમ શ્રીતીર્થંકર ભગવાને સ્વીકાર્યું છે.

પોતાની માન્યતા-અભિપ્રાય, પોતાનો લક્ષ અને પોતાની પ્રવૃત્તિ—આ ત્રણેયમાં પરવસ્તુને પરવસ્તુ તરીકે જ સ્વીકારવામાં આવે અને સ્વ-વસ્તુને જ સ્વ-વસ્તુ તરીકે સ્વીકારવામાં આવે ત્યારે ઉત્તમ-ત્યાગ નામનો આત્મનો મહાન ધર્મ પ્રગટે છે આવો મહાન આત્મા સર્વોત્તમ ત્યાગી છે. તેથી નીચેની કક્ષામાં, પોતપોતાની યોગ્યતા પ્રમાણે બુદ્ધિપૂર્વક પરવસ્તુઓનો જેટલો આત્મભાનપૂર્વક અપરિચય કરવામાં આવે તેટલા પ્રમાણમાં તે સાધક પણ ત્યાગી છે.

મોક્ષમાર્ગ પ્રત્યે ચાલી રહેલા મુમુક્ષુએ કે મોક્ષમાર્ગમાં આગળ વધી રહેલા જ્ઞાનીએ ત્યાગ બાબત કઈ રીતે આગળ વધવું તે વિષે શ્રીગુરુ માર્ગદર્શન અને સૂચના આપે છે. જે સાધકો પરવસ્તુમાં આત્મબુદ્ધિ થઈ જવા રૂપ મહાન દોષથી બચવા માંગતા હોય તેમણે માત્ર સામાન્ય રીતે જ નહિ પણ પ્રતિજ્ઞાપૂર્વક પરદ્રવ્યોનો ત્યાગ કરવો આવશ્યક છે. બાહ્ય પદાર્થોના ત્યાગથી તે તે વસ્તુનું તુચ્છપણું વિચારવાનો અવકાશ પ્રાપ્ત થાય છે અને આ પ્રમાણે આત્માનું વિચારબળ અને સંકલ્પબળ દૃઢ થવાનું સહેલાઈથી બની શકે છે માટે શ્રીગુરુ બાહ્યત્યાગને ઉપકારી અને કાર્યકારી તરીકે સ્વીકારે છે. યથા :—

"જ્ઞાનીપુરુષના આશ્રયમાં વિરોધ કરનારા પંચવિષયાદિ દોષો છે....એ વિરોધી સાધનનો બે પ્રકારથી ત્યાગ થઈ શકે છે; એક તે સાધનના પ્રસંગની નિવૃત્તિ, બીજો પ્રકાર વિચારથી કરી તેનું તુચ્છપણું સમજાવું.

વિચારથી કરી તુચ્છપણું સમજાવા માટે પ્રથમ તે પંચવિષયાદિના સાધનોની નિવૃત્તિ કરવી વધારે યોગ્ય છે, કેમ કે તેથી વિચારનો અવકાશ પ્રાપ્ત થાય છે.[1]

આત્મસ્વભાવના અંગરૂપ જે ઉત્તમ ત્યાગધર્મ તે કાંઈ બાહ્યત્યાગને સિદ્ધ કરવા માટે નથી (તે તો જીવનના સહજસ્વભાવરૂપ જ્ઞાનાનંદને પ્રાપ્ત કરવા માટે છે) તો

---

૧. શ્રીમદ્ રાજચંદ્ર, ૫૭૨.

એમ છે, તો પણ આ જીવે અંતર્યાગને અર્થે બાહ્ય પ્રસંગની નિવૃત્તિને કંઈ પણ ઉપકારી માનવી યોગ્ય છે.

નિત્ય છૂટવાનો વિચાર કરીએ છીએ અને જેમ તે કાર્ય તરત પતે તેમ જાપ જપીએ છીએ. જોકે એમ લાગે છે કે તે વિચાર અને જાપ હજી તથારૂપ નથી, શિથિલ છે;

---

પણ તેવો ઉત્તમ ધર્મરૂપ જે અંતર્યાગ તેની સિદ્ધિ થવા માટે બાહ્ય પ્રસંગો અને પદાર્થોના ત્યાગને ઉપકારી માનીને સાધના-પદ્ધતિમાં યથાપદવી સહર્ષ સ્વીકારવો હિતકારી છે એવો પારમેશ્વરી અનેકાંતવિદ્યામાં શ્રીગુરુઓનો ભવ્ય જીવોને ઉપદેશ છે. યથાઃ—

ગૃહ રાજ્ય પુત્ર કલત્ર મિત્રો ભ્રાત માત પિતા ભલા,
આહાર, વાહન, વસ્ત્રભૂષણ રત્ન પુરજન નિજ મળ્યાં,
ઇન્દ્રિય સુખ ક્રોધાદિ ભાવો વચન તન મનથી ત્રિધા,
તે સર્વ ચિદ્રૂપ પ્રાપ્તિ માટે પ્રાજ્ઞ ત્યાગે સર્વથા.[2]

નક્કી જશે મુજને તજી સૌ સંગ જડ ચેતન કદા,
કે સર્વ તજી મારે જવું ત્યાં પ્રીતિ મુજ શી દુઃખદા?
જે જ્ઞાન પુસ્તકથી થતું પરદ્રવ્યનું તે ત્યાજ્ય જ્યાં,
તો ત્યાજ્ય શું પરદ્રવ્ય નહિ, તત્ત્વાવલંબી હું થતાં.[3]

...."મુમુક્ષુ જીવે જે જે પ્રકારે પર-અધ્યાસ થવાયોગ્ય પદાર્થાદિનો ત્યાગ થાય તે તે પ્રકારે અવશ્ય કરવો ઘટે. જોકે આરંભપરિગ્રહનો ત્યાગ એ સ્થૂળ દેખાય છે તથાપિ અંતર્મુખવૃત્તિનો હેતુ હોવાથી વારંવાર તેનો ત્યાગ ઉપદેશ્યો છે."[4]

હવે, પોતાના જીવનમાં સર્વ પ્રકારની ઉપાધિથી રહિત થવાની જે આત્યંતિક ભાવના તેને રજૂ કરતાં આગળ કહે છે કે, વારંવાર અનેક દૃષ્ટિકોણથી વિચાર કરી કરીને ઉપાધિથી જેમ જલદી જલદી નિવૃત્ત થવાય તે માટે નિરંતર જાપ જપીએ છીએ, એટલે કે તે કાર્ય સિદ્ધ થઈ જાય એટલા માટે ધૂણી ધખાવીને પુરુષાર્થ ચાલુ કર્યો છે અને તે સિદ્ધ કરીને જ રહેવું એવો નિશ્ચય વર્તે છે. આમ સતત પુરુષાર્થ કરવા છતાં પણ તે કાર્ય સિદ્ધ નહિ થતું દેખીને અંતરમાં એમ થાય છે કે પુરુષાર્થની ઉગ્રતામાં હજુ

---

૨. તત્ત્વજ્ઞાનતરંગિણી–૧૫/૧૨-૧૩ (રા. છ. દેસાઈ કૃત ગુજરાતી પદ્યાનુવાદ)
૩. તત્ત્વજ્ઞાનતરંગિણી, ૧૫/૧ ( ,, ,, ,, ,, ,, )
૪. શ્રીમદ્ રાજચંદ્ર, ૬૫૦.

માટે અત્યંત વિચાર અને તે જાપને ઉગ્રપણે આરાધવાનો અલ્પકાળમાં યોગ કરવો ઘટે છે, એમ વર્ત્યા કરે છે.

પ્રસંગથી કેટલાંક અરસપરસ સંબંધ જેવાં વચનો આ પત્રમાં લખ્યાં છે, તે વિચારમાં સ્ફુરી આવતાં સ્વવિચારબળ વધવાને અર્થે અને તમને વાંચવા વિચારવાને અર્થે લખ્યાં છે.

---

જોઈએ તેવી બળવત્તરતા આવી નથી અને જે પણ કાંઈ શિથિલતાના અલ્પ અંશો હજુ વિદ્યમાન હોય તેમને અત્યંત મહાન પરાક્રમ વડે દૂર કરવા અને તો જ યથાયોગ્ય સમયમાં કાર્યની સિદ્ધિ થશે. કહ્યું છે કે, "શુદ્ધ આત્મજ્ઞાનના ધારક ગૃહસ્થ પણ ઘરમાં રહીને કોઈ વાર ધર્મનું સેવન કરે છે, કોઈ વાર મહાન અધર્મનું સેવન કરે છે, કોઈવાર બન્નેનું સેવન કરે છે. કહો જોઈએ, આ ગૃહવાસ સર્વ કર્મમળની શુદ્ધિ કરનારો કેવી રીતે થઈ શકે? એમ વિચારીને, નિર્મળ બુદ્ધિવાળા પુરુષોએ તેનો મનથી, વચનથી અને કાયાથી ત્યાગ કર્યો છે."[1]

"ગૃહસ્થાશ્રમી એકાંત ધર્મસાધન કરવા ઇચ્છે તોપણ તેમ ન થઈ શકે, સર્વસંગ-પરિત્યાગ જ જોઈએ."[2]

તમારી અંતર્જિજ્ઞાસાને અને યોગ્યતાને જોઈને યોગાનુયોગે સહજપણે એક-બીજાને સબંધિત એવા અને માર્ગાનુસારી જીવને મોક્ષમાર્ગ સાધવામાં અત્યંત પ્રયોજન-ભૂત બોધ દેનારાં કેટલાંક વચનો લખવાનું બન્યું છે. તમારા પ્રત્યે અમારું સહજ વાત્સલ્ય વર્તે છે તેમ જ જગતના જીવોને સન્માર્ગથી ઘણે દૂર જોઈ કોઈ વાર સહજ કરુણાના ભાવો સ્ફુરી આવે છે. તેવા વિચારભાવોને ભાષાનું રૂપ આપી અમારા આત્મામાં રહેલ તત્ત્વવિષયક જ્ઞાનને વ્યવસ્થિત કરી અવતરિત કર્યું છે જેથી સ્વ-પરને વિચારબળની વૃદ્ધિનો હેતુ થાય. વિચારદશા અને વૈરાગ્યની વૃદ્ધિ કલ્યાણનો હેતુ છે કારણ કે તે બન્નેનો વિકાસ થતાં જ કર્મઈંધનને ભસ્મ કરનારો શુદ્ધ-ધ્યાનરૂપી અગ્નિ પ્રગટીને જીવને પરમ-સમાધિભાવનો લાભ કરાવી આપે છે.

---

૧. क्वचन भजति धर्मं क्वाप्यधर्मं दुरन्तम् ।
क्वचिदुभयमनेकं शुद्धबोधोऽपि गेही ।
कथमिति गृहवासः शुद्धकारी मलानां
इति विमलमनस्कैः त्यजते स त्रिधाऽपि ॥

—તત્ત્વભાવના, ૧૧૯ આચાર્ય અમિતગતિ

૨. શ્રીમદ્ રાજચન્દ્ર, ૯૭.

જીવ, પ્રદેશ, પર્યાય તથા સંખ્યાત, અસંખ્યાત, અનંત આદિ વિષે તથા રસના વ્યાપકપણા વિષે ક્રમે કરી સમજવું યોગ્ય થશે.

તમારો અત્ર આવવાનો વિચાર છે, તથા શ્રી ડુંગર આવવાનો સંભવ છે એમ લખ્યું તે જાણ્યું છે. સત્સંગ જોગની ઇચ્છા રહ્યા કરે છે.

---

જીવ એટલે આત્મા[1]

આકાશનો તે નાનામાં નાનો અંશ, જેને અવિભાગી એક પુદ્ગલ-પરમાણુ રોકે, તેને પ્રદેશ કહે છે. તે એક પ્રદેશમાં અનેક પરમાણુઓને સમાવવાનું સામર્થ્ય હોય છે.

પર્યાય એટલે અવસ્થા. વસ્તુમાં જે નવી નવી દશા ઊપજ્યા કરે તેને પર્યાય કહે છે; જેમ કે વીંટી, હાર, એરિંગ, બંગડી વગેરે સોનાની પર્યાયો છે. દરેક વસ્તુ બદલાઈને ટકે છે, તેને 'સત્' કહેવામાં આવે છે.[2] દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ત્રિપદી અનેકાંત-સિદ્ધાંતનું હાર્દ છે.

સંખ્યાત, અસંખ્યાત અને અનંત વિષે સંક્ષિપ્તમાં એમ જાણવું કે પાંચ ઇન્દ્રિયો અને મન દ્વારા જે જાણી શકાય તે તો સંખ્યાત છે. એકદેશપ્રત્યક્ષ એવું જે અવધિ-જ્ઞાન તેના વડે જે જાણી શકાય તે તો અસંખ્ય છે અને જે માત્ર કેવળજ્ઞાન(પૂર્ણજ્ઞાન) દ્વારા જાણી શકાય તે અનંત છે.

રસના વ્યાપકપણા વિષે એમ સમજવું કે સાચો અતીન્દ્રિય આત્માનુભવનો જે રસ છે તે કાંઈ વાણી કે મનનો વિષય નથી; પરંતુ તેનો જ્ઞાપક જે આનંદ તે આખા આત્મામાં (શરીરના બધા ભાગમાં) આત્માનુભૂતિના કાળ દરમિયાન વેદાય છે. વિશેષ એમ છે કે ધ્યાન અભ્યાસમાં વિવિધ ચક્રો (કપાળ, માથું, આંખો, મુખ, નાભિ વગેરે મુખ્ય દસ છે)[3] ઉપર એકાગ્રતા કરનાર સાધકોને મુખ્યપણે તે સુધારસનું વેદન તે તે આત્મપ્રદેશોમાં વિશેષપણે થાય છે.

આ પ્રમાણે સંક્ષેપમાં જાણશો, વિશેષ તો તમારો-અમારો પ્રત્યક્ષ સમાગમ થયે સમજવાનું બની શકશે.

તમારો આ બાજુ આવવાનો વિચાર છે, તો સ્વાભાવિક જ તમારા જેવા ઉત્તમ પુરુષોના સમાગમમાં અમારું ચિત્ત વિશેષ પ્રસન્નતાને પામશે તે સહજપણે જણાવું છું. ૐ

---

૧. જુઓ છ પદ પત્રના વિવરણમાં પ્રથમ પદ 'આત્મા છે.'

૨. उत्पादव्ययध्रौव्ययुक्तम् सत् ।—તત્ત્વાર્થસૂત્ર, ૫/૩૦.

૩. શ્રીજ્ઞાનાર્ણવ, ૩૦/૧૩.

